# જૈન કર્મ વિજ્ઞાન

## (કર્મ વિપાક)

### સચિત્ર વિવેચન સહિત


વિવેચનકાર

તપસ્વીરત્ન, અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.

શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ના

આજ્ઞાનુવર્તીની

શાસનપ્રભાવિકા પ.પૂ. જયલક્ષ્મીશ્રીજી મ.સા.ના સુશિષ્યા

સા. જયદર્શિતાશ્રીજી (M.sc,Ph.D.)



પ્રકાશક

શ્રી શત્રુંજય એકેડમી

શ્રી પદ્મપ્રભસ્વામિ જિનાલય, સ્ટેશન રોડ,
ચાલીસગામ, જિ. જલગામ (મહારાષ્ટ્ર).

સુકૃતના લાભાર્થી

શ્રી શ્રુત ભક્ત પરિવાર

તપસ્વીરત્ન, અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.

શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ના સુવર્ણ વરસીતપ નિમિત્તે પ્રકાશિત

# જૈન કર્મ વિજ્ઞાન

## (કર્મ વિપાક)

### સચિત્ર વિવેચન સહિત

પ્રથમ આવૃત્તિ
વિ. સં. ૨૦૭૨
ઈ. સ. ૨૦૧૬

વિવેચન
સા. જયદર્શિતાશ્રીજી

નકલ
૧૦૦૦

સુકૃતના લાભાર્થી

શ્રી શ્રુત ભક્ત પરિવાર

પ્રકાશન એવં પ્રાપ્તિસ્થાન

શ્રી શત્રુંજય એકેડમી

શ્રી પદ્મપ્રભસ્વામિ જિનાલય, સ્ટેશન રોડ,
ચાલીસગામ, જિ. જલગામ (મહારાષ્ટ્ર).

:: મુદ્રક ::

અશોક પ્રિન્ટરી, પાલીતાણા.

# અંતરના અનુગ્રહ દાતા

## પ્રાતઃ સ્મરણીય, તપસ્વીરત્ન, અચલગચ્છાધિપતિ



## પ. પૂ. આ. ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મહારાજા



## દિવ્ય કૃપા વર્ષા

આગમ અભ્યાસી...
સિદ્ધાચલ સ્નેહી...
નવકારમંત્રારાધિકા...
બાલ બ્રહ્મચારી..

**પ.પૂ. મુક્તિશ્રીજી મ.સા.**



પલ-પલ સ્મરણીય...
શાસન પ્રભાવિકા
જ્ઞાનારાધના પ્રેરીકા...

**પ.પૂ. જયલક્ષ્મીશ્રીજી મ.સા.**



## મંગલમય પ્રેરણા

શાંત સ્વભાવી...
સૌમ્ય મૂર્તિ...

**પ.પૂ. ગુણલક્ષ્મીશ્રીજી મ.સા.**

# સહજભાવે સમર્પણ

કર્મ રમતના જે મહા જ્ઞાતા છે...

કર્મ વિપાકના પીંઢ અનુભવી છે...

કર્મ સત્તા સામે યુદ્ધે ચઢેલા મહા લડવૈયા છે...

કર્મ સામે જેમણે તપની તલવાર ઉગામી છે...

સુવર્ણ ૫૦ વરસીતપથી કર્મરાજા ધ્રુજી ઉઠ્યા છે...

એવા

તપસ્વી સમ્રાટ - અચલગચ્છાધિપતિ

પ.પૂ.આ.ભ.

## શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ના

કરકમળમાં

સહજભાવે સમર્પણ

સા. જયદર્શિતાશ્રીજી

# કહું એક વાતલડી

ચાર ગતિ... ચોર્યાસી લાખ જીવાયોનિમાં...
અનાદિ કાળથી આપણે રખડતા રહ્યા...
આગળ પણ રખડતા રહીશું...
ક્યાં સુધી ?
જ્યાં સુધી જિન વચનની પ્રાપ્તિ નહીં થાય ત્યાં સુધી
આજે આપણા પુણ્ય જાગ્યા... જિનશાસન મળ્યું...
જિન વચનના ખજાના સમાન ૪૫ આગમ મળ્યા...
જીવ-વિચાર-નવતત્વ-દંડક-સંગ્રહણીનો અલ્પ પરિચય કર્યો.
હવે 'કર્મ વિજ્ઞાન'ને સમજવાનો સુઅવસર પ્રાપ્ત થયો છે.

કર્મ શું છે ? કર્મ કેવા છે ?

કર્મ કેટલા પ્રકારના છે ? આત્માના ગુણને કેવી રીતે આવરણ કરે છે ? કર્મ બંધાય કેવી રીતે ? એના કેવા વિપાક ફળ ભોગવવા પડે છે ? એનો સંક્ષિપ્ત પરિચય અહીં પ્રથમ કર્મગ્રંથ 'કર્મ વિપાક' ના આધારે અહીં કરવામાં આવ્યો છે.

કર્મને જાણી... આપણા જીવનમાં ચાલતી એની રમતને ઓળખી... કર્મ વિજેતા બનવા ભાગ્યશાળી બનીએ એ જ અભિલાષા.

તપસ્વીરત્ન, અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.
**શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.**ના
**સુવર્ણ વરસીતપના સ્વર્ણિમ અવસરે આ ૨૨ મું પુષ્પ** પ્રકાશિત
કરતા હર્ષની લાગણી અનુભવીએ છીએ.

સરળ ભાષામાં **'કર્મ વિપાક'**નો પરિચય કરાવતાં
ક્યાંય જિનાજ્ઞા વિરૂદ્ધ લખાયું હોય તો
ત્રિવિધે ત્રિવિધે મિચ્છામિ દુક્કડં.

સા. જયદર્શિતાશ્રીજી.

## સુકૃતના લાભાર્થી

# શ્રુત ભક્ત પરિવાર

# કર્મ વિજ્ઞાન

આપણે જે વિશ્વમાં રહીએ છીએ, આ વિશ્વનું અવલોકન કરો. શું દેખાય છે તમને ?

આ વિશ્વ અનેકાનેક ચિત્ર-વિચિત્ર વ્યક્તિ અને વસ્તુઓનો ભંડાર છે.

કોઇ સુખી છે... કોઇ દુઃખી છે...

કોઇ રાજા છે... કોઇ રંક છે...

કોઇ મહેલમાં છે... કોઇ જેલમાં છે...

કોઇ રૂપવાન છે... કોઇ કુરુપ છે...

કોઇ નિરોગી છે... કોઇ રોગોથી પીડિત છે...

વધારે શું કહીએ ? એક જ માતા-પિતાના બે સંતાનમાં પણ સમાનતા નથી. એક બુદ્ધિશાળી છે તો એક મંદબુદ્ધિનો છે. એક સમૃદ્ધ છે તો એક દરિદ્રતાનો અવતાર છે. એક આસ્તિક છે તો બીજો નાસ્તિક છે.

આ અને આના જેવી અનેકાનેક બાબતોની વિચિત્રતાનો જવાબ આપણી પાસે નથી. વિશ્વના મહાપુરુષોએ વિશ્વની આવી વિચિત્રતાઓના રહસ્યને સમજવાનો પુરુષાર્થ કર્યો છે. હિંદુસ્તાનના ચાર્વાક સિવાયના સર્વ દર્શનોએ વિશ્વની સર્વ ઘટનાઓની પાછળ કાર્ય કરતા અદશ્ય **કર્મસત્તા**નો સ્વીકાર કર્યો છે.

ન્યાય અને વૈશેષિક દર્શનકારો કર્મને **'ધર્મ-અધર્મ'** રૂપે માને છે.

વેદાંત દર્શનકારો કર્મને **''અવિદ્યા''** રૂપે માને છે...

સાંખ્ય દર્શનકારો કર્મને **''પ્રકૃતિ''** રૂપે માને છે...

બૌદ્ધ દર્શનકારો કર્મને **''વાસના''** રૂપે માને છે...

જૈન દર્શનમાં કર્મને કેવા પ્રકારે જણાવ્યું છે ? જાણવું છે ?

આવો ! જાણવા પ્રયત્ન કરીએ.

## કર્મ શું છે ?

જૈન દર્શનમાં ષડ્દ્રવ્યમય જગત કહેવાયું છે. વિશ્વમાં છ દ્રવ્ય છે જેમાં એક પુદ્‌ગલાસ્તિકાય છે. પુદ્‌ગલાસ્તિકાય વર્ણ, ગંધ, રસ, અને સ્પર્શ સહિત છે, અને તેના સ્કંધ - દેશ - પ્રદેશ - પરમાણું એવા ચાર ભેદ છે. સમાન પ્રદેશોના બનેલા સ્કંધ સમુહને વર્ગણા કહેવાય છે. આવી અનંતાનંત વર્ગણાઓ આ વિશ્વમાં રહેલી છે. આ અનંતાનંત વર્ગણાઓમાં કેવળ આઠ વર્ગણાઓ એવી છે જેને જીવ ગ્રહણ કરી શકે છે. નીચે જણાવેલી આઠ વર્ગણાઓ ક્રમસર વધુ ને વધુ પ્રદેશોની બનેલી છે અને તે વધુને વધુ સૂક્ષ્મ છે.

(૧) મનુષ્ય તેમજ તિર્યંચોના ઔદારિક શરીર નિર્માણમાં ઉપયોગી થાય તેવા પુદ્‌ગલોને **ઔદારિક વર્ગણા** કહેવાય છે.

(૨) દેવ - મનુષ્ય કે તિર્યંચોના વૈક્રિય શરીર નિર્માણમાં ઉપયોગી થાય તેવા પુદ્ગલોને **વૈક્રિય વર્ગણા** કહેવાય છે.

(૩) આહારક લબ્ધિધારી... ૧૪ પૂર્વધારી મુનિઓ દ્વારા નિર્માણ થતા આહારક શરીર રચનામાં ઉપયોગી થાય તેવા પુદ્ગલોને **આહારક વર્ગણા** કહેવાય છે.

(૪) આપણે વાપરેલા આહારની પાચન ક્રિયા કરનાર એવા તૈજસ શરીર રચનામાં ઉપયોગી પુદ્ગલોને **તૈજસ વર્ગણા** કહેવાય છે.

(૫) જીવોને ભાષાના ઉચ્ચારણમાં ઉપયોગી થાય તે પુદ્ગલોને **ભાષા વર્ગણા** કહેવાય છે.

(૬) જીવોને શ્વાસોશ્વાસ લેવા મૂકવામાં ઉપયોગી થાય તે પુદ્ગલોને **શ્વાસોશ્વાસ વર્ગણા** કહેવાય છે.

(૭) જીવોને ચિંતન-મનનમાં ઉપયોગી થાય તે પુદ્ગલોને **મનોવર્ગણા** કહેવાય છે.

(૮) આત્માની સાથે કર્મરૂપે જોડાણ બંધ થવામાં ઉપયોગી થાય તે પુદ્ગલોને **કાર્મણ વર્ગણા** કહેવાય છે.

પ્રથમ ચાર વર્ગણાના સ્કંધોનો સમુહ આપણી આંખોથી જોઇ શકાય એવો દૃશ્ય હોવાથી બાદર પરિણામી કહેવાય છે.

છેલ્લા ચાર વર્ગણાના સ્કંધોના સમુહ આપણી આંખોથી જોઇ શકાતા નથી તે અદૃશ્ય હોવાથી સૂક્ષ્મ પરિણામી કહેવાય છે.

આ આઠે આઠ વર્ગણાઓ ચૌદ રાજલોકમાં ઠાંસી-ઠાંસીને ભરેલી છે... પુદ્ગલ સ્વરૂપ અજીવ છે... વર્ણ ગંધ રસ સ્પર્શ સહિત છે.

કાર્મણ વર્ગણા અત્યંત સૂક્ષ્મ-અદૃશ્ય-સર્વત્ર છે. જ્યારે આત્માની સાથે જોડાય ત્યારે કર્મરૂપે બને છે.

## કાર્મણ વર્ગણા કર્મ કેમ બને ?

આપણા વસ્ત્ર પાણીથી ભીના કે તેલની ચીકાસ વાળા હોય અને વાતાવરણમાં ધૂળની ડમરી ઉડે તો હવામાં રહેલી ધૂળની ઝીણી રજ આપણા વસ્ત્ર ઉપર ચોંટી જાય અને વસ્ત્રને મલીન બનાવે એ જ પ્રકારે આત્મામાં રાગ-દ્વેષના પરિણામની ભીનાશ કે ચીકાશ હોય તો વાતાવરણમાં રહેલી કાર્મણ વર્ગણા આત્મા ઉપર ચોંટી જાય અને આત્માને મલીન બનાવે. કાર્મણ વર્ગણાનું આત્મા તરફ ખેંચાવું અને આત્મા સાથે જોડાવું તે કર્મબંધ છે. આત્મા સાથે જોડાયેલી કર્મરજ (કાર્મણ વર્ગણા) કર્મ બને છે. હવે કર્મ કહેવાય છે.

કર્મની સામાન્ય જાણકારી મેળવ્યા પછી હવે આપણે **''કર્મ વિપાક''**નામના શ્રીમદ્ દેવેન્દ્રસૂરિ રચિત પ્રથમ કર્મગ્રંથને જાણવા -સમજવાનો પ્રયત્ન ગાથા - અર્થ અને વિવેચન દ્વારા કરીશું.

**सिरि-वीर-जिणं वंदिअ, कम्म विवांग समासओ वुच्छं ।**
**कीरइ - जीएण हेऊहिं, जेणं तो भन्नए ''कम्मं'' ॥१॥**

**ગાથાર્થ –** શ્રી મહાવીરસ્વામીને વંદન કરી ''કર્મ વિપાક''નામનો ગ્રંથ હું સંક્ષેપથી કહેવાનો છું. જીવ વડે હેતુઓ દ્વારા જે કરાય છે તે કારણથી તે કર્મ કહેવાય છે.

પરમ ઉપકારી... ચરમ તીર્થપતિ... શાસનપતિ શ્રી મહાવીરસ્વામીને વંદન કરીને ગ્રંથનું મંગલાચરણ કરે છે. કોઇ પણ કાર્યનો પ્રારંભ મંગલાચરણથી થાય છે જેથી કાર્ય નિર્વિઘ્ને થાય. મંગલાચરણ કરીને પોતે ગ્રંથમાં શું વિષય લેવાનો છે એ જણાવતાં કહે છે કે – ''સંક્ષેપથી કર્મ વિપાકને કહીશ.'' કર્મ એટલે શું ? હવે આપણે જાણીએ છીએ. એના વિપાક એટલે ફળ. કર્મ કેવા કેવા જુદા જુદા પ્રકારના છે અને તે કેવા કેવા ફળ આપે છે ? એનું વર્ણન આ ગ્રંથમાં કરવામાં આવ્યું છે. તેથી જ આ ગ્રંથ **''કર્મ વિપાક''** નામે ઓળખાય છે. આ પહેલો કર્મગ્રંથ છે.

ગાથાના અર્ધા ભાગમાં હવે કર્મની વ્યાખ્યા જણાવતાં કહે છે – **''હેતુઓ વડે આત્મા દ્વારા જે કરાય તે કર્મ વિપાક કહેવાય છે.''**

અહીં પ્રશ્ન થાય કે – હેતુઓ વડે એટલે શું ?

કર્મબંધના હેતુઓ – કારણો છે. આત્મા ક્યા ક્યા હેતુઓ કે કારણો વડે કર્મ બાંધે છે ? એ જણાવતાં મુખ્ય ચાર કારણો બતાવાયા છે –

(૧) મિથ્યાત્વ (૨) અવિરતિ (૩) કષાય અને (૪) યોગ.

મિથ્યાત્વ એટલે ખોટી માન્યતાઓ, ભ્રામક કલ્પનાઓ. એનાથી વ્યક્તિ વસ્તુના સાચા સ્વરૂપને ન જાણી શકે.

અવિરતિ એટલે વ્રત – નિયમ – પચ્ચક્ખાણ વિનાનું જીવન, જેમાં હિંસા-અસત્ય-ચોરી-અબ્રહ્મ અને પરિગ્રહ વગેરેના કારણે સતત કર્મબંધ ચાલુ રહે છે.

કષ એટલે સંસાર અને આય એટલે આવક.

જેનાથી સંસારની આવક કે વૃદ્ધિ થાય તે કષાય છે. એમાં ક્રોધ-માન-માયા લોભ વગેરેનો સમાવેશ થાય છે.

યોગ એટલે મન-વચન-કાયાની પ્રવૃત્તિ.

આ ચાર પ્રકારની આત્મ પ્રવૃત્તિથી સતત કર્મબંધ થયા કરે છે. કર્મબંધનને અટકાવવા આ પ્રકારની પ્રવૃત્તિ ઉપર વિજય મેળવવો આવશ્યક છે.

पयइ - ठिइ - रस - पएसा, तं चउहा मोअगस्स दिट्ठंता ।
मूल पगइट्ठ - उत्तर, पगइ अडवन्न सयभेयं ॥२॥

**ગાથાર્થ –** મૂળ પ્રકૃતિએ આઠ અને ઉત્તર પ્રકૃતિએ એકસો અઠ્ઠાવન ભેદોવાળું તે કર્મ પ્રકૃતિ, સ્થિતિ, રસ અને પ્રદેશને આશ્રયીને લાડુના દૃષ્ટાંતથી ચાર પ્રકારે છે.

આત્મા જ્યારે જ્યારે ક્રોધ–માન–અસત્ય–ચોરી વિગેરે ભાવવાળો બને છે ત્યારે તે કાર્મણ વર્ગણાને પોતાની તરફ ખેંચે છે. તે કાર્મણ વર્ગણા આત્મા સાથે ક્ષીર–નીર કે લોહાગ્નિની જેમ એકમેક થઇ જઇને કર્મસ્વરૂપે ચોંટે છે ત્યારે એક સાથે ચાર વસ્તુઓ નક્કી થાય છે.

(૧) કર્મનો સ્વભાવ તે **પ્રકૃતિ બંધ.**

(૨) કર્મના કાળનું માપ તે **સ્થિતિ બંધ.**

(૩) કર્મ પુદ્‌ગલના શુભ–અશુભ રસનું તીવ્ર–મંદપણું તે **અનુભાગ બંધ.**

(૪) કર્મ પુદ્‌ગલનાં દળિયાનું માન તે **પ્રદેશ બંધ.**

## મોદકના દૃષ્ટાંતથી ચાર પ્રકારનો કર્મબંધ

### (૧) પ્રકૃતિબંધ



પ્રકૃતિ બંધ

મોદક જુદા – જુદા પ્રકારના હોય છે અને તેની અસર શરીર ઉપર જુદી જુદી થાય છે. સુંઠ – મેથી વિગેરેના મોદક સ્વભાવથી વાતને ટાળે છે... કેટલાક મોદક પિત્તને ટાળે... દૂર કરે છે... કેટલાક લાડવા સ્વભાવથી કફને દૂર કરે છે...

તેવી જ રીતે બંધાતું કર્મ પણ આત્માના કોઇને કોઇ ગુણને ઢાંકે છે... આવરણ કરે છે... તે કર્મના સ્વભાવને **પ્રકૃતિબંધ** કહેવાય છે

### (૨) સ્થિતિ બંધ

મોદક જુદા – જદા પ્રકારના હોય છે, તેમ તે સારા રહેવાનો કાળ પણ જુદો જુદો હોય છે. ચુરમાના મોદક એક જ દિવસ સારા રહે... બુંદિના મોદક અઠવાડીયા સુધી સારા રહે... શિયાળામાં અડદિયા પાક – સાલમ પાક વગેરે મહિના સુધી સારા રહે... તેવી રીતે કર્મ બંધાય એ જ ક્ષણે આ કર્મ આત્મા સાથે કેટલા સમય સુધી રહેશે એ નક્કી થાય છે. કોઇ કર્મ ૨ વરસ, ૫ વરસ, ૪ મહિના, ૧૦ દિવસ આત્મા સાથે રહે તો

કોઇ કર્મ પલ્યોપમ અને સાગરોપમ સુધી રહે છે. એવી રીતે કર્મનો આત્માની સાથે રહેવાના કાળ - સમય તેને **સ્થિતિબંધ** કહેવાય છે.

## (૩) રસ બંધ



રસ બંધ

મોદકમાં ગળપણ હોવાથી સામાન્ય રીતે મોદક મીઠા (ગળ્યા) જ હોય. પરંતુ એ ગળપણમાં પણ વિવિધતા હોય. મેથીના મોદકમાં કડવાશ હોય. એ કડવાશમાં પણ વિવિધતા હોય. તેમ આત્માની સાથે જોડાતા શુભ કે અશુભ કર્મનાં રસમાં તરતમતા હોય. કર્મબંધ વખતે રસમાં મંદતા... તીવ્રતા... તીવ્રતરતા... અને તીવ્રતમતા જોવા મળે છે જેને **રસબંધ** કહેવામાં આવે છે.

## (૪) પ્રદેશ બંધ

મોદકનાં આકારમાં વિવિધતા જોવા મળે. નાના મોદક... (ઓછા કણોવાળો)... મધ્યમ મોદક... તથા મોટા મોદક હોય, જેનું વજન ભિન્ન-ભિન્ન હોય. એના કણ ઓછા વધુ હોય. તેવી રીતે કર્મ બાંધતી વખતે યોગ અનુસાર આત્મા ઓછા - વધુ કર્મદલિકોના સમુહને આત્મા સાથે જોડે છે તેને **પ્રદેશબંધ** કહેવાય છે.



પ્રદેશ બંધ

જેવી રીતે લાડવા બનાવતી વખતે જ એનો સ્વભાવ, સ્થિતિ, રસ અને પ્રદેશ નક્કી થઇ જાય છે તેમજ કર્મબંધ વખતે જ આ ચાર વસ્તુઓ આપણા ભાવાનુસાર નક્કી થઇ જાય છે.

કર્મ બંધના ચાર પ્રકાર સમજાવ્યા પછી હવે પ્રથમ પ્રકૃતિબંધને વિશેષથી જણાવે છે.

## કર્મ પ્રકૃતિ

કર્મની મૂળ પ્રકૃતિ આઠ છે ઉત્તર પ્રકૃતિ એકસો અઠ્ઠાવન છે.

**इह नाण दंसणावरण - वेय - मोहाउ - नाम - गोआणि ।**
**विग्घं च पण-नव-दु-अट्ठवीस-चउ-तिसय-दुपण विहं ।।३।।**

**ગાથાર્થ -** અહીં પાંચ - નવ - બે અઠ્ઠાવીસ - ચાર - એકસો ત્રણ - બે અને પાંચ ભેદોવાળા જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય, મોહનીય, આયુષ્ય, નામ, ગોત્ર અને અંતરાય કર્મ છે.

કર્મની પ્રકૃતિ અસંખ્યાતિ છે. પરંતુ શુદ્ધાત્માના (સિદ્ધાત્માના) આઠ ગુણ હોવાથી તેમને આવરનાર આઠ કર્મ પ્રકૃતિ મુખ્ય છે. તેના ઉત્તર ભેદ ૧૫૮ છે.

વિશેષાવબોધરૂપ જ્ઞાનને આવરે તે **જ્ઞાનાવરણીય કર્મ.**

સામાન્યવબોધરૂપ દર્શનને આવરે તે **દર્શનાવરણીય કર્મ.**

સાતા-અસાતા રૂપે વેદવું પડે અને આત્માના અવ્યાબાધ સ્વરૂપ ને આવરે તે **વેદનીય કર્મ.**

સમ્યક્ત્વ અને સ. ચારિત્ર થકી મુંઝવે - વિકળ કરે અને આત્માના અનંત ચારિત્રના ગુણને આવરે તે **મોહનીય કર્મ.**

બીજા ભવમાં લઇ જાય અને આત્માની અક્ષયસ્થિતિને આવરે તે **આયુષ્ય કર્મ.**

શરીર-ઇન્દ્રિય-રૂપ-રંગ વગેરે આપનાર તથા આત્માના અરૂપી ગુણને આવરે તે **નામ કર્મ.**

આત્માને સારા - ખરાબ કુળમાં જન્માવે તથા આત્માના અગુરુલઘુ ગુણને આવરે તે **ગોત્ર કર્મ.**

સર્વ સામગ્રી હોવા છતાં દાનાદિક લબ્ધિનો અંતરાય કરે અને આત્માના અનંતવીર્ય ગુણને આવરે તે **અંતરાય કર્મ.**

આઠ મૂળ કર્મના નામ જણાવ્યા પછી હવે એમની ઉત્તર પ્રકૃતિની સંખ્યા જણાવે છે.

જ્ઞાનાવરણીય કર્મના **૦૫** ભેદ છે.
દર્શનાવરણીય કર્મના **૦૯** ભેદ છે.
વેદનીય કર્મના **૦૨** ભેદ છે.
મોહનીય કર્મના **૨૮** ભેદ છે.
નામ કર્મના **૧૦૩** ભેદ છે.
ગોત્ર કર્મના **૦૨** ભેદ છે.
અંતરાય કર્મના **૦૫** ભેદ છે.
કુલ **૧૫૮** ભેદ છે.



## કર્મોનો ઉપન્યાસ ક્રમ

અહિં કર્મોનો જે ક્રમ આપવામાં આવ્યો છે તે શાસ્ત્રોક્ત છે. આ ક્રમ એમને એમ આપવામાં નથી આવ્યો પરંતુ એની પાછળ સવિશેષ કારણ રહેલું છે. આપણે એને જાણવાનો પ્રયત્ન કરીશું.

આત્માના અનંત ગુણ છે પરંતુ આ બધામાં જ્ઞાન-દર્શન મુખ્ય છે. જ્ઞાન - દર્શનમાં પણ જ્ઞાન ગુણ મુખ્ય છે. જ્ઞાનને આવરે તે જ્ઞાનાવરણીય કર્મ હોવાથી જ્ઞાનાવરણીય કર્મ પહેલું રાખ્યું છે.

જ્ઞાન પછી દર્શન ગુણ આવતો હોવાથી તેને આવરનાર દર્શનાવરણીય કર્મ બીજા ક્રમે રાખવામાં આવેલ છે.

જ્ઞાનાવરણીય અને દર્શનાવરણીય કર્મોના ઉદયમાં જીવ સુખ-દુઃખનું વેદન કરે છે તેથી ત્રીજા ક્રમે વેદનીય કર્મ રાખવામાં આવેલ છે.

જીવને જ્યારે સુખ-દુઃખનું કે શાતા-અશાતાનું વેદન થાય ત્યારે જીવને રતિ-અરતિ અને રાગ-દ્વેષ થાય છે. તેથી ચોથા નંબરે મોહનીય કર્મ રાખવામાં આવેલ છે.

મોહથી મુંઝાયેલો જીવ રાગ-દ્વેષ - કષાય અને આરંભ-સમારંભના કારણે તિર્યંચ - નરકાદિનું આયુષ્ય બાંધે તેથી પાંચમા ક્રમે આયુષ્ય કર્મ રાખવામાં આવ્યું છે.

આયુષ્ય કર્મના ઉદયમાં ગતિ-જાતિ-શરીરાદિની પ્રાપ્તિ થતી હોવાથી સાથે નામ કર્મનો ઉદય આવતો હોય છે. તેથી છઠ્ઠા ક્રમે નામકર્મ રાખવામાં આવ્યું છે.

જ્યાં શરીરાદિની પ્રાપ્તિ થાય ત્યાં અવશ્ય ઉચ્ચ અને નીચ ગોત્ર હોય જ તેથી સાતમા ક્રમે ગોત્ર કર્મ રાખવામાં આવેલ છે.

ઉંચ-નીચ ગોત્રના ઉદયે દાન-લાભાદિનો ઉદય કે વિનાશ થાય છે તેથી આઠમા ક્રમે અંતરાય કર્મ રાખવામાં આવ્યું છે.

એવી રીતે આઠ કર્મોના ઉપન્યાસનો ક્રમ હેતુ સહિત છે. હેતુ વિના કર્મની ગોઠવણ જેમ તેમ કરવામાં આવી નથી.

## જ્ઞાનાવરણીય કર્મ

मइ-सुअ-ओही-मण-केवलाणि नाणाणि तत्थ-मइ-नाणं ।
वंजण-वग्गह चउहा मण नयण - विणिंदिय - चउक्का ।।૪।।

**ગાથાર્થ** – મતિ, શ્રુત, અવધિ, મનપર્યવ અને કેવળજ્ઞાનો છે. તેમાં મતિજ્ઞાન મન અને આંખ વિના ચાર ઈન્દ્રિયોને આશ્રયીને વ્યંજનાવગ્રહ ચાર પ્રકારે છે.

અહીં પ્રથમ જ્ઞાનના મુખ્ય પાંચ ભેદ જણાવે છે –

(૧) ઈન્દ્રિયો અને મનથી માનીએ – જાણીએ તે **મતિજ્ઞાન** છે.

(૨) સાંભળી કરીને જે જાણીએ તે **શ્રુતજ્ઞાન** છે.

(૩) અવધિ એટલે મર્યાદા, મર્યાદામાં રહેલા રૂપી પદાર્થોને જાણવું તે **અવધિજ્ઞાન** છે.

(૪) મનમાં ચિંતવેલા અર્થને જાણવું તે **મનઃપર્યવજ્ઞાન** છે.

(૫) અખંડપણે લોકાલોકનું તથા રૂપી–અરૂપી સર્વ દ્રવ્યનું તથા જીવાજીવના સર્વ પર્યાયનું સમકાળે જાણવું તે **કેવળજ્ઞાન** છે.

આ પાંચ જ્ઞાનના ભેદમાં પ્રથમ બે જ્ઞાન ઈન્દ્રિયાદિની સહાયથી થાય છે માટે તે પરોક્ષ જ્ઞાન છે અને છેલ્લા ત્રણ જ્ઞાન આત્માથી જ થતા હોવાથી પ્રત્યક્ષજ્ઞાન છે.

## મતિજ્ઞાન

મતિજ્ઞાનના અઠ્યાવીસ (૨૮) ભેદ છે.

ઈન્દ્રિયોને પ્રાપ્ત વિષયપદાર્થોનું અવ્યક્ત પણે જાણવું તે **વ્યંજનાવગ્રહ** કહેવાય છે.

પાંચ ઈન્દ્રિય અને છઠ્ઠા મન એ માંથી ચક્ષુ અને મનના વિષય અપ્રાપ્યકારી છે તેથી તેનો વ્યંજનાવગ્રહ ન હોય.

(ઝાડ ચક્ષુ દ્વારા જોઇ શકાય છે પરંતુ ઝાડના પુદ્ગલો ચક્ષુને સ્પર્શતા નથી. મનથી બધા પ્રકારના વિચાર કરી શકીએ પરંતુ એ પદાર્થો મનને સ્પર્શતા નથી. પ્રાપ્ત થતા નથી.)

**अत्थुग्गह - ईहा- ऽवाय-धारणा करण - माणसेहिं छ-हा ।**
**इय अट्ठ - वीस-भेअं, चउ - दस - हा - वीस - हा व सुयं ॥५॥**

**ગાથાર્થ** – ઈન્દ્રિયો અને મન વડે કરીને અર્થાવગ્રહ ઈહા, અપાય, ધારણા છ પ્રકારે છે. એવી રીતે મતિજ્ઞાન અઠ્યાવીસ ભેદે છે.

શ્રુતજ્ઞાન ચૌદ અથવા વીસ ભેદે છે.

વ્યંજનાવગ્રહ દ્વારા અવ્યક્ત બોધ થયા પછી – ઈન્દ્રિયોને વિષયપ્રાપ્ત પદાર્થનું સામાન્ય પણે જાણવું તે **અર્થાવગ્રહ** છે.

આ શું હશે ? એમ વિચારવું તે **ઈહા.**

તેનું નિર્ધારવું (નિશ્ચિત કરવુ) તે **અપાય.**

તે ધારી રાખવું (યાદ રાખવું) તે **ધારણા.**

આવી રીતે વ્યંજનાવગ્રહના ૪ ભેદ.

અર્થાવગ્રહના ૬ ભેદ.

ઈહાના ૬ ભેદ.

અપાયના ૬ ભેદ

ધારણાના ૬ ભેદ

**કુલ મતિજ્ઞાનના ૨૮ ભેદ થાય છે.**

## મતિજ્ઞાનના ૨૮ ભેદ (અ) શ્રોતેન્દ્રિય

૧. તમે કાંઈક અવ્યક્ત અવાજ (શબ્દો) સાંભળ્યો.

ભાષા વર્ગણાના પુદ્‌ગલ તમારા કાનમાં પ્રવેશીને શ્રોતેંદ્રિયને સ્પર્શ્યા ત્યારે તમને જે અતિ અવ્યક્ત જ્ઞાન થયું તે **શ્રોતેંદ્રિયનો વ્યંજનાવગ્રહ.**

૨. તે પછી 'કોઈએ મને સાદ દીધો' એવું અવ્યક્ત જ્ઞાન તે **શ્રોતેંદ્રિયનો અર્થાવગ્રહ.**

૩. 'આ તો કોઈ સ્ત્રીનો અવાજ જણાય છે' એવી વિચારણા કરવી તે **શ્રોતેંદ્રિય ઈહા.**

૪. આ તો સ્મિતા મને બોલાવે છે એવો નિશ્ચય થાય તે **શ્રોતેન્દ્રિય અપાય.**

૫. તે પછી એ વાતને ઘણા સમય સુધી ધારી રાખે તે **શ્રોતેન્દ્રિય ધારણા.**

## (આ) ચક્ષુરિન્દ્રિય

રૂપના પુદ્‌ગલ અપ્રાપ્યકારી હોવાથી ચક્ષુને સ્પર્શ કરતા નથી તેથી ચક્ષુરિન્દ્રિયનો વ્યંજનાવગ્રહ ન હોય.

૬. તમે કોઈ અવ્યક્ત રૂપ જોયું.

રૂપ જોતાં જ પ્રથમ સમયે જે અવ્યક્ત જ્ઞાન થયું તે **ચક્ષુરિન્દ્રિયનો અર્થાવગ્રહ.**

૭. આ ઝાડ છે કે કોઈ માણસ છે ? એવી વિચારણા તે **ચક્ષુરિન્દ્રિય ઈહા.**

૮. આ તો સ્થિર છે... હાલતું ચાલતું નથી માટે આ ઝાડ જ છે એવું જ્ઞાન તે **ચક્ષુરિન્દ્રિય અપાય.**

૯. તે પછી તેને ધારી રાખવું તે **ચક્ષુરિન્દ્રિય ધારણા.**

## (ઈ) ઘ્રાણેન્દ્રિય

તમને કોઈ અવ્યક્ત ગંધ આવી.

૧૦. તે ગંધના પુદ્‌ગલો ઘ્રાણેન્દ્રિયને સ્પર્શ્યા ત્યારે તમને જે અવ્યક્ત જ્ઞાન થયું તે **ઘ્રાણેન્દ્રિયનો વ્યંજનાવગ્રહ.**

૧૧. તે પછી કાંઇક સુગંધ આવે છે એવું અવ્યક્તજ્ઞાન તે **ઘ્રાણેન્દ્રિયનો અર્થાવગ્રહ.**

૧૨. આ ગુલાબની સુગંધ છે કે કેવડાની ? એવી વિચારણા તે **ઘ્રાણેન્દ્રિય ઇહા.**

૧૩. આ તો ગુલાબની જ સુગંધ છે એવો નિશ્ચય થવો તે **ઘ્રાણેન્દ્રિય અપાય.**

૧૪. તે પછી તેને ધારી રાખવું તે **ઘ્રાણેન્દ્રિય ધારણા.**

## (ઈ) રસનેન્દ્રિય

તમે કોઇ અવ્યક્ત રસ આસ્વાદ્યો.

૧૫. તે રસના પુદ્‌ગલ રસનેન્દ્રિયને સ્પર્શ્યા તે સમયે અતિ અવ્યક્ત પણે જે રસનું જ્ઞાન થયું તે **રસનેન્દ્રિય વ્યંજનાવગ્રહ.**

૧૬. તે પછી 'કાંઇક સ્વાદ જણાય છે' એવું અવ્યક્ત જ્ઞાન તે **રસનેન્દ્રિયનો અર્થાવગ્રહ.**

૧૭. આ ગોળ છે કે ખાંડ છે ? આવી વિચારણા તે **રસનેન્દ્રિય ઇહા.**

૧૮. આ ગોળ નથી ખાંડ જ છે એવો નિશ્ચય તે **રસનેન્દ્રિય અપાય.**

૧૯. એ પછી તેને ધારી રાખવું તે **રસનેન્દ્રિય ધારણા.**

## (ઉ) સ્પર્શેન્દ્રિય

તમે અવ્યક્તપણે કોઇ સ્પર્શ વેદ્યો.

૨૦. તે સ્પર્શના પુદ્‌ગલ તમારા સ્પર્શેન્દ્રિયને સ્પર્શ્યો તે સમયે સ્પર્શનું જે અતિ અવ્યક્ત જ્ઞાન થયું તે **સ્પર્શેન્દ્રિય વ્યંજનાવગ્રહ.**

૨૧. તે પછી 'મારા શરીરને કાંઇક સ્પર્શ થયો' એવું અવ્યક્ત જ્ઞાન તે **સ્પર્શેન્દ્રિય અર્થાવગ્રહ.**

૨૨. 'આ સાપ છે કે દોરડું' એવી વિચારણા તે **સ્પર્શેન્દ્રિય ઇહા.**

૨૩. 'આ તો દોરડું નથી પણ સાપ જ છે' એવો નિશ્ચય તે **સ્પર્શેન્દ્રિય અપાય.**

૨૪. આ વાતને ધારી રાખવી તે **સ્પર્શેન્દ્રિય ધારણા.**

## (ઊ) મન

તમે અવ્યક્ત સ્વપ્ન જોઇને જાગ્યા.

સ્વપ્નમાં કોઇ વસ્તુ બને તેના પુદ્‌ગલ મનને સ્પર્શતા નથી તેમજ મન જે ચિંતન-વિચારણા કરે ત્યારે કોઇ વસ્તુ-વ્યક્તિના કોઇ પુદ્‌ગલ મનને સ્પર્શતા નથી તેથી મનનો વ્યંજનાવગ્રહ ન હોય.

૨૫. ચિંતન કરતા પ્રથમ સમયે જીવનું જે અવ્યક્ત જ્ઞાન તે **મનનો અર્થાવગ્રહ.**

૨૬. એ સ્વપ્નમાં મેં શું જોયું ? તેની વિચારણા તે **મન ઈહા.**

૨૭. એ તો 'મેં સ્વપ્નમાં મંદિર જ જોયું.' એવો નિશ્ચય તે **મન અપાય.**

૨૮. તે વાતને ધારી રાખવી તે **મન ધારણા.**

(આ મતિજ્ઞાનના ૨૮ ભેદ નંદીસૂત્રના આધારે કહ્યા છે.)

## શ્રુત જ્ઞાન

**अक्खर - सन्नि - सम्मं, साइअं खलु सपज्जवसिअं च ।**
**गमिअं अंगपविट्ठं, सत्तवि ए ए सपडिवक्खा ॥६॥**

**ગાથાર્થ** - અક્ષરશ્રુત, સંજ્ઞીશ્રુત, સમ્યક્શ્રુત, સાદિશ્રુત, સપર્યવસિત શ્રુત, ગમિક શ્રુત અને અંગપ્રવિષ્ઠ શ્રુત એમ આ સાત ભેદો તેના પ્રતિપક્ષ ભેદો સહિત કુલ ૧૪ શ્રુતજ્ઞાનના ભેદો જાણવા.

શ્રુતજ્ઞાનના ચૌદ ભેદ નીચે મુજબ છે -

| | | |
|---|---|---|
| ૧. અક્ષર શ્રુત | ૬. મિથ્યા શ્રુત | ૧૧. ગમિક શ્રુત |
| ૨.અનક્ષર શ્રુત | ૭. સાદિ શ્રુત | ૧૨. અગમિક શ્રુત |
| ૩. સંજ્ઞિ શ્રુત | ૮. અનાદિ શ્રુત | ૧૩. અંગ પ્રવિષ્ઠ શ્રુત |
| ૪. અસંજ્ઞિ શ્રુત | ૯. સપર્યવસિત શ્રુત | અને ૧૪. અંગબાહ્ય શ્રુત. |
| ૫. સમ્યક્ શ્રુત | ૧૦. અપર્યવસિત શ્રુત | |

**૧. અક્ષર શ્રુત -**

અક્ષર શ્રુતના ૩ પ્રકાર છે -

(૧) સંજ્ઞાક્ષર (૨) વ્યંજનાક્ષર અને (૩) લબ્ધ્યક્ષર.

**સંજ્ઞાક્ષર** એટલે અઢાર પ્રકારની લીપી - અક્ષરના આકાર જાણવા.

**વ્યંજનાક્ષર** એટલે અકારાદિ હ કાર પર્યંત બાવન અક્ષર મુખથી ઉચ્ચારવા.

આ બે અજ્ઞાનાત્મક છે પરંતુ શ્રુતના કારણ હોવાથી શ્રુત કહેવાય છે.

શબ્દો સાંભળીને અથવા લખેલા અક્ષર વાંચીને હૃદયમાં થતો અર્થબોધ તે **લબ્ધ્યક્ષર** શ્રુત કહેવાય છે.

**૨. અનક્ષર શ્રુત -**

અક્ષરોના ઉચ્ચારણ વિના મસ્તક હલાવી, હાથ હલાવી, ઈશારાથી, ઉધરસ, તાળી, ખોંખારો

ખાવો, આંખના ઇશારે અથવા એવી બીજી ચેષ્ટાઓ દ્વારા જે બોધ થાય તે અનક્ષર શ્રુત કહેવાય છે.

**૩-૪. સંજ્ઞી શ્રુત - અસંજ્ઞી શ્રુત**

સંજ્ઞા ૩ છે - (૧) દીર્ઘકાલિકી સંજ્ઞા (૨) હેતુવાદોપદેશિકી સંજ્ઞા અને (૩) દૃષ્ટિવાદોપદેશિકી સંજ્ઞા.

આ ત્રણમાંથી દીર્ઘકાલિકી સંજ્ઞા જે જીવોને હોય છે તે જીવો સંજ્ઞી કહેવાય છે બાકીના જીવો અસંજ્ઞી કહેવાય છે.

દીર્ઘકાળની વિચારણા એટલે ભૂત-ભવિષ્યનો વિચાર કરીને પછી જ કાર્યમાં પ્રવૃત્તિ કરે એને દીર્ઘકાલિકી સંજ્ઞા કહેવાય છે. આ સંજ્ઞાવાળા ગર્ભજ પંચેન્દ્રિય તિર્યંચ, મનુષ્ય, દેવ અને નારકી જાણવા.

જ્યાં માત્ર વર્તમાન કાળનો જ વિચાર છે... આગળ-પાછળની વિચારણા નથી તે હેતુવાદોપદેશિકી સંજ્ઞા છે. આ સંજ્ઞા વિકલેન્દ્રિય અને સમૂચ્છિંમ પંચેન્દ્રિય તિર્યંચ-મનુષ્યને હોય છે.

વીતરાગ પરમાત્માના આગમ અભ્યાસથી મોક્ષના ભાવથી આત્માના હિતની વિચારણા તે દૃષ્ટિવાદોપદેશિકી સંજ્ઞા છે. તે ૪ થી ૧૨ મા ગુણસ્થાનકમાં વર્તતા સમ્યગ્દૃષ્ટિ જીવોને જ હોય છે.

સંજ્ઞી જીવોનું શ્રુત તે **સંજ્ઞી શ્રુત.**

અસંજ્ઞી જીવોનું શ્રુત તે **અસંજ્ઞી શ્રુત.**

**૫-૬ સમ્યક્ શ્રુત - મિથ્યાશ્રુત -**

સમ્યગ્દૃષ્ટિ પ્રણીત અને મિથ્યાદૃષ્ટિ પ્રણીત પરંતુ સમ્યગ્દૃષ્ટિ પાસે રહેલું શ્રુત તે **સમ્યક્શ્રુત** કહેવાય છે.

મિથ્યાદૃષ્ટિ પાસે રહેલું શ્રુત તે મિથ્યાશ્રુત કહેવાય છે.

**૭-૮-૯-૧૦ સાદિ-અનાદિ તથા સપર્યવસિત - અપર્યવસિત શ્રુત -**

જે શ્રુતજ્ઞાનનો પ્રારંભ થાય તે **સાદિ શ્રુતજ્ઞાન.**

જે શ્રુતજ્ઞાનનો પ્રારંભ ન હોય તે **અનાદિ શ્રુતજ્ઞાન.**

જે શ્રુતજ્ઞાનનો અંત થાય તે **પર્યવસિત શ્રુતજ્ઞાન.**

જે શ્રુતજ્ઞાનનો અંત ન હોય તે **અપર્યવસિત શ્રુતજ્ઞાન.**

આ ચાર ભાંગા ચાર પ્રકારે (દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ) વિચારી શકાય છે.

(૧) **દ્રવ્યથી -** એક પુરુષને આશ્રયીને શ્રુતનો પ્રારંભ પણ થાય અને મૃત્યુ વિસ્મૃતી આદિના કારણે અંત પણ થાય તેથી તે **સાદિ-સપર્યવસિત** છે.

ઘણા પુરુષોને આશ્રયીને શ્રુતનો પ્રવાહ ચાલતો જ આવે છે તેથી પ્રારંભ નથી અને એનો અંત પણ

નથી તેથી તે **અનાદિ - અપર્યવસિત** છે.

(૨) **ક્ષેત્રથી** - ભરત-ઐરાવત ક્ષેત્રમાં શ્રુતનો પ્રારંભ પણ છે અને અંત પણ છે તેથી ત્યાં **સાદિ-સપર્યવસિત** છે.

મહાવિદેહ ક્ષેત્રમાં સદાકાળ શ્રુતજ્ઞાન છે જ. એનો પ્રારંભ પણ નથી અને એનો અંત પણ નથી તેથી તે **અનાદિ અપર્યવસિત** છે.

(૩) **કાળથી -** ઉત્સર્પિણી - અવસર્પિણી આશ્રયીને ભરત-ઐરાવત ક્ષેત્રમાં પ્રારંભ પણ છે અને અને અંત પણ છે તેથી **સાદિ-સપર્યવાસિત** છે.

નો-ઉત્સર્પિણી - અવસર્પિણી આશ્રયીને મહાવિદેહ ક્ષેત્રમાં આરંભ પણ નથી અને અંત પણ નથી. સદાકાળ શ્રુતજ્ઞાન છે જ. તેથી **અનાદિ - અપર્યવસિત** છે.

(૪) **ભાવથી -** સમ્યગ્દષ્ટિ ભવ્ય જીવ આશ્રયી શ્રુતની આદિ પણ છે અને (કેવળજ્ઞાન પ્રાપ્ત થતાં) અંત પણ છે. તેથી ભવસિદ્ધિયા આશ્રયીને **સાદિ-સપર્યવસિત** છે.

ક્ષાયોપશમિક ભાવે અથવા મિથ્યાદૃષ્ટિ અભવ્યને શ્રુતનો પ્રારંભ પણ નથી અને અંત પણ નથી તેથી તેમને આશ્રયીને **અનાદિ - અપર્યવસિત** છે.

૧૧. **ગમિક શ્રુત -** ગમા એટલે સરખા પાઠ. જ્યાં (પ્રાયઃ) દૃષ્ટિવાદમાં સરખા પાઠ અથવા આલાવા આવે તે **ગમિક શ્રુત** છે.

૧૨. **અગમિક શ્રુત -** અગમા એટલે અણસરખા પાઠ. જ્યાં અણસરખા પાઠ અથવા આલાવા હોય તે **અગમિક શ્રુત** છે.

૧૩. **અંગપ્રવિષ્ઠ શ્રુત -** અરિહંત પરમાત્મા કેવળજ્ઞાન પછી દેશના આપે તે સાંભળી ગણધર ભગવંત દ્વાદશાંગીની (૧૨ અંગની) રચના કરે છે. તે અંગમાં સમાવેશ પામેલું શ્રુત **અંગપ્રવિષ્ઠ શ્રુત** છે.

૧૪. **અંગબાહ્ય શ્રુત** - ગણધર ભગવંત પછી સ્થવિર આચાર્યોનું રચેલું જે શ્રુત તે **અંગબાહ્ય શ્રુત** છે.

## શ્રુતજ્ઞાનના ૨૦ ભેદ

**पज्जय-अक्खर-पय-संघाया पडिवत्ती तह य अणुओगो ।**
**पाहुड - पाहुड - पाहुड - वत्थू पुव्वा य स समासा ।।७।।**

**ગાથાર્થ -** સમાસ સહિત પર્યાય, અક્ષર, પદ સંઘાત, પ્રતિપત્તિ, અનુયોગ, પ્રાભૃત-પ્રાભૃત, પ્રાભૃત, વસ્તુ અને પૂર્વો (એમ શ્રુતના ૨૦ ભેદો થાય છે.)

| | |
|---|---|
| **૧. પર્યાય શ્રુત** | **૨. પર્યાયસમાસ શ્રુત** |
| **૩. અક્ષર શ્રુત** | **૪. અક્ષર સમાસ શ્રુત** |
| **૫. પદ શ્રુત** | **૬. પદ સમાસ શ્રુત** |
| **૭. સંઘાત શ્રુત** | **૮. સંઘાત સમાસ શ્રુત** |
| **૯. પ્રતિપાત્તિ શ્રુત** | **૧૦. પ્રતિપત્તિ સમાસ શ્રુત** |
| **૧૧. અનુયોગ શ્રુત** | **૧૨. અનુયોગ સમાસ શ્રુત** |
| **૧૩. પ્રાભૃત પ્રાભૃત શ્રુત** | **૧૪. પ્રાભૃત - પ્રાભૃત સમાસ શ્રુત** |
| **૧૫. પ્રાભૃત શ્રુત** | **૧૬. પ્રાભૃત સમાસ શ્રુત** |
| **૧૭. વસ્તુ શ્રુત** | **૧૮. વસ્તુ સમાસ શ્રુત** |
| **૧૯. પૂર્વ શ્રુત અને** | **૨૦. પૂર્વ સમાસ શ્રુત** |

શ્રુતજ્ઞાનનો સૂક્ષ્માતી સૂક્ષ્મ અવિભાજ્ય અંશ તેને પર્યાય કહેવાય.

લબ્ધિ અપર્યાપ્તા સૂક્ષ્મ નિગોદિયા જીવનું જે જઘન્ય શ્રુતજ્ઞાન તેથી અન્ય જીવને વિષે એક પર્યાય વધે તે **પર્યાય શ્રુત** કહેવાય.

જઘન્ય શ્રુત જ્ઞાન વાળા જીવથી ૨ - ૩ - ૮ - ૧૦ કે અધિક પર્યાયનું જ્ઞાન તે **પર્યાય સમાસ શ્રુત** કહેવાય.

'અ'કારાદિક લબ્ધ્યક્ષર તે **અક્ષર શ્રુત** કહેવાય.

બે-ત્રણ કે અધિક અક્ષરનું જ્ઞાન તે **અક્ષર સમાસ શ્રુત** કહેવાય.

સામાન્યથી એમ કહેવાય છે કે 'જ્યાં અર્થ પૂર્ણ થાય તે પદ' અથવા 'વિભક્તિ જેને અંતે હોય તે પદ'

**अर्थपरिसमात्थि: पदम्। विभक्त्यन्तं पदम्।**

પરંતુ અહિં બન્ને અર્થ લેવાના નથી. આચારાંગ સૂત્રનું માન ૧૮૦૦૦ (અઢાર હજાર) પદ કહેવાયું છે. તે 'પદ' અહિં લેવાનું છે.

એવા એક પદનું જ્ઞાન તે **પદશ્રુત.**

એવા ઘણા પદોનું જ્ઞાન તે **પદસમાસ શ્રુત.**

તત્વોની વિચારણા કરવા પાડેલા દ્વારો (વિભાગ) તેને માર્ગણા કહેવાય. મૂળ માર્ગણા ૧૪ છે. તેના ઉત્તર ભેદ ૬૨ છે.

કોઇ પણ તત્વની એક માર્ગણાના એક ઉત્તર ભેદનું જ્ઞાન તે **સંઘાત શ્રુત.**

એકથી વધારે પરંતુ માર્ગણાના ઉત્તરભેદો કરતાં એક ભેદ ઓછું જ્ઞાન તે **સંઘાત સમાસ શ્રુત.**

ચૌદ માર્ગણામાંથી એક સંપૂર્ણ માર્ગણાનું જ્ઞાન તે **પ્રતિપત્તિશ્રુત.**

બે કે બે થી વધુ માર્ગણાનું જ્ઞાન તે **પ્રતિપતિ સમાસ શ્રુત.**

**संत-पद-परुणवया ।** સત્પદ પ્રરૂપણા, દ્રવ્ય પ્રમાણ વગેરે અનુયોગ કહેવાય. જેથી વસ્તુ કે તત્વની સૂક્ષ્મ વિચારણા થઇ શકે.

એવા એક અનુયોગનું જ્ઞાન તે **અનુયોગ શ્રુત.**

એવા એકથી અધિક અનુયોગનું જ્ઞાન તે **અનુયોગ સમાસ શ્રુત.**

દ્વાદશાંગીમાં ૧૨ અંગ છે. બારમું અંગ દૃષ્ટિવાદ છે. દૃષ્ટિવાદમાં પાંચ મુખ્ય અધિકાર છે - (૧) પરિકમી (૨) સૂત્ર (૩) પૂર્વાનુયોગ (૪) પૂર્વગત અને (૫) ચૂલિકા.

ચોથા પૂર્વગત અધિકારમાં ૧૪ પૂર્વનો સમાવેશ થાય છે.

એક-એક પૂર્વમાં જુદા જુદા ૧૪-૧૪ અધિકાર છે એ એક એક અધિકારને **વસ્તુ** કહેવાય છે.

એક-એક વસ્તુમાં જુદા જુદા ૨૦ અધિકાર હોય છે. તે એક-એક અધિકારને **પ્રાભૃત** કહેવાય છે.

એક એક પ્રાભૃતમાં ૨૦-૨૦ નાના પેટા ભેદ છે તેમાં જુદા - જુદા વિષયોની ચર્ચા છે તે એક-એક નાના ભેદને **પ્રાભૃત-પ્રાભૃત** કહેવાય છે.

એક પ્રાભૃત-પ્રાભૃતનું જ્ઞાન તે **પ્રાભૃત-પ્રાભૃત શ્રુત.**

બે થી ઓગણીસ પ્રાભૃત - પ્રાભૃતનું જ્ઞાન તે **પ્રાભૃત - પ્રાભૃત સમાસ શ્રુત.**

એક પ્રાભૃતનું જ્ઞાન તે **પ્રાભૃત શ્રુત.**

બે થી ઓગણીસ પ્રાભૃતનું જ્ઞાન તે **પ્રાભૃત સમાસ શ્રુત.**

એક વસ્તુનું જ્ઞાન તે **વસ્તુ શ્રુત.**

બે થી તેર વસ્તુનું જ્ઞાન તે **વસ્તુ સમાસ શ્રુત.**

એક પૂર્વનું જ્ઞાન તે **પૂર્વ શ્રુત.**

બે થી ચૌદ પૂર્વનું જ્ઞાન તે **પૂર્વ સમાસ શ્રુત.**

## અવધિજ્ઞાનાદિના ભેદ

**अणुगामि-वड्ढमाणय - पडिवाइ - इयर विहा छ हा ओही ।**
**रिउ - मइ विउल-मई, मण-नाणं केवलमिग - विहाणं ॥८॥**

**ગાથાર્થ –** અનુગામી, વર્ધમાનક અને પ્રતિપાતી અને વિરુદ્ધ પ્રકારે એમ છ પ્રકારે અવધિજ્ઞાન, ઋજુમતિ, વિપુલમતિ મનઃપર્યવજ્ઞાન છે. અને કેવળજ્ઞાન એક પ્રકારે છે.

## અવધિજ્ઞાન

અવધિજ્ઞાન એટલે મર્યાદામાં રહેલા રૂપી પદાર્થોનો બોધ કરાવનારું જ્ઞાન. અવધિજ્ઞાનના બે ભેદ છે –

**(૧) ભવપ્રત્યયિક :** દેવતા અને નારકને હોય. અનુગામી, અપ્રતિપાતિ અને અવસ્થિત હોય બાકીના ન હોય.

**(૨) ગુણપ્રત્યયિક :** મનુષ્ય અને તિર્યંચને હોય. છ પ્રકારે હોય.

**(૧) અનુગામી અવધિજ્ઞાન :** જ્યાં અવધિજ્ઞાન ઉત્પન્ન થયું હોય ત્યાંથી બીજી જગ્યાએ જાય તો ચક્ષુની જેમ (અવધિજ્ઞાન) સાથે આવે. તે **અનુગામી.**

**(૨) અનનુગામી અવધિજ્ઞાન :** જ્યાં અવધિજ્ઞાન ઉત્પન્ન થયું હોય ત્યાં આવે ત્યારે જ હોય, બીજે જાય ત્યારે સાથે ન આવે તે **અનનુગામી.** અહીં ક્ષેત્રપ્રત્યયી ક્ષયોપશમ છે. આ અવધિજ્ઞાન શૃંખલાથી બંધાયેલા દીપક સમાન છે.

**(૩) વર્ધમાન અવધિજ્ઞાન :** વધુને વધુ બળતણ નાંખવાથી અગ્નિ વધે તમે આત્માના અધ્યવસાય વધુને વધુ શુદ્ધ થતાં સમયે સમયે અવધિજ્ઞાન વધે. ઉત્પન્ન થાય ત્યારે અંગુલના અસંખ્યાતમાં ભાગ ક્ષેત્રને જાણે... વધતાં વધતાં અલોકમાં લોક જેટલા અસંખ્ય ખંડુક દેખે. સમયે સમયે વધે તે **વર્ધમાન.**

**(૪) હિયમાન અવધિજ્ઞાન :** ઉત્પન્ન થાય ત્યારે શુભ પરિણામના કારણે ઘણું હોય પછી પડતા પરિણામે સમયે સમયે ઘટતું જાય તે **હિયમાન.**

(૫) **પ્રતિપાતી અવધિજ્ઞાન :** સંખ્યાતા – અસંખ્યાતા યોજન,ઉત્કૃષ્ટથી સંપૂર્ણ લોકને દેખીને પણ પડે. આવેલું અવધિજ્ઞાન જાય તે **પ્રતિપાતી અવધિજ્ઞાન.**

**(૬) અપ્રતિપાતી અવધિજ્ઞાન :** સંપૂર્ણ લોકને દેખે... અલોકનો એક પ્રદેશ દેખે અને આવેલું અવધિજ્ઞાન જાય નહીં તે **અપ્રતિપાતી અવધિજ્ઞાન.**

ધીરે ધીરે ઘટતું જાય તે હિયમાન... એક સાથે ચાલ્યું જાય તે પ્રતિપાતી જાણવું.

વિભંગજ્ઞાન મિથ્યાત્વીને હોય તેથી તે મલીન છે. ભાવથી અવળું સવળું જાણે દેખે. પરંતુ તે અવધિજ્ઞાનનો જ પ્રકાર છે.

## મનઃપર્યવજ્ઞાન

અઢી દ્વિપમાં રહેલા સંજ્ઞી પંચેન્દ્રિય જીવના મનના ભાવોને જાણે તે **મનઃપર્યવજ્ઞાન** કહેવાય.

મનઃપર્યવજ્ઞાનના બે ભેદ છે –

(૧) ઋજુમતિ (૨) વિપુલમતિ.

**ઋજુમતિ :** સામાન્યપણે મનના અધ્યવસાયને જાણે તે **ઋજુમતિ મનઃપર્યવજ્ઞાન** કહેવાય. દા.ત. આ બેને ઘડો ચિંતવ્યો છે.

**વિપુલમતિ :** વિશેષપણે મનના અધ્યવસાયને જાણે તે **વિપુલમતિ મનઃપર્યવજ્ઞાન** કહેવાય. દા.ત. આ બેને લાલ, માટીનો, અમદાવાદી ઘડો ચિંતવ્યો છે.

## કેવળજ્ઞાન

લોકાલોકમાં રહેલા સર્વ પદાર્થો જે જ્ઞાનથી જણાય તે **કેવળજ્ઞાન** કહેવાય.

કેવળજ્ઞાન એક જ પ્રકારે છે.

કેવળજ્ઞાનને શાસ્ત્રમાં શુદ્ધ, સકલ, અસાધારણ, અનંત, નિર્વ્યાઘાત અને એક પણ કહેવામાં આવ્યું છે.

(૧) **केवलं शुद्धम् तदावरणापगमात् ।** કર્મના આવરણો સર્વથા દૂર થઇ ગયા છે એટલે શુદ્ધ.

(૨) **सकलं वा केवलम्, तत्प्रथमतयैव नि:शेष - तदावरणविगमत: संपूर्णोत्पत्ते: ।** ઉત્પન્ન થતાં જ સઘળું જાણે એટલે **સકલ.**

(૩) **असाधारणं वा केवलम्, अनन्यसद्दशत्वात् ।** એના સમાન બીજું કોઇ જ્ઞાન નથી એટલે **અસાધારણ.**

(૪) **अनन्तं वा केवलम् ज्ञेयाऽनन्तत्वाद्, अनन्तकालावस्थायित्वाद्वा ।** અનંત વસ્તુ જણાવે છે અને અનંતકાળ રહેનાર છે એટલે **અનંત.**

(૫) **निर्व्याघातं वा केवलम्, लोकेऽलोके वा प्रसत्तौ व्याघाताभावात् ।** વ્યાઘાત વિનાનું એટલે આંતરા વિનાનું છે એટલે **નિર્વ્યાઘાત.**

(૬) **तथा, केवलम् - एकम्, मत्यादिचतुष्करहितत्वात् ।** મતિ વગેરે ચાર જ્ઞાન રહિત છે એટલે એક.

કેવળજ્ઞાન ક્ષાયિક ભાવનું છે. મતિ વગેરે ચાર જ્ઞાન ક્ષાયોપશમિક ભાવના છે તેથી કેવળજ્ઞાનીને ચાર જ્ઞાન ન હોય. એક જ કેવળજ્ઞાન હોય છે.




एसिं जं आवरणं पडुव्व चक्खुस्स तं तयाऽऽवरणं ।
दंसण -चउ पण - निद्दा वित्ति समं दंसणाऽऽवरणं ॥९॥

**ગાથાર્થ** – ચક્ષુના પાટાની જેમ એ જ્ઞાનોનું જે આચ્છાદન તે તે આવરણ કર્મ છે.

ચાર દર્શન અને પાંચ નિદ્રા છે. દર્શનાવરણીય કર્મ પ્રાતિહારી જેવું જ્ઞાનાવરણીય કર્મ આંખે બાંધેલા પાટા જેવું છે.

મતિજ્ઞાનને ઢાંકે તે અથવા આવરણ કરે તે **મતિજ્ઞાનાવરણીય કર્મ.**

શ્રુતજ્ઞાનને ઢાંકે તે અથવા આવરણ કરે તે **શ્રુતજ્ઞાનાવરણીય કર્મ.**

અવધિજ્ઞાનને ઢાંકે તે અથવા આવરણ કરે તે **અવધિજ્ઞાનાવરણીય કર્મ.**

મનઃપર્યવજ્ઞાનને ઢાંકે તે અથવા આવરણ કરે તે **મનઃપર્યવજ્ઞાનાવરણીય કર્મ.**

કેવલજ્ઞાનને ઢાંકે તે અથવા આવરણ કરે તે **કેવલજ્ઞાનાવરણીય કર્મ.**

## દર્શનાવરણીય કર્મ

દર્શનાવરણીય કર્મના નવ ભેદ છે – ચાર દર્શનના આવરણ અને પાંચ નિદ્રા.

આ દર્શનાવરણીય કર્મ પ્રતિહારી એટલે દ્વારપાળ જેવું છે. દ્વારપાળે અટકાવ્યો વ્યક્તિ જેમ રાજાના દર્શન ન પામે તેમ દર્શનાવરણીય કર્મથી આવરેલી વ્યક્તિ જેવું છે તેવું પદાર્થનું દર્શન ન પામે. (વસ્તુના

સાચા સ્વરૂપને ન સમજે.)

चक्खु-दिट्ठि-अचक्खु-सेसिंदिअ-ओहि केवलेहिं च ।
दंसणमिह सामन्नं तस्सा - ऽ वरणं तयं चउ - हा ॥१०॥

**ગાથાર્થ -** ચક્ષુ (આંખ), અચક્ષુ (બાકીની ઈન્દ્રિયો), અવધિ અને કેવળ વડે સામાન્ય જ્ઞાન તે અહીં દર્શન. તેનું જે આવરણ તે ચાર પ્રકારે છે.

(૧) ચક્ષુ એટલે આંખથી જોવું તે ચક્ષુદર્શન કહેવાય.

(૨) બાકી ચાર ઈન્દ્રિય અને મન કરી જોવું તે અચક્ષુદર્શન કહેવાય.

(૩) અવધિદર્શન-અવધિજ્ઞાનની પૂર્વે થતો રૂપી દ્રવ્ય વિષયી સામાન્ય બોધ તે અવધિદર્શન કહેવાય.

(૪) કેવળદર્શન - લોકાલોકના સર્વભાવ વિષયક સામાન્ય બોધતે કેવળદર્શન કહેવાય. (સામાન્યોપયોગ તે સામાન્યપણે જોવું તે દર્શન કહેવાય. વિશેષોપયોગ તે વિશેષપણે જાણવું તે જ્ઞાન કહેવાય.)

છદ્મસ્થ જીવોને પ્રથમ દર્શનોપયોગ હોય પછી જ્ઞાનોપયોગ હોય છે. જ્યારે કેવળજ્ઞાનીને પ્રથમ જ્ઞાનોપયોગ હોય પછી દર્શનોપયોગ હોય છે.

ચક્ષુદર્શનને આવરે તે **ચક્ષુદર્શનાવરણીય કર્મ.**

અચક્ષુદર્શનને આવરે તે **અચક્ષુદર્શનાવરણીય કર્મ.**

અવધિદર્શનને આવરે તે **અવધિદર્શનાવરણીય કર્મ.**

કેવળદર્શનને આવરે તે **કેવળદર્શનાવરણીય કર્મ.**

એકેન્દ્રિય, બેઈન્દ્રિય, તેઈન્દ્રિયને મૂળથી ચક્ષુ હોય જ નહિ તે ચક્ષુદર્શનાવરણીય કર્મના ઉદયથી.

ચઉરિન્દ્રિય અને પંચેન્દ્રિયને ચક્ષુ હોય પણ અંધકારમાં ન દેખાય - ઓછું દેખાય - ચક્ષુ તેજહિન બને આ બધામાં ચક્ષુદર્શનાવરણીય કર્મનો ઉદય જ કામ કરે છે.

પંચેન્દ્રિયને પાંચે પાંચ ઈન્દ્રિય પૂર્ણ હોય... છતાં એમાં ક્યાંક અધુરાશ હોય.. હીન હોય જેથી મુંગા-બહેરા થાય તે અચક્ષુદર્શનાવરણીય કર્મનો ઉદય કહેવાય.

અવધિદર્શન કે કેવલદર્શનની પ્રાપ્તિ ન થાય તેમાં અવધિદર્શનાવરણીય અને કેવલદર્શનાવરણીય કર્મનો ઉદય કામ કરે છે.

અવધિદર્શનાવરણીય - કેવલદર્શનાવરણીય કર્મ છે તો મનઃપર્યવદર્શનાવરણીય કેમ નહિં ? એવો પ્રશ્ન સહજ છે. પરંતુ શાસ્ત્રો અનુસાર મનઃપર્યવજ્ઞાનમાં જે ગ્રહણ કરાય છે તે વિશેષોપયોગ જ છે ત્યાં સામાન્યોપયોગ ન હોવાથી દર્શન નથી જ્ઞાન જ હોય છે.

## પાંચ નિદ્રા

**सुह-पडिबोहा निद्दा, निद्दा-निद्दाय दुक्ख - पडिबोहा ।**
**पयला ठिओवविट्ठस्स पयल-पयला उ चंकमओ ॥११॥**

**ગાથાર્થ** - જેમાં સહેલાઇથી જાગી શકાય તે નિદ્રા, મુશ્કેલીથી જાગી શકાય તે નિદ્રાનિદ્રા, ઉભા રહેલા કે બેઠલાને આવે તે પ્રચલા અને ચાલતાંને આવે તે પ્રચલા-પ્રચલા.

સહજતાથી... જરાક અવાજ થતાં જ સહેલાઇથી જાગી જાય તે **નિદ્રા** કહેવાય.

ઘણું જ જગાડ્યા પછી પણ દુઃખે કરીને જાગે તે **નિદ્રાનિદ્રા** કહેવાય.

ઉભા-ઉભા કે બેઠાં બેઠાં ઉંઘ કરે તે **પ્રચલા** કહેવાય.

પ્રચલાથી પણ ગાઢ, ચાલતા ચાલતા પણ ઉંઘે તે **પ્રચલા-પ્રચલા** કહેવાય.

આપણી નિદ્રા કેવી છે ?

કોઇના પગરવ થાય અને સુખે જાગી જઇએ ?

ઢોલ-નગારા વાગે તો પણ ખબર ન પડે ?
















પ્રચલા

સામાયિકમાં માળા ગણતાં કે વ્યાખ્યાન સાંભળતા ઉંઘ કરી લઇએ ?

પૂજાની કે બસના લાઇનમાં ઉભા ઉભા ઝોકું ખાઇ લઇએ ?

ઉંઘમાં ચાલવાની કે ચાલતા ચાલતા ઉંઘ કરવાની ટેવ નથીને ?

ઉંઘ અને આળસ વધાર્યા વધે અને ઘટાડ્યા ઘટે. આપણો પ્રયાસ ઉંઘ ઘટાડવાનો કે વધારવાનો ? વધારે ઉંઘ કરવાથી પણ દર્શનાવરણીય કર્મ બંધાય છે.

હવે પાંચમી ભયાનક નિદ્રા જણાવે છે –

**दिण चिंतिअत्थ करणी थीणद्धी अद्ध-चक्की अद्ध बला ।**
**महु लित्त खग्ग धारा लिहणं व दु हा उ वेअणिअं ।।१२।।**

**ગાથાર્થ –** અર્ધ ચક્રવર્તીના અરધા બળવાળી થિણદ્ધિ નિદ્રા દિવસે વિચારેલું કામ કરાવે છે.

મધથી લીંપાયેલી તલવારની ધાર ચાટવા જેવું બે પ્રકારે વેદનીય કર્મ છે.

દિવસમાં કોઇ કાર્ય ચિંતવેલ હોય એને કરવાની પોતાની શક્તિ ન હોય. અશક્ય જણાતું હોય તે કાર્ય રાતે ઉંઘમાં કરે છતાં જાગે નહીં. વજ્રઋષભ નારાચ સંઘયણ વાળાને આ નિદ્રા હોય ત્યારે અર્ધ ચક્રવર્તી કરતા અડધું બળ હોય છે.

છે વઠ્ઠા સંઘયણ વાળાને પણ બમણું...ત્રમણું બળ વધે છે.

આવી નિદ્રાવાળો જીવ પ્રાયઃ નરકમાં જાય છે.

સુખે જાગી શકાય તેવી નિદ્રા લાવી દર્શનશક્તિને ઢાંકનાર કર્મ તે **નિદ્રા દર્શનાવરણીય કર્મ.**

મુશ્કેલીથી જાગી શકાય તેવી ઘણી નિદ્રા લાવી ખુલ્લી રહેલી દર્શનશક્તિને ઢાંકનાર કર્મ તે **નિદ્રા નિદ્રા દર્શનાવરણીય કર્મ.**

ઉભા કે બેઠા ઉંઘ આવી જાય એવી રીતે ખુલ્લી રહેલી દર્શનશક્તિને ઢાંકનાર કર્મ તે **પ્રચલા દર્શનાવરણીય કર્મ.**

ચાલતાં ચાલતાં ઉંઘ આવી જાય એવી રીતે ખુલ્લી રહેલી દર્શનશક્તિને ઢાંકનાર કર્મ તે **પ્રચલા-પ્રચલા દર્શનાવરણીય કર્મ.**

દિવસે ચિંતવેલુ કાર્ય ઉંઘમાં કરી નાંખવા છતાં જાગી ન શકે એવી રીતે ખુલ્લી રહેલી દર્શનશક્તિને ઢાંકનાર કર્મ તે **થિણદ્ધિ દર્શનાવરણીય કર્મ.**

## વેદનીય કર્મ

મધથી ખરડાયેલી તલવારને ચાટવા સમાન વેદનીય કર્મ છે. તલવારને ચાટતાં પ્રથમ મધનો સ્વાદ આવે ત્યાં સુધી જીવ સુખ અનુભવે પરંતુ જ્યારે જીભ કપાય ત્યારે જીવ દુ:ખ અનુભવે છે તેવી જ રીતે ઈન્દ્રિયોના ભોગો ભોગવતાં જીવ સુખને અનુભવે પરંતુ એના વિરહ અથવા વિપાકમાં દુ:ખ અનુભવે છે.

પાંચે ઈન્દ્રિયોના મનગમતા વિષયોના ઉપભોગથી એક જાતના સુખનો અનુભવ મનાવનાર કર્મ તે **સાતા વેદનીય કર્મ.**

પાંચે ઈન્દ્રિયોના મનગમતા વિષયોના વિરહમાં અને ઈન્દ્રિયોના અણગમતા વિષયોના સંયોગથી એક પ્રકારના દુ:ખનો - કંટાળાનો અનુભવ મનાવનાર કર્મ તે **અસાતા વેદનીય કર્મ.**

**ओसन्नं सुर - मणुए, सायम - सायं तु तिरिअ - निरएसु ।**
**मज्जं व मोहणीअं, दु विहं दंसण - चरण मोहा ॥१३॥**

**ગાથાર્થ -** પ્રાય: કરીને દેવ અને મનુષ્યોમાં સાતા અને નારક અને તિર્યંચોમાં અસાતા હોય છે.

દર્શનમોહ અને ચારિત્ર મોહની અપેક્ષાએ બે પ્રકારે મદિરા જેવું મોહનીય કર્મ છે.

પ્રાય: કરીને દેવ-મનુષ્યને શાતા કહી છતાં એકાંત નથી દેવલોકમાં પણ ઈર્ષ્યા આદિના કારણે દુ:ખ છે. મનુષ્ય ભવમાં પણ રોગ-શોક-ગર્ભવેદના-જન્મ-મૃત્યુ આદિમાં અશાતા છે.

નારક અને તિર્યંચને દુ:ખ-અશાતા હોવા છતા જિનેશ્વર પરમાત્માના કલ્યાણકોમાં સાતા હોય છે. તિર્યંચો પણ ગાડીમાં ફરતા અને સુખ ભોગવતાં જોવા મળે છે જ્યાં તે સાતા અનુભવે છે.

પરંતુ દેવ-મનુષ્યને સાતા વધુ - અશાતા ઓછી સંભવે.

નારક-તિર્યંચને અસાતા વધુ-સાતા ઓછી સંભવે.

## મોહનીય કર્મ

મોહનીય કર્મને કર્માધિરાજ... કર્મનો રાજા કહેવામાં આવ્યું છે. આ મોહનીય કર્મ મદિરા પાન સમાન છે.

કોઈ વ્યક્તિ મદિરા પાન કરે એટલે એના ઉપર મદિરાનો નશો છવાઈ જાય. આવી વ્યક્તિ શું કરવા જેવું ? શું ન કરવા જેવું ? એનો વિવેક ગુમાવી બેસે છે. ન બોલવાનું બોલે... ન કરવાનું કરે. આ જીવની ઉપર જ્યારે મોહનો નશો છવાઈ જાય છે ત્યારે એ પણ ધાર્મિક કે અધ્યાત્મિક વિવેક ગુમાવી બેસે છે.

આત્માના હિતને વિસારીને સંસારિક ભોગમય પ્રવૃત્તિમાં લીન બને છે.

જીવને મુંઝાવે... વિવેકથી વિકળ કરે તે **મોહનીય કર્મ** છે.

આ મોહનીય કર્મના બે પ્રકારે છે –

(૧) દર્શન મોહનીય અને (૨) ચારિત્ર મોહનીય.

યથાવસ્થિત જીવાજીવાદિ તત્વનું શ્રદ્ધાન તે **દર્શન** કહેવાય. તેમાં મુંઝવે તે **દર્શન મોહનીય.**

**ચારિત્ર** એટલે શુદ્ધ આચરણ. તેમાં મુંઝવે તે **ચારિત્ર મોહનીય.**

**दंसण - मोहं ति - विहं सम्मं मीसं तहेव मिच्छत्तं ।**
**सुद्धं अद्ध - विसुद्धं, अ विसुद्धं तं हवइ कमसो ।।१४।।**

**ગાથાર્થ** – દર્શન મોહનીય ત્રણ પ્રકારે છે – સમ્યક્ત્વ, મિશ્ર અને મિથ્યાત્વ. તે અનુક્રમે શુદ્ધ-અર્ધશુદ્ધ અને અશુદ્ધ હોય છે.

સમ્યક્ત્વમાં મુંઝવે તે **સમ્યક્ત્વ મોહનીય** છે.

મિશ્રપણામાં મુંઝવે તે **મિશ્ર મોહનીય** છે.

મિથ્યાત્વમાં મુંઝવે તે **મિથ્યાત્વ મોહનીય** છે.

ડાંગરને ખાંડણિયામાં ખાંડવામાં આવે તો ખાંડેલા ડાંગરના ત્રણ ભેદ કરી શકાય – (૧) સંપૂર્ણ ફોતરા રહિત (૨) અર્ધ ફોતરાવાળી અને (૩) જેવી હતી તેવી ફોતરાવાળી.

તેવી જ રીતે આત્મા જ્યારે ઉપશમ સમ્યક્ત્વ પામે ત્યારે અધ્યવસાયના બળથી પૂર્વ બાંધેલા – સત્તામાં રહેલા મિથ્યાત્વ મોહનીય કર્મના પુદ્‌ગલોના ત્રણ વિભાગ કરે છે.

જે મિથ્યાત્વના પુદ્‌ગલો શુદ્ધ કર્યા તે **સમ્યક્ત્વ મોહનીય** છે.

જે મિથ્યાત્વના પુદ્‌ગલો અર્ધા શુદ્ધ અર્ધા મલીન રહ્યા તે **મિશ્ર મોહનીય** છે.

જે મિથ્યાત્વના પુદ્‌ગલો શુદ્ધ ન થયા મલીન જ રહ્યા તે **મિથ્યાત્વ મોહનીય** છે.

આ ત્રણે કર્મો આત્માના અનંત દર્શનના ગુણને હણે છે...એનો નાશ કરે છે તેથી તે **દર્શન મોહનીય** કહેવાય છે.



**जीअ-अजीअ-पुण्ण-पावा-ऽऽसव संवर-बंध-मुक्ख-निज्जरणा।**
**जेणं सद्दहइ तयं, सम्मं खइगा-ऽऽइ बहु-भेअं ॥१५॥**

**ગાથાર્થ –** જીવ, અજીવ, પુણ્ય, પાપ, આશ્રવ, સંવર, બંધ, મોક્ષ અને નિર્જરા (એ નવ તત્વ)ની શ્રદ્ધા થાય તે ક્ષાયિક વગેરે ઘણા ભેદવાળું સમ્યક્ત્વ છે.

ચેતના લક્ષણવાળું **જીવતત્વ ૧૪** ભેદવાળું છે.

જડ લક્ષણવાળું **અજીવતત્વ** ૧૪ ભેદવાળું છે.

શુભ પ્રકૃતિનો ઉદય તે **પુણ્ય તત્વ** ૪૨ ભેદવાળું છે.

અશુભ પ્રકૃતિનો ઉદય તે **પાપતત્વ** ૮૨ ભેદવાળું છે.

શુભાશુભ કર્મના આવવાના માર્ગ તે **આશ્રવ તત્વ** ૪૨ ભેદવાળું છે.

આશ્રવનું રુંધવું (આવતા કર્મોને અટકાવવા) તે **સંવરતત્વ** ૫૭ ભેદવાળું છે.

કર્મનું આત્મા સાથે જોડાવવું તે **બંધતત્વ** ૪ ભેદવાળું છે.

કર્મનો સંપૂર્ણ નાશ (વિયોગ) તે **મોક્ષતત્વ** ૯ ભેદવાળું છે.

કર્મનો અંશથી ત્યાગ તે **નિર્જરાતત્વ** ૧૨ ભેદવાળું છે.

આ નવતત્વની શ્રદ્ધા તે **સમ્યક્ત્વ** કહેવાય.

આ સમ્યગ્દર્શન (સમ્યક્ત્વ)ના અનેક પ્રકારે ભેદો છે આપણે અહીં મુખ્ય ભેદોનો વિચાર કરીશું. તે પાંચ છે –

(૧) ક્ષાયિક (૨) ક્ષાયોપશમિક (૩) ઔપશમિક (૪) વેદક અને (૫) સાસ્વાદન.

**(૧) ક્ષાયિક સમ્યક્ત્વ –**

આ અપૌદ્ગલિક શુદ્ધ સમ્યક્ત્વ છે.

ત્રણ દર્શન મોહનીય અને ચાર અનંતાનુબંધી કષાયના સંપૂર્ણ ક્ષયથી આ સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય છે. આ સમ્યગ્ દર્શન તીર્થંકર પરમાત્માના સમયમાં વજ્રઋષભનારાચ સંઘયણ વાળાને જ થાય છે. મનુષ્યભવમાં જ પામી શકાય આવું આ સમ્યક્ત્વ આવ્યા પછી જતું નથી તેથી સાદિ અનંત છે. સામાન્યતાથી આ સમ્યક્ત્વવાળા જીવ ત્રીજે અથવા પાંચમે ભવે મોક્ષે જાય છે.

**(૨) ક્ષાયોપશમિક સમ્યક્ત્વ –**

આ પૌદ્ગલિક – અશુદ્ધ સમ્યક્ત્વ છે.

ત્રણ દર્શન મોહનીય અને ચાર અનંતાનુબંધી કષાય (દર્શન સપ્તક) કાંઇક ક્ષય અને કાંઇક ઉપશમથી આ સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય છે. આ સમ્યક્ત્વ ચોથાથી સાતમા ગુણસ્થાનકે હોય છે. એનો જઘન્યકાળ અંતર્મુહૂર્ત છે અને ઉત્કૃષ્ટ કાળ સાધિક છાસઠ સાગરોપમ છે.

**(૩) ઔપશમિક સમ્યક્ત્વ -**

આ અપૌદ્ગલિક - અશુદ્ધ સમ્યક્ત્વ છે.

ત્રણ દર્શનમોહનીય સત્તામાં હોય છે પરંતુ આત્મા આ ત્રણેને એવું દબાવે છે કે એની એકે પ્રકૃતિ ઉદયમાં ન આવે અને આત્માની રુચિને ન હણી શકે. તે સમયે આત્માનું જે સમ્યક્ત્વ તે ઔપશમિક સમ્યક્ત્વ. જીવને પ્રથમ આ સમ્યક્ત્વની જ પ્રાપ્તિ થાય છે. એનો સમય અંતર્મુહૂર્તનો જ છે. ચોથાથી અગિયારમાં ગુણસ્થાનકે હોય છે.

**(૪) વેદક સમ્યક્ત્વ -**

આ પૌદ્ગલિક - અશુદ્ધ સમ્યક્ત્વ છે.

આ ક્ષાયોપશમિક સમ્યક્ત્વનો જ એક ભેદ છે. ક્ષાયોપશમિક સમ્યક્ત્વમાં મિથ્યાત્વ મોહનીય, મિશ્ર મોહનીય અને ચાર અનંતાનુબંધી કષાય એમ છ નો સર્વથા ક્ષય થાય છે અને સમ્યક્ત્વ મોહનીયનો ક્ષય ચાલુ છે. એ પણ ક્ષય જ્યારે અંતિમ ચરણમાં પહોંચે છે ત્યારે એને વેદક સમ્યક્ત્વ કહેવાય છે. પછી તરત ક્ષાયિક સમ્યક્ત્વ પ્રાપ્ત થાય છે.

**(૫) સાસ્વાદન સમ્યક્ત્વ -**

આ અપૌદ્ગલિક - અશુદ્ધ સમ્યક્ત્વ છે.

આ ઔપશમિક સમ્યક્ત્વનો જ એક ભેદ છે. ઔપશમિક સમ્યક્ત્વ પ્રાપ્ત કર્યા પછી ત્રણ દર્શન મોહનીયનો ઉપશમ થયો હોય છતાં જો ચાર અનંતાનુબંધી જો ઉદય થઇ જાય તો સાસ્વાદન સમ્યક્ત્વ કહેવાય છે.

સમ્યક્ત્વ પુદ્ગલ શુદ્ધ છે... વિકાર કરતા નથી તો પછી તે સમ્યક્ત્વ મોહનીય કેમ કહેવાય છે ?

સમ્યક્ત્વના પુદ્ગલ શુદ્ધ છે પરંતુ તે મિથ્યાત્વના દળિયા છે. તીવ્ર મોહના ઉદયમાં ફરીથી અશુદ્ધ થઇને મિથ્યાત્વ મોહનીય બને છે તેથી સમ્યક્ત્વના પુદ્ગલ પણ સમ્યક્ત્વ મોહનીય કહેવાય છે.

मीसा न रागदोसो, जिणधम्मे अंतमुहू जहा अन्ने ।
नालियर दीवमणुणो, मिच्छं जिणधम्मविवरीअं ॥१६॥

**ગાથાર્થ** – જેમ નાળિયેર દ્વીપના માણસોને અન્ન ઉપર રાગ કે દ્વેષ ન હોય, તેમ મિશ્ર મોહનીય કર્મથી જૈન ધર્મ ઉપર અન્તર્મુહૂર્ત સુધી રાગ કે દ્વેષ ન હોય. જૈન ધર્મથી વિપરીત શ્રદ્ધા તે મિથ્યાત્વ મોહનીય છે.

નાળિયેર દ્વીપમાં કોઇ પ્રકારનું ધાન્ય થતું નથી. આ દ્વીપના માણસોએ ધાન્ય (અન્ન) જોયું નથી, એના વિષે સાંભળ્યું નથી અને ક્યારેય ખાધું નથી તેથી તેમને અન્ન ઉપર રાગ ન હોય... તેમજ દ્વેષ પણ ન હોય.

તેવી જ રીતે મિશ્ર મોહનીય કર્મના ઉદયે જિનધર્મ વિષે રાગ પણ ન હોય અને દ્વેષ પણ ન હોય. સમભાવ હોય છે.

આ મિશ્રભાવ અંતર્મુહૂર્ત સુધી જ હોય છે. પછી જીવ અધ્યવસાયોની શુદ્ધિ-અશુદ્ધિ ના કારણે સમ્યક્ત્વ અથવા મિથ્યાત્વ પામે છે.

**सोलस कसाय नव नो कसाय, दुविहं चरित्त मोहणीयं ।**
**अण - अपच्चक्खाणा, पच्चक्खाणा य संजलणा ॥१७॥**

**ગાથાર્થ** – સોળ કષાય અને નવ નોકષાયો વડે બે પ્રકારનું ચારિત્ર મોહનીય કર્મ છે. અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાની અને સંજ્વલન (એમ ચાર પ્રકાર કષાયના છે.)

અહિંસા... સત્ય... અસ્તેય... બ્રહ્મચર્ય અને અપરિગ્રહાદિ સદાચારથી યુક્ત ચારિત્ર છે. આવા ચારિત્રમાં મુંઝવે તે **ચારિત્ર મોહનીય** કર્મ છે.




આ ચારિત્ર મોહનીય કર્મના બે ભેદ છે –

(૧) કષાય મોહનીય કર્મ અને (૨) નો કષાય મોહનીય કર્મ.

'કષ' એટલે સંસાર અને

'આય' એટલે આવક...લાભ.

જેનાથી સંસારનો લાભ કે વૃદ્ધિ થાય તે **કષાય** કહેવાય.

કષાય ચાર છે –

(૧) **ક્રોધ** – એટલે જ ગુસ્સો, ક્રોધ, આવેશ, રોષ વિગેરે.

(૨) **માન** – એટલે જ અહંકાર, અભિમાન, મોટાઇ, ઘમંડ, ગર્વ વિગેરે.

(૩) **માયા** – એટલે જ શઠતા, ઠગાઇ, છળ પ્રપંચ, કપટ વિગેરે.

(૪) **લોભ** – એટલે જ લાલચ, આસક્તિ, મમત્વ, મૂર્ચ્છા વિગેરે.

આ ચાર કષાયના (૧) અનંતાનુબંધી (૨) અપ્રત્યાખ્યાની (૩) પ્રત્યાખ્યાની અને (૪) સંજ્વલન

એમ ૪-૪ પ્રકાર થાય છે. તેથી કુલ સોળ કષાયના ભેદ છે.

અનંતા સંસારનો અનુબંધ કરાવનાર મિથ્યાત્વનો ઉદય કરે તે **અનંતાનુબંધી** (ક્રોધ-માન-માયા-લોભ) ચાર કષાય છે. જેના ઉદયથી થોડું પણ પચ્ચક્ખાણ ઉદયમાં ન આવે તે અપ્રત્યાખ્યાની (ક્રોધ-માન-માયા-લોભ) ચાર કષાયમાં છે.

જેના ઉદયથી સર્વ વિરતિ ઉદયમાં ન આવે તે **પ્રત્યાખ્યાની** (ક્રોધ-માન-માયા-લોભ) ચાર કષાય છે.

ચારિત્ર લઈને ઉત્કૃષ્ટ સાધના કરતા સર્વવિરતિધરને પણ કાંઈક બાળે - મલિનતા લાવે તે **સંજ્વલન** (ક્રોધ-માન-માયા-લોભ) ચાર કષાય છે.

## નોકષાય

કષાય તો નહિ પણ **કષાયોના સહચારી, પ્રેરક અને ઉત્પન્ન કરનારા અંતે કષાય પણે પરિણમે** તે **નોકષાય** કહેવાય.

નોકષાયના નવ ભેદ છે -

(૧) હાસ્ય (૨) રતિ (૩) અરતિ (૪) શોક (૫) ભય (૬) જુગુપ્સા (૭) સ્ત્રી વેદ (૮) પુરુષ વેદ અને (૯) નપુંસક વેદ.



**जा-जीव-वरिस-चउमास-पक्ख-गा निरय - तिरिअ - नर - अमरा ।**
**सम्मा - ऽणु सव्व - विरइ - अहक्खाय-चरित्त-घाय - करा ॥१८॥**

**ગાથાર્થ** – યાવજ્જીવ, એક વરસ, ચાર મહિના અને પક્ખવાડીયા સુધી રહેનારા, નરક-તિર્યંચ-મનુષ્ય અને દેવગતિના કારણભૂત, સમ્યક્ત્વ – દેશવિરતિ – સર્વવિરતિ અને યથાખ્યાત ચારિત્રનો નાશ કરનાર છે.

આ ગાથામાં કષાયોની કાળ પ્રમાણતા.. ગતિ દાયકતા.. અને ગુણઘાતકતા જણાવવામાં આવી છે.

ચારેય **અનંતાનુબંધી** કષાય ઉત્કૃષ્ટથી **યાવજ્જીવ** સુધી રહે.

ચારેય **અપ્રત્યાખ્યાની** કષાય ઉત્કૃષ્ટથી **એક વર્ષ** સુધી રહે.

ચારેય **પ્રત્યાખ્યાની** કષાય ઉત્કૃષ્ટથી **ચાર મહિના** સુધી રહે.

ચારેય **સંજ્વલન** કષાય ઉત્કૃષ્ટથી **પંદર દિવસ** સુધી રહે.

**અનંતાનુબંધી** કષાયના ઉદયે મરે તો **નરક ગતિમાં** જાય.

**અપ્રત્યાખ્યાની** કષાયના ઉદયે મરે તો **તિર્યંચ ગતિમાં** જાય.

**પ્રત્યાખ્યાની** કષાયના ઉદયે મરે તો **મનુષ્ય ગતિમાં** જાય.

**સંજ્વલન** કષાયના ઉદયે મરે તો **દેવ ગતિમાં** જાય.

**અનંતાનુબંધી** કષાય **સમ્યક્ત્વ** પામવા ન દે.

**અપ્રત્યાખ્યાની** કષાય **દેશવિરતિ** ચારિત્ર પામવા ન દે.

**પ્રત્યાખ્યાની** કષાય **સર્વવિરતિ** ચારિત્ર પામવા ન દે.

**સંજ્વલન** કષાય **યથાખ્યાત** ચારિત્ર પામવા ન દે.



## કષાય કેવા છે ?

**जल-रेणु-पुढवी-पव्वय-राइ सरिसो - चउ-व्विहो कोहो ।**
**तिणिस - लया - कट्ठट्ठिअ-सेल-त्थंभोवमो माणो ॥१९॥**

**ગાથાર્થ** – પાણીમાં અને રેતીમાં પડેલા લીંટા તથા જમીનમાં અને પર્વતમાં પડેલી તિરાડ જેવો ચાર પ્રકારનો ક્રોધ અને માન નેતરની સોટી, લાકડા, હાડકા અને પત્થરના થાંભલા જેવો હોય છે.



સંજ્વલન ક્રોધ



પ્રત્યાખ્યાની ક્રોધ



અપ્રત્યાખ્યાની ક્રોધ



અનંતાનુબંધી ક્રોધ

**(૧) સંજ્વલન ક્રોધ –** આ ક્રોધ પાણીમાં કરેલી લીટી સમાન છે જે બહુ જ અલ્પકાળમાં વિલય પામી જાય. શાંત થઇ જાય.

**(૨) પ્રત્યાખ્યાની ક્રોધ –** આ ક્રોધ રેતીમાં કરેલી લીટી સમાન છે આ લીટી પાણીની લીટીની જેમ તરત અને સ્વયં ન મટે. પરંતુ જોરથી પવન ફુંકાય તો કાંઇક વધુ સમયે મટે. આ ક્રોધ શાંત થતા વધુ સમય લાગે.

**(૩) અપ્રત્યાખ્યાની ક્રોધ –** આ ક્રોધ ફાટી ગયેલી પૃથ્વીની રેખા સમાન છે. આ તિરાડ જલ્દી પૂરાતી નથી વરસાદ આવે... માટી ભીની થાય – પીગળે પછી જ પુરાય. તેમ આ ક્રોધથી થયેલી તિરાડને પુરાતાં પ્રત્યાખ્યાની કરતાં કાંઇક વધુ સમય લાગે.

**(૪) અનંતાનુબંધી ક્રોધ –** આ ક્રોધ પર્વતમાં પડેલી તિરાડ સમાન છે. જે ક્યારેય પુરાતી નથી. આ ક્રોધ મૃત્યુની ક્ષણ સુધી શાન્ત ન થતાં ભવાન્તરમાં પણ જીવને હેરાન–પરેશાન કરે છે.

**આ ચારે ક્રોધ અનુક્રમે મંદ–તીવ્ર–તીવ્રતર અને તીવ્રતમ છે.**

માનમાં અક્કડતા છે તેથી તેવા દૃષ્ટાંતથી સમજાવેલ છે.




સંજ્વલન માન

**(૫) સંજ્વલન માન –** આ માન નેતરની સોટી જેવો છે. નેતરની સોટીને સહજતાથી નમાવી શકાય છે. સંજ્વલન માનવાળી વ્યક્તિને સ્હેજ સમજાવતાં તે અક્કડતા ત્યજી દઇ નમી પડે છે.



પ્રત્યાખ્યાની માન

**(૬) પ્રત્યાખ્યાની માન –** આ માન લાકડાની સોટી જેવો છે. લાકડીને નમાવવું નેતર કરતાં વધારે મુશ્કેલ હોય છે. આ માનધારી જીવોને સમજાવવા અને નમાવવા પણ મુશ્કેલ હોય છે.



અપ્રત્યાખ્યાની માન

**(૭) અપ્રત્યાખ્યાની માન –** આ માન હાડકાના થાંભલા જેવો છે. શું હાડકાને નમાવી શકાય ? સંભવિત લાગતું નથી. છતાં ઘણા પ્રયોગો કરી... મહાકષ્ટે એને નમાવી શકાય છે. તેવી જ રીતે અપ્રત્યાખ્યાની માનવાળી વ્યક્તિ અતિ–ઘણું સમજાવતાં મહાકષ્ટે સમજે છે કાંઇક નમે છે.


અનંતાનુબંધી માન

**(૮) અનંતાનુબંધી માન** - આ માન પત્થરના થાંભલા જેવો છે. પત્થરના થાંભલાને નમાવવાના ગમે તેટલા પ્રયાસ કરવામાં આવે તો પણ તે બધા નિષ્ફળ જ છે. પત્થરનો થાંભલો તુટે પણ નમે નહિં તેવી જ રીતે અનંતાનુબંધી માનવાળા જીવો મૃત્યુના ક્ષણ સુધી પણ નમવા તૈયાર થતા નથી. તેઓ તુટી જાય. ફના થઇ જાય. ડૂબી જાય પરંતુ વટ ખાતર માનને છોડતા નથી.

**मायावलेहि-गोमुत्ति-मिंढ-सिंग-घणवंसिमूलसमा ।**
**लोहो हलिद्दखंजण-कद्दम-किमि-राग-सामाणो ।।२०।।**

**ગાથાર્થ** - છોલ, ગોમૂત્રની ધાર, ઘેટાના શીંગડા અને વાંસના કઠણ મૂળ જેવી ચાર પ્રકારની માયા અને લોભ હળદર-કાજળ-ગાડાના પૈડાની કીલ અને કીરમજી રંગ જેવો હોય છે.


સંજ્વલન માયા

**(૯) સંજ્વલન માયા** - માયામાં વક્રતા છે તેથી તેવા દૃષ્ટાંતથી સમજાવેલ છે. સંજ્વલન માયા લાકડાની - વાંસની છોલ સમાન છે. તેમાં વક્રતા હોય પણ તેને સુખે સુખે સીધી કરી શકાય.

**(૧૦) પ્રત્યાખ્યાની માયા** - આ માયા ગોમૂત્રિકા સમાન છે. બળદ ગાડીમાં જોડાયેલા બળદની મૂત્રધાર ગતિના કારણે આડી-અવળી વક્રતાવાળી હોય છે. પરંતુ પવન લાગતાં તે વક્રતા ત્યાગી સરળ બને છે.તેમ પ્રત્યાખ્યાની માયા વાળો જીવ લાંબા કાળે કષ્ટથી વક્રતા-માયા છોડે છે.


પ્રત્યાખ્યાની માયા


અપ્રત્યાખ્યાની માયા

**(૧૧) અપ્રત્યાખ્યાની માયા** - આ માયા ઘેટાના સીંગડા જેવી છે. ઘેટાના શીંગડાની વક્રતા અતિ કઠિણ છે. મહાકષ્ટે - મહાપ્રયાસે ટળે એવી છે. તેમ અપ્રત્યાખ્યાની માયા ત્યજવી અતિ દુષ્કર છે.

**(૧૨) અનંતાનુબંધી માયા** - આ માયા વાંસના કઠણ મૂળીયા જેવી છે. વાંસના મૂળીયા અતિ મજબૂત અને અતિવક્ર હોય છે. ક્યારે પણ સરળતાને ન પામે. વધારે ખેંચવા જતાં તૂટે પણ વક્રતાને ન છોડે. તેમ અનંતાનુબંધી માયા વાળો જીવ મરે પણ માયા ન છોડે. આવી તીવ્રતમ અનંતાનુબંધી માયા છે.


અનંતાનુબંધી માયા



સંજ્વલન લોભ

(૧૩) **સંજ્વલન લોભ** - લોભ આત્માને રંજિત કરે છે... રંગે છે એટલે લોભ માટેના દૃષ્ટાંત રંગ દ્વારા સમજાવેલ છે. સંજ્વલન લોભ હળદરના રંગ સમાન છે. હળદરના ડાઘવાળા વસ્ત્રને સાબુથી ધોઇ તડકામાં રાખતાં જ રંગ ગાયબ થઇ જાય છે. આવી રીતે સંજ્વલન લોભનો રંગ તરત ઉડી જાય છે.



પ્રત્યાખ્યાની લોભ

(૧૪) **પ્રત્યાખ્યાની લોભ** - અંજન-કાજળ જેવો આ લોભ છે. કાજળનો ડાઘ વસ્ત્ર ઉપરથી સહજતાથી ન નિકળે. કષ્ટે રંગ દૂર થાય. તેમ આ પ્રકારનો લોભ પણ કષ્ટે જાય.



અપ્રત્યાખ્યાની લોભ

(૧૫) **અપ્રત્યાખ્યાની લોભ** - ગાડાના પૈડામાં રહેલ કર્દમ (કિલ) જેવો આ લોભ છે. તીવ્રતર હોવાથી આ લોભ મહાકાષ્ટે જાય.



અનંતાનુબંધી લોભ

(૧૬) **અનંતાનુબંધી લોભ** - આ લોભ કીરમજી રંગ જેવો છે. કીરમજી એટલે મજીઠનો રંગ બહુ પાકો હોય છે. કપડું ફાટે પણ રંગ ઝાંખો ન થાય. તેમ આ લોભ વાળો જીવ મરે પણ લોભને ન છોડે.

**जस्सुदया होइ जीए, हास रई अरई सोग भय कुच्छा ।**
**सनिमित्तमन्नहा वा, तं इह हासाइ मोहणीयं ॥२१॥**

**ગાથાર્થ** - જેના ઉદયથી જીવને નિમિત્ત હોય અથવા ન હોય તો પણ હાસ્ય, પ્રેમ, નારાજગી, શોક, બીક અને દુગંચ્છા થાય છે તે અહીં હાસ્ય મોહનીય કર્મ કહેવાય છે.

જે કર્મના ઉદયથી જીવને હસવું આવે તે **હાસ્યનોકષાય** ચારિત્રમોહનીય કર્મ.

જે કર્મના ઉદયથી જીવને સાતા વેદાય તે **રતિનોકષાય** ચારિત્ર મોહનીય કર્મ.

જે કર્મના ઉદયથી જીવને અસાતા વેદાય તે **અરતિ** નોકષાય ચારિત્ર મોહનીય કર્મ.

જે કર્મના ઉદયથી જીવને શોક થાય તે **શોક** નોકષાય ચારિત્ર મોહનીય કર્મ.

જે કર્મના ઉદયથી જીવને બીક લાગે તે **ભય** નોકષાય ચારિત્ર મોહનીય કર્મ.

જે કર્મના ઉદયથી જીવને જુગુપ્સા જાગે તે **દુગંચ્છા** નોકષાય ચારિત્ર મોહનીય કર્મ.

આ કર્મ નિમિત્ત સાથે અથવા નિમિત્ત વિના પણ ઉદયમાં આવે.

पुरिसित्थ-तदुभयं पइ अहिलासो जव्वसा हवइ सो-उ ।
थी - नर - नपुं वेओदओ, फुंफुम तण नगर दाह समो ।।२२।।

સ્ત્રી વેદ



**ગાથાર્થ** – જેના કારણે પુરુષ, સ્ત્રી અને તે બન્ને તરફ ઇચ્છા દોડે છે, તે બકરીની લીંડીઓ, ઘાસ અને નગરના દાહ જેવો સ્ત્રી-પુરુષ અને નપુંસક વેદનો ઉદય હોય છે.

પુરુષની ઇચ્છા કરાવે તે સ્ત્રી વેદ કહેવાય છે. તે બકરીની લીંડીઓના અગ્નિ જેવો છે ઉપશમતાં વાર લાગે.

પુરુષ વેદ



સ્ત્રીની ઇચ્છા કરાવે તે પુરુષ વેદ કહેવાય છે. તે તૃણના અગ્નિ સમાન છે જે જલ્દીથી શાંત થાય.

સ્ત્રી-પુરુષ બન્નેની ઇચ્છા કરાવે તે નપુંસક વેદ કહેવાય છે અને તે નગરના દાહ સમાન છે તે ક્યારે પણ શાંત થાય જ નહીં.

નપુંસક વેદ



વિજાતિયાદિમાં મોહ ઉત્પન્ન કરી તેને ભોગવવાની પ્રચંડ લાગણી ઉત્પન્ન કરી, તેમાં આનંદ આનંદ માનવાનું સંવેદન ઉત્પન્ન કરાવી આત્માને મુંઝવે... પોતાના ખરા માર્ગથી ભ્રષ્ટ કરી સમ્યક્ ચારિત્રનું આવરણ કરે... નવા કર્મ બંધાવી સંસાર વધારે છે. એવા પ્રકારનું આ **વેદનોકષાય મોહનીય કર્મ** છે.

મોહનીય કર્મના કુલ ૨૮ ભેદની ગણત્રી જરૂરી છે.

## આયુષ્ય કર્મ

सुर - नर - तिरि निरया ऽऽऊ हडि - सरिसं नामकम्म चित्तिसमं ।
बायाल - ति - नवइ - विहं - तिउत्तर - सयं च सत्तट्ठी ।।२३।।

**ગાથાર્થ** – દેવ, મનુષ્ય, તિર્યંચ અને નરકનું આયુષ્ય કર્મ હેડ એટલે બેડી જેવું છે.
ચિતારા જેવું નામ કર્મ બેંતાલીસ, ત્રાણું, એકસો ત્રણ કે સડસઠ ભેદે હોય છે.
જે કર્મના ઉદયથી જીવ પોતાના નિયતભવમાં જીવી શકે. જ્યારે તે કર્મ પૂર્ણ થાય ત્યારે નિયમા મૃત્યુ

જ પામે. એવું જે કર્મ તે **આયુષ્ય કર્મ** છે. તે આયુષ્ય કર્મ પગમાં નાંખેલી બેડી સમાન છે. આ કર્મ જીવને ભવમાં પકડી રાખનાર છે.

આયુષ્ય કર્મ બે પ્રકારનું છે –

(૧) **અપવર્તનીય** એટલે કાળની અપેક્ષાએ ટૂંકું થઇ શકે, તુટી શકે એવું.

(૨) **અનવપવર્તનીય** એટલે કાળની અપેક્ષાએ ટૂંકુ ન થઇ શકે એવું.

લાંબો દોરડો હોય એને આપણે સીધું રાખીએ અને જો એના એક છેડે (દીપકની વાટની જેમ) બાળવામાં આવે તો ધીરે ધીરે બીજા છેડે સુધી બળતાં એને લાંબો સમય થાય પણ એ જ દોરડાને જો ગુંચળુંવાળીને ભટ્ટીમાં નાખવામાં આવે તો અલ્પ સમયમાં જ બળી જાય.

એવી રીતે શાંતિપૂર્વક આયુષ્યની દોરી બળે તો જીવ લાંબા સમય સુધી જીવે તે **અનપવર્તનીય** આયુષ્ય છે. જે જેટલું છે તેટલું ભોગવાય.

પરંતુ જ્યારે અકસ્માત થાય, આત્મહત્યા કરે, અથવા અન્ય કોઇ બાહ્ય કારણથી લાંબા કાળ સુધી જીવી શકાય એવું આયુષ્ય પણ ગુંચળું થઇને અલ્પકાળમાં નાશ પામી જાય. પ્રદેશોની અપેક્ષાએ ભોગવાઇ જાય જ્યારે કાળની અપેક્ષાએ ટૂંકુ થાય છે તે **અપવર્તનીય** આયુષ્ય કહેવાય છે.

આયુષ્ય કર્મ ચાર ભેદે છે –

**૧. દેવાયુ કર્મ –** પોતાના શરીરની સ્વાભાવિક કાંતિ વડે જે દીપે તે દેવ.દેવગતિના કોઇ પણ એક ભવમાં જન્મથી મરણ પર્યંત ટકાવી રાખનાર કર્મ તે **દેવાયુ કર્મ** કહેવાય છે.

**૨. મનુષ્યાયુ કર્મ –** વસ્તુ સ્થિતિને યથાર્થ સમજી શકે તે મનુષ્ય. મનુષ્ય ગતિના કોઇ પણ એક ભવમાં જન્મથી મરણ પર્યંત ટકાવી રાખનાર કર્મ તે મનુષ્યાયુ કર્મ કહેવાય છે.

**૩. તિર્યંચાયુ કર્મ –** તિચ્છીં ચાલે તે તિર્યંચ. બાહ્યથી તિચ્છીં (વાંકા) ચાલે અને અંદરથી વિવેકહિન વર્તન કરે. મન ફાવે ત્યાં મળ-મૂત્ર કરે, જ્યાં ત્યાં મોઢું નાંખે – આળોટે તેથી વિવેકહીન પ્રવૃત્તિવાળા તિર્યંચ છે. આવી તિર્યંચગતિના કોઇ પણ ભવમાં જન્મથી મરણ પર્યંત ટકાવી રાખનાર તે **તિર્યંચાયુ કર્મ** કહેવાય છે.

**૪. નરકાયુ કર્મ –** મહાભયંકર પાપોને ભોગવવાનું સ્થાન તે નરક. તે નરકગતિના ભવમાં જન્મથી મરણ પર્યંત ટકાવી રાખનાર કર્મ તે નરકાયુ કર્મ કહેવાય છે.

પ્રથમના ત્રણ આયુષ્યનો પુણ્ય પ્રકૃતિમાં સમાવેશ થાય છે. જ્યારે નરકાયુનો પાપ પ્રકૃતિમાં સમાવેશ થાય છે.

તિર્યંચ ગતિમાં દુઃખ છે છતાં ત્યાં જીવવાની ઇચ્છા છે. પરંતુ નરકમાં તો અતિશય દુઃખ હોવાથી

એમાંથી જલ્દી છુટવાના ભાવ જીવને થાય છે તેથી તે પાપ પ્રકૃતિ કહી છે.

**આયુષ્ય કર્મની વિચિત્રતાઓ -**

આ કર્મનો ઉદય ચાલુ હોય ત્યાં સુધી આપણે ઇચ્છીએ તો પણ બીજી ગતિમાં જઈ શકતા નથી. ઇચ્છા ન હોય એવી ગતિમાં આ કર્મના ઉદયે જવું જ પડે છે.

બીજા સાતે કર્મ સમયે સમયે બંધાય છે આ કર્મ સમયે સમયે ન બંધાતા ભવમાં એક જ વખત, ભવને ત્રીજે, નવમે અને સત્યાવીશમે ભાગે અથવા છેલ્લા અંતર્મુહૂર્તે બંધાય છે.

પ્રાયઃ આયુષ્ય કર્મ પર્વ તિથિએ બંધાય છે (આઠમ, ચૌદસ, પુનમ, અમાસ) તેથી પર્વને આરાધનામય બનાવીએ. વિરાધનાથી અટકીએ તો શુભ-શુદ્ધ ભાવમાં રમતા સદ્ગતિનું આયુષ્ય બંધાય.

આ કર્મ ઘટી શકે છે - એટલે તેની સ્થિતિનું અપવર્તન થાય છે. થોડા સમયમાં ભોગવી શકાય પરંતુ ઉદ્વર્તના ન જ થાય એટલે વધારી તો ન જ શકાય.

## નામ કર્મ

નામ કર્મ ચિતારા જેવું છે. એના ૪૨, ૯૨, ૧૦૩ અને ૬૭ ભેદ થાય છે. નામકર્મના ૪૨ ભેદ.

**गइ - जाइ - तणु - उवंगा - बंधण - संघायणाणि संघयणा ।**
**संठाण - वण्ण - गंध - रस - फास - अणुपुव्वि - विहग - गई ॥२४॥**

**ગાથાર્થ -** ગતિઓ, જાતિઓ, શરીરો, અંગોપાંગો, બંધનો, સંઘાતનો, સંઘયણો, સંસ્થાનો, વર્ણો, ગંધો, રસો, સ્પર્શો, આનુપૂર્વીઓ, વિહાયોગતિઓ (નામ કર્મ અંતર્ગત આ ૧૪ પિંડ પ્રકૃતિઓ છે.)

નામ કર્મના ૪૨ ભેદ નીચે મુજબ છે -

૧૪ પિંડ પ્રકૃતિ, ૮ પ્રત્યેક પ્રકૃતિ, ૧૦ ત્રસ દશક અને ૧૦ સ્થાવર દસક.

(૧૪+૮+૧૦+૧૦=૪૨)

## ૧૪ પિંડ પ્રકૃતિ

જે પ્રકૃતિના ૨-૩-૪ કે અધિક પેટા ભેદ હોય અથવા પેટા ભેદોનો પિંડ (સમુહ) તે **પિંડ પ્રકૃતિ** કહેવાય છે. આવી પિંડ પ્રકૃતિ ચૌદ છે. ચૌદ પિંડ પ્રકૃતિ નીચે મુજબ છે -

(૧) ગતિ નામ કર્મ (૨) જાતિ નામ કર્મ
(૩) શરીર નામ કર્મ (૪) શરીરાંગોપાંગ નામ કર્મ
(૫) શરીર બંધન નામ કર્મ (૬) શરીર સંઘાતન નામ કર્મ

(૭) સંઘયણ નામ કર્મ (૮) સંસ્થાન નામ કર્મ
(૯) વર્ણ નામ કર્મ (૧૦) ગંધ નામ કર્મ
(૧૧) રસ નામ કર્મ (૧૨) સ્પર્શ નામ કર્મ
(૧૩) આનુપૂર્વી નામ કર્મ (૧૪) વિહાયોગતિ નામ કર્મ

## ૮ પ્રત્યેક પ્રકૃતિ

**पिंड-पयडि-त्ति चउदस, परघा उस्सास - आयवुज्जोयं ।**
**अ-गुरु लहु - तित्थ - निमिणोवघायमिअ अड पत्तेआ ॥२५॥**

**ગાથાર્થ –** એ ૧૪ પિંડ પ્રકૃતિઓ.

પરાઘાત, ઉચ્છ્‌વાસ, આતાપ, ઉદ્યોત, અ-ગુરુ-લઘુ, તીર્થ, નિર્માણ, ઉપઘાત એ આઠ પ્રત્યેક (પ્રકૃતિઓ જાણવી)

પ્રત્યેક એટલે એકેક જ એમાં કોઇ બીજી પ્રકૃતિ ન ભળે.

(૧) પરાઘાત નામ કર્મ (૨) ઉચ્છ્‌વાસ નામ કર્મ
(૩) આતાપ નામ કર્મ (૪) ઉદ્યોત નામ કર્મ
(૫) અગુરુ લઘુ નામ કર્મ (૬) તીર્થંકર નામ કર્મ
(૭) નિર્માણ નામ કર્મ (૮) ઉપઘાત નામ કર્મ

## ત્રસ દશક

**तस - बायर - पज्जत्तं - पत्तेय - थिरं सुभं च सुभगं च ।**
**सु-सरा-ऽईज्ज-जसं, तस दसगं, थावर-दसं तु इमं ॥२६॥**

**ગાથાર્થ –** ત્રસ, બાદર, પર્યાપ્તા, પ્રત્યેક, સ્થિર, શુભ, સુભગ, સુસ્વર, આદેય અને યશ ત્રસદશક છે. (અને સ્થાવર દશક આ છે.) ત્રસ દશક નીચે મુજબ છે.

(૧) ત્રસ નામકર્મ (૪) પ્રત્યેક નામકર્મ (૭) શુભગ નામકર્મ (૧૦) યશ નામકર્મ
(૨) બાદર નામકર્મ (૫) સ્થિર નામકર્મ (૮) સુસ્વર નામકર્મ
(૩) પર્યાપ્ત નામકર્મ (૬) શુભ નામકર્મ (૯) આદેય નામકર્મ

## સ્થાવર દશક

**થાવર - સુહુમ - અપજ્જં સાહારણ - અથિર - અસુભ - દુભગાણિ ।**
**દુસ્સર - ઽણાઇજ્જ - ઽજસમિઅ નામે સેઅરા વીસં ॥૨૭॥**

ગાથાર્થ – સ્થાવર, સૂક્ષ્મ, અપર્યાપ્ત, સાધારણ, અસ્થિર, અશુભ, દુર્ભગ, દુઃસ્વર, અનાદેય અને અપયશ એ પ્રમાણે નામકર્મમાં ઈતર સાથે વીસ.

સ્થાવર દશકની દસ પ્રકૃતિઓ નીચે મુજબ છે –

| | | |
|---|---|---|
| (૧) સ્થાવર નામકર્મ | (૪) સાધારણ નામકર્મ | (૭) દુર્ભગ નામકર્મ |
| (૨) સૂક્ષ્મ નામકર્મ | (૫) અસ્થિર નામકર્મ | (૮) દુઃસ્વર નામકર્મ |
| (૩) અપર્યાપ્ત નામકર્મ | (૬) અશુભ નામકર્મ | (૯) અનાદેય નામકર્મ |
| | | (૧૦) અયશઃ નામકર્મ. |

એ પ્રમાણે નામકર્મના સ્થાવર દશક અને ઈતર તે ત્રસ દશક સહિત ૨૦ થાય.

એમાં પરાઘાત વગેરે ૮ પ્રત્યેક પ્રકૃતિ ભેળવતાં કુલ ૨૮ પ્રત્યેક પ્રકૃતિઓ થાય તેમાં ૧૪ પિંડ પ્રકૃતિ ભેળવતાં ૪૨ પ્રકૃતિ થાય છે.

**પિંડ પ્રકૃતિ - ૧૪**
**પ્રત્યેક પ્રકૃતિ - ૦૮**
**ત્રસ દશક - ૧૦**
**સ્થાવર દશક - ૧૦**

કુલ **૪૨** નામકર્મના ભેદ થયા.

## નામ કર્મ વિશેષ સંજ્ઞા

**તસ - ચઉ થિર - છક્કં અથિર - છક્કં સુહુમ - તિગ થાવર ચઉક્કં ।**
**સુભગ - તિગાઽઽઇ વિભાસા, તયા - ઽઽઇ - સંખાહિ પયડી હિં ॥૨૮॥**

**ગાથાર્થ –** ત્રસ ચતુષ્ક, સ્થિર ષટક્, અસ્થિર ષટ્ક, સૂક્ષ્મ-ત્રિક, સ્થાવર ચતુષ્ક, સૌભાગ્ય ત્રિક વિગેરે વિભાષાઓ તે-તે પ્રકૃતિ આદિમાં રાખી હોય તેવી સંખ્યાવાળી પ્રકૃતિઓ વડે કરવી.

ત્રસ ચતુષ્ક આ વિભાષામાં બે શબ્દ છે - (૧) ત્રસ અને (૨) ચતુષ્ક. પ્રથમ શબ્દ પ્રકૃતિ સુચવે છે અને તે પ્રકૃતિથી માંડીને કેટલી પ્રકૃતિનો સમુહ લેવાનો તે સંખ્યા બીજા શબ્દમાં જણાવેલ છે.

ત્રસ = ત્રસ પ્રકૃતિ ચતુષ્ક = ચારનો સમુહ.

ત્રસ નામ કર્મથી માંડીને ચાર પ્રકૃતિઓનો સમુહ તે **ત્રસ ચતુષ્ક.** એટલે (૧) ત્રસ નામ કર્મ (૨) બાદર નામ કર્મ (૩) પર્યાપ્ત નામ કર્મ અને (૪) પ્રત્યેક નામ કર્મ. એ ચાર પ્રકૃતિઓનો સમાવેશ ત્રસ ચતુષ્કમાં થાય છે. એ રીતે જ બીજી વિભાષાઓ સમજવાની છે.

**સ્થિર ષટ્ક -** ૧. સ્થિર ૨. શુભ ૩. સુભગ ૪. સુસ્વર ૫. આદેય ૬. યશ એ છ પ્રકૃતિ જાણવી.

**અસ્થિર ષટ્ક -** ૧. અસ્થિર ૨. અશુભ ૩. દુર્ભગ ૪. દુઃસ્વર ૫. અનાદેય અને ૬. અપયશ.

**સૂક્ષ્મત્રિક -** ૧. સૂક્ષ્મ ૨. અપર્યાપ્ત અને ૩. સાધારણ.

**સ્થાવર ચતુષ્ક -** ૧. સ્થાવર ૨. સૂક્ષ્મ ૩. અપર્યાપ્ત અને ૪. સાધારણ.

**સુભગ ત્રિક -** ૧. સુભગ ૨. સુસ્વર અને ૩. આદેય.

આદિ શબ્દથી બીજી પણ દુર્ભગ ત્રિક વિગેરે સંજ્ઞાઓ જાણવી. જે પ્રકૃતિ કહી હોય તેથી માંડીને જેટલી સંખ્યા હોય તેટલી પ્રકૃતીઓ જાણવી.

**वन्न-चउ अगुरुलहु-चउ, तसा-इ दु ति चउर छक्क मिच्चाई ।**
**इअ अन्नावि विभासा, तया ऽऽइसंखाहि पयडीहिं ॥२९॥**

**ગાથાર્થ -** વર્ણ ચતુષ્ક, અગુરુ લઘુ ચતુષ્ક, ત્રસાદિ દ્વિક - ત્રિક-ચતુષ્ક-ષટ્ક ઇત્યાદિક આ અને એવી બીજી પણ વિભાષા-પરિભાષાઓ તે આદિમાં હોય તેવી સંખ્યાવાળી પ્રકૃતિઓ વડે થાય છે.

**વર્ણ ચતુષ્ક -** ૧. વર્ણ, ૨. ગંધ, ૩. રસ અને ૪. સ્પર્શ

**અગુરુ લઘુ ચતુષ્ક -** ૧. અગુરુલઘુ ૨. ઉપઘાત ૩. પરાઘાત અને ૪. ઉચ્છ્વાસ

**ત્રસ દ્વિક -** ૧. ત્રસ ૨. બાદર

**ત્રસ ત્રિક -** ૧. ત્રસ ૨. બાદર અને ૩. પર્યાપ્ત

**ત્રસ ચતુષ્ક -** ૧. ત્રસ ૨. બાદર ૩. પર્યાપ્ત અને ૪. પ્રત્યેક

**ત્રસ ષટ્ક -** ૧. ત્રસ ૨. બાદર ૩. પર્યાપ્ત ૪. પ્રત્યેક ૫. સ્થિર અને ૬. શુભ.

આવી અને બીજી જે વિશેષ સંજ્ઞાઓ આગળ સૂત્રમાં કહેવાશે ત્યાં પ્રકૃતિના નામથી માંડીને તેટલી સંખ્યાવાળી પ્રકૃતિઓની વિભાષા સંજ્ઞા જાણવી.

## પિંડ પ્રકૃતિના ૬૫ પેટા ભેદ

**गइ-आईण उ कमसो, चउ पण पण ति पण पंच छ छक्कं ।**
**पण - दुग - पणऽट्ठ चउ दुग, इअ उत्तर भेय-पण-सट्ठी ॥३०॥**

**ગાથાર્થ -** ગતિ આદિના તો અનુક્રમે ૪-૫-૫-૩-૫-૫-૬-૬-૫-૨-૫-૮-૪-૨ એ પ્રકારે પાંસઠ ઉત્તર ભેદ છે.

| | | | |
|---|---|---|---|
| ગતિ નામકર્મના | ૪ ભેદ છે. | બંધન નામકર્મના | ૫ ભેદ છે. |
| જાતિ નામકર્મના | ૫ ભેદ છે. | સંઘાતન નામકર્મના | ૫ ભેદ છે. |
| શરીરનામ કર્મના | ૫ ભેદ છે. | સંઘયણ નામકર્મના | ૬ ભેદ છે. |
| ઉપાંગ નામ કર્મના | ૩ ભેદ છે. | સંસ્થાન નામકર્મના | ૬ ભેદ છે. |
| વર્ણ નામકર્મના | ૫ ભેદ છે. | સ્પર્શ નામકર્મના | ૮ ભેદ છે. |
| ગંધ નામકર્મના | ૨ ભેદ છે. | આનુપૂર્વી નામકર્મના | ૪ ભેદ છે. |
| રસ નામકર્મના | ૫ ભેદ છે. | વિહાયોગતિ નામકર્મના | ૨ ભેદ છે. |

એમ કુલ પિંડ પ્રકૃતિના **૬૫** ભેદ છે.

## નામ કર્મની પ્રકૃતિઓની ૯૩-૧૦૩ અને ૬૭ સંખ્યા

**अड-वीस जुआ ति - नवइ संते, वा पनर-बंधणे ति-सयं ।**
**बंधण संघाय - गहो तणूसु सामण्ण - वण्ण - चऊ ॥३१॥**

**ગાથાર્થ -** અટ્ઠાવીસ ભેળવીએ એટલે ત્રાણું અથવા બંધનો પંદર ગણવાથી એકસો ત્રણ સત્તામાં બંધન અને સંઘાતન શરીરોમાં ગણી લઇએ અને સામાન્યથી વર્ણ ચતુષ્ક લઇએ (તો ૬૭ થાય.)

### નામ કર્મની ૯૩ પ્રકૃતિઓ

ઉપરોક્ત ગાથા ૩૦માં પિંડ પ્રકૃતિના ૬૫ ભેદ જણાવ્યા એમાં અઠ્યાવીસ પ્રત્યેક પ્રકૃતિઓ (૮ પ્રત્યેક + ૧૦ ત્રસ દશક + ૧૦ સ્થાવર દશક) ભેળવીએ તો (૬૫+૨૮ = ૯૩) ત્રાણું પ્રકૃતિઓ નામકર્મની થાય છે.

## નામ કર્મની ૧૦૩ પ્રકૃતિઓ

સત્તામાં પાંચ બંધન લીધા છે તે ઠેકાણે વિસ્તારથી પંદર બંધન લઇએ તો ૧૦ પ્રકૃતિ વધે તેથી (૯૩+૧૦=૧૦૩) એકસો ત્રણ પ્રકૃતિઓ નામકર્મની થાય છે.

## નામ કર્મની ૬૭ પ્રકૃતિઓ

નામ કર્મથી ૧૦૩ પ્રકૃતિઓમાં ૧૫ બંધન લીધા છે તથા પાંચ ભેદ સંઘાતનના છે. આ ૨૦ પ્રકૃતિઓ શરીર બાંધીએ ત્યારે સાથે જ બાંધીએ છીએ એટલે એમને અલગ ન ગણતાં જો પાંચ શરીરમાં જ સમાવી લેવામાં આવે તો **એ વીસ પ્રકૃતિઓ ઓછી થાય છે.**

તેવી જ રીતે વર્ણ-ગંધ-રસ-સ્પર્શના ૨૦ ભેદ છે. તેમને જુદા ન ગણતાં જો વર્ણચતુષ્ક રૂપે ચારમાં જ સમાવી લેવામાં આવે તો **એ સોળ પ્રકૃતિઓ ઓછી થાય છે.** એટલે કુલ (૨૦+૧૬=૩૬) છત્રીસ પ્રકૃતિઓ ઓછી થાય છે.

જો નામ કર્મની એકસો ત્રણ પ્રકૃતિમાંથી આ છત્રીસ પ્રકૃતિઓ ઓછી કરવામાં આવે તો **(૧૦૩-૩૬=૬૭) સડસઠ પ્રકૃતિઓ નામકર્મની થાય છે.**

**इअ सत्तट्ठी बंधोदए य, न य सम्म-मीसया बंधे ।**
**बंधुदए सत्ताए, वीस - दु - वीसट्ठ - वण्ण सयं ।।२२।।**

**ગાથાર્થ -** એ પ્રમાણે સડસઠ પ્રકૃતિઓ બંધ - ઉદય - ઉદીરણામાં હોય. સમ્યક્ત્વ મોહનીય અને મિશ્ર મોહનીય બંધમાં ન જ હોય. એટલે બંધ-ઉદય અને સત્તામાં અનુક્રમે વીશ-બાવીશ અને અઠ્ઠાવન સાથે સો હોય.

નામ કર્મની ઉપર જણાવેલ સડસઠ પ્રકૃતિઓ બંધ-ઉદય અને ઉદીરણામાં હોય છે.

સમ્યક્ત્વ મોહનીય અને મિશ્ર મોહનીય એ બે પ્રકૃતિઓ બંધે ન હોય કારણ કે જીવ બાંધે તો મિથ્યાત્વ મોહનીય જ. એના દળિયા વિશુદ્ધ અને અર્ધવિશુદ્ધ થાય ત્યારે સમ્યક્ત્વ મોહનીય અને મિશ્ર મોહનીય કહેવાય છે. માટે મોહનીયની કુલ ૨૮ પ્રકૃતિ છે. છતાં બંધમાં ૨૬ જ હોય છે.

તેથી મોહનીયની ૨૬, નામકર્મની ૬૭ તથા બીજા છ કર્મની ૨૭ (૨૬+૬૭+૨૭=૧૨૦) એવી રીતે ૮ કર્મની કુલ ૧૨૦ પ્રકૃતિ બંધે હોય છે.

મોહનીયની ૨૮, નામકર્મની ૬૭ શેષ છ કર્મની ૨૭ એમ કુલ (૨૮+૬૭+૨૭=૧૨૨) આઠ કર્મની ૧૨૨ પ્રકૃતિ ઉદય અને ઉદીરણાએ હોય છે.

મોહનીયની ૨૮, નામકર્મની ૧૦૩, શેષ છ કર્મની ૨૭ એમ (૨૮+૧૦૩+૨૭ = ૧૫૮)

આઠ કર્મની કુલ ૧૫૮ પ્રકૃતિ સત્તાએ હોય છે.

## પિંડ પ્રકૃતિના ૬૫ ઉત્તર ભેદોના નામ અને વ્યાખ્યાઓ

### ગતિ નામ કર્મ

निरय - तिरि-नर-सुर -गइ-इग-बिअ-तिअ-चउ-पणिंदि - जाईओ ।
ओराल - विउव्वा - ऽऽहारग - तेअ कम्मण पण - सरीरा ॥२३॥

**ગાથાર્થ -** નરક, તિર્યંચ, મનુષ્ય અને દેવ ગતિઓ, એકેન્દ્રિય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય અને પંચેન્દ્રિય જાતિઓ, ઔદારિક વૈક્રિય, આહારક, તૈજસ અને કાર્મણ એ પાંચ શરીરો.

**"ગમનમ્ = ગતિ:"**

જગતમાં દ્રવ્ય - ક્ષેત્ર - કાળ અને ભાવના સંજોગોથી ગુંથાયેલી કુદરત અનેક પ્રકારની હોય છે. પરંતુ આત્માને કોઇ પણ કર્મ ભોગવવા માટે કોઇ એક કુદરતી ઘટનાઓ આશ્રય લેવો પડે છે. એ કુદરતી ઘટનાને ગતિ કહેવાય છે. એક - એક ગતિમાં લઇ જનાર એક ચોક્કસ કર્મ હોય છે. તે કર્મથી તેજ ગતિમાં જવાય છે.

ગતિ ચાર છે તેથી તેમાં લઇ જનાર કર્મ પણ ચાર છે.

**૧. નરક ગતિ નામકર્મ -** નરક ગતિમાં લઇ જનાર કર્મ તે - **નરકગતિ નામકર્મ.**

**૨. તિર્યંચગતિ નામ કર્મ -** તિર્યંચ ગતિમાં લઇ જનાર કર્મ તે **તિર્યંચગતિ નામકર્મ.**

**૩. મનુષ્યગતિ નામ કર્મ -** મનુષ્ય ગતિમાં લઇ જનાર કર્મ તે - **મનુષ્યગતિ નામકર્મ.**

**૪. દેવગતિ નામકર્મ -** દેવગતિમાં લઇ જનાર કર્મ તે **દેવગતિ નામકર્મ.**

ગતિ પામવા છતાં કઇ ગતિમાં ક્યા સ્થાનમાં ? કેવા શરીરાદિમાં ઉત્પન્ન થવું તે બાજી આપણા હાથમાં નથી. તે પણ કર્મસત્તા જ નક્કી કરે છે. એ ગતિના ક્યા પેટા વિભાગમાં ઉત્પન્ન થવું તે નક્કી કરનાર કર્મ છે **જાતિ નામ કર્મ.** જાતિ નામ કર્મના પાંચ ભેદ છે -

**જાતિ નામ કર્મ.** (જા. ના. કર્મ)

- એકેન્દ્રિય જા.ના.કર્મ
- બેઇન્દ્રિય જા.ના.કર્મ
- તેઇન્દ્રિય જા.ના.કર્મ
- ચઉરિન્દ્રિય જા.ના.કર્મ
- પંચેન્દ્રિય જા.ના.કર્મ

એકેન્દ્રિય અને તેની કોઇપણ ચોક્કસ જાતિમાં જીવને ઉત્પન્ન થવાનું નક્કી કરી આપી. એકેન્દ્રિય અને તેની કોઇ પણ પેટા જાતિના નામથી જીવને વ્યવહાર માટે પ્રસિદ્ધ કરનાર કર્મ તે **એકેન્દ્રિય જાતિનામ કર્મ.** પૃથ્વીકાય-અપકાય-તેઉકાય **એકેન્દ્રિય જાતિનામ કર્મ.**

બેઇન્દ્રિય અને તેની કોઇ પણ ચોક્કસ જાતિમાં જીવને ઉત્પન્ન થવાનું નક્કી કરી આપી બેઇન્દ્રિય અને તેના કોઇ પણ પેટા જાતિના નામથી જીવને વ્યવહાર માટે પ્રસિદ્ધ કરનાર કર્મ તે **બેઇન્દ્રિય જાતિનામ કર્મ.**

તેઇન્દ્રિય અને તેની કોઇ પણ ચોક્કસ પેટા જાતિમાં જીવને ઉત્પન્ન થવાનું નક્કી કરી આપી તેઇન્દ્રિય અનેતેની કોઇ પણ પેટા જાતિના નામથી જીવને વ્યવહાર માટે પ્રસિદ્ધ કરનાર કર્મ તે **તેઇન્દ્રિય જાતિ-નામ કર્મ.**

ચઉરિન્દ્રિય અને તેની કોઇ પણ ચોક્કસ પેટા જાતિમાં જીવને ઉત્પન્ન થવાનું નક્કી કરી આપી ચઉરિન્દ્રિય અને તેની કોઇપણ પેટા જાતિના નામથી જીવન વ્યવહાર માટે પ્રસિદ્ધ કરનાર કર્મ તે **ચઉરિન્દ્રિય જાતિ નામ કર્મ.**

પંચેન્દ્રિય અને તેની કોઇ પણ ચોક્કસ પેટા જાતિમાં જીવને ઉત્પન્ન થવાનું નક્કી કરી આપી ચઉરિન્દ્રિય અને તેની કોઇ પણ પેટા જાતિના નામથી જીવન વ્યવહાર માટે પ્રસિદ્ધ કરનાર કર્મ તે **પંચેન્દ્રિય જાતિ નામ કર્મ.** ગજ-અશ્વ-સિંહ-કોયલ-ચકલી પંચેન્દ્રિય જાતિ નામ કર્મ.

**જાતિ નામ કર્મ કોઇ પણ જીવને ઇન્દ્રિયો આપતું નથી. દ્રવ્યેન્દ્રિય તો શરીર નામકર્મ. અંગોપાંગ નામકર્મ, ઇન્દ્રિય પર્યાપ્તિ નામકર્મ વિગેરે નામકર્મની સહાયથી થાય છે. ભાવ-ઇન્દ્રિય મતિજ્ઞાનના ક્ષયોપશમથી થાય છે.**

## શરીર નામ કર્મ

**''શીર્યતે તચ્છરીરમ્''** પ્રતિક્ષણે પુદ્ગલને ઉપચયે-અપચયે કરીને વધે-ઘટે તે **શરીર.**

**શરીર નામકર્મના પાંચ પ્રકાર છે.**

- ઔદારિક શરીર નામકર્મ
- વૈક્રિય શરીર નામકર્મ
- આહાર શરીર નામકર્મ
- તૈજસ શરીર નામકર્મ
- કાર્મણ શરીર નામકર્મ



**ઔદારિક શરીર નામકર્મ -** ઔદારિક શરીરની અવગાહના અન્ય શરીરો કરતાં મોટી છે... આજ શરીરથી મોક્ષમાં જવાય છે... તીર્થંકર - ગણધર આજ શરીરને ધારણ કરે છે... બીજી વર્ગણાઓ કરતા એની વર્ગણા સ્થુલ છે... તેથી આ શરીર **'ઉદાર'** કહેવાયું છે તેથી આ શરીર ઔદારિક કહેવાય છે.

ઔદારિક શરીર બનાવવા માટે જોઈતી ઔદારિક વર્ગણા અપાવનાર કર્મ તે **ઔદારિક શરીર નામ કર્મ.**

**વૈક્રિય શરીર નામકર્મ -** નાનામાંથી મોટું થાય... મોટામાંથી નાનું થાય... એકમાંથી અનેક થાય... અનેકમાંથી એક થાય... એવી વિવિધ ક્રિયાઓને કરે તે **વૈક્રિય શરીર.**

વૈક્રિય શરીર બનાવવા માટે જોઈતી વૈક્રિય વર્ગણા અપાવનાર કર્મ તે **વૈક્રિય શરીર નામ કર્મ.**

વૈક્રિય શરીર દેવ-નારક તેમજ લબ્ધિવંત માનવ અને તિર્યંચ તથા વાયુકાયને હોય છે.

**આહારક શરીર નામ કર્મ -** આહાર વર્ગણાના પુદ્‌ગલોથી બનેલું હોય છે. આહારક લબ્ધિવાળા ચૌદપૂર્વધર તીર્થંકર પરમાત્માની ઋદ્ધિ જોવા અથવા તો સંશય પૂછવા બનાવે છે. મુઠ્ઠીવાળેલા હાથ પ્રમાણવાળું હોય છે. અતિ નિર્મળ - સ્ફટિક જેવું આ શરીર કોઇને દેખાય કોઇને ન દેખાય.

આહારક શરીર બનાવવા માટે જોઈતી આહારક વર્ગણા અપાવનાર કર્મ તે **આહારક શરીર નામકર્મ.**

**તેજસ શરીર નામકર્મ -** તેજના પુદ્‌ગલોથી બનેલું તેજસ શરીર છે. તેજસ શરીર આંખે જોઇ શકાતું નથી. અદશ્ય છે. આપણે લીધેલા આહારને પચાવવાનું કામ તેજસ શરીર કરે છે. આ શરીર દ્વારા જ લબ્ધિવંત તેજોલેશ્યા મૂકી શકે છે.

તેજસ શરીર બનાવવા માટે જોઈતી તેજસ વર્ગણા અપાવનાર કર્મ તે **તેજસ શરીર નામકર્મ.**


**કાર્મણ શરીર નામકર્મ -** કર્મ પુદ્‌ગલોથી ઉત્પન્ન થયું તેથી તે કાર્મણ શરીર કહેવાયું. આ શરીર પણ જોઇ શકાતું નથી. અદશ્ય છે. પરંતુ તેના પરિણામ આપણે ક્ષણે ક્ષણે અનુભવીએ છીએ.

જે કર્મના ઉદયથી જીવ કર્મ પુદ્‌ગલ ગ્રહણ કરીને તે રૂપપણે પરિણમાવે છે તે **કાર્મણ નામકર્મ.**

## આંગોપાંગ નામકર્મ

**बाहुरु-पिट्ठी-सिर-उर उयरंग, उवंग अंगुली - पमुहा ।**
**सेसा अंगोवंगा, पढम तणुतिगस्सुवंगाणि ।।३४।।**

**ગાથાર્થ -** હાથ, સાથળ, પીઠ, મસ્તક, છાતી, પેટ અંગો, આંગળી વગેરે ઉપાંગો અને બાકીના અંગોપાંગો સમજવા. પ્રથમ ત્રણ શરીરને ઉપાંગો વિગેરે હોય છે.




**શરીરના મુખ્ય અવયવને અંગ કહેવાય છે.**

શરીરના આઠ અંગ કહેવાય છે. તે આ પ્રમાણે –

૨. ભુજા = હાથ
૨. સાથળ = પગ
૧. પીઠ
૧. મસ્તક
૧. છાતી=હૃદય
૧. ઉદર = પેટ

**કુલ ૮ અંગ**

**અંગના પેટા અવયવ તે ઉપાંગ કહેવાય છે.**

દા.ત. હાથ અંગ છે આંગળીઓ ઉપાંગ છે.
પગ અંગ છે આંગળીઓ – ઢીંચણ ઉપાંગ છે.
પીઠ અંગ છે માણકાઓ ઉપાંગ છે.
મસ્તક અંગ છે નાક, કાન, ઉપાંગ છે.

**ઉપાંગના પેટા અવયવ અંગોપાંગ કહેવાય છે.**




દા.ત. નખ, કેશ, રેખા, વેઢા.

અંગ, ઉપાંગ અને અંગોપાંગ ઔદારિક, વૈક્રિય અને આહારક એ ત્રણ શરીરને જ હોય છે. તેજસ અને કાર્મણ શરીરને નથી હોતા, કારણ તેનો કોઇ આકાર નથી.

આ – આ અંગોપાંગને આપનારા કર્મ **અંગોપાંગ નામ કર્મ** કહેવાય છે.

જે કર્મના ઉદયથી ઔદારિક શરીર રૂપે પરિણામ પામેલ પુદ્‌ગલોમાંથી ઔદારિક શરીર યોગ્ય અંગ–ઉપાંગ અને અંગોપાંગના સ્પષ્ટ વિભાગ રૂપે પરિણામ થાય તે **ઔદારિક અંગોપાંગ નામકર્મ.**

જે કર્મના ઉદયથી વૈક્રિય શરીર રૂપે પરિણામ પામેલ પુદ્‌ગલોમાંથી વૈક્રિય શરીર યોગ્ય અંગ–ઉપાંગ અને અંગોપાંગના સ્પષ્ટ વિભાગ રૂપે પરિણામ થાય તે **વૈક્રિય અંગોપાંગ નામકર્મ.**

જે કર્મના ઉદયથી આહારક શરીરરૂપે પરિણામ પામેલ પુદ્‌ગલોમાંથી આહારક શરીર યોગ્ય અંગ–ઉપાંગ અને અંગોપાંગના સ્પષ્ટ વિભાગ રૂપે પરિણામ થાય તે **આહારક અંગોપાંગ નામકર્મ.**

## બંધન નામકર્મ

उरलाऽऽइ पुग्गलाणं निबद्ध-बज्झंतयाणं संबंधं ।
जं कुणइ जउ - समं तं बंधण मुरलाऽऽइ तणुनामा ॥२५॥

**ગાથાર્થ –** જે બંધાયેલા અને બંધાતા ઔદારિકાદિક પુદ્‌ગલોનો લાખની જેમ સંબંધ કરે તે બંધન નામકર્મ ઔદારિકાદિ શરીરને નામે હોય છે.

ગૃહીત (પૂર્વે બાંધેલા) અને ગૃહ્યમાણ (નવા બંધાતા) પુદ્‌ગલને એક કરે તે **બંધન નામ કર્મ.**

ઔદારિકાદિક શરીરને નામે પાંચ ભેદે છે –

(૧) ઔદારિક બંધન નામ કર્મ (૨) વૈક્રિય બંધન નામ કર્મ

(૩) આહારક બંધન નામ કર્મ (૪) તેજસ બંધન નામ કર્મ અને (૫) કાર્મણ બંધન નામ કર્મ.

## સંઘાતન નામકર્મ

जं संघायइ उरला ऽऽइ - पुग्गले तिणगणं व दंता-ऽऽली ।
तं संघायं बंधणमिव तणु नामेण पंच विहं ॥२६॥

**ગાથાર્થ –** જેમ દંતાલી ઘાસ-સમૂહ એકઠો કરે તેમ ઔદારિકાદિ પુદ્‌ગલોને એકઠા કરે, તે બંધનની જેમ શરીરના નામે સંઘાતન નામકર્મ પાંચ પ્રકારે છે.

વિવિધ ભવોમાં, વિવિધ સમયે જરૂરી એવા શરીર રચનામાં અનુકુળ તે તે પુદ્‌ગલોના જત્થાનો સંગ્રહ કરી આપનાર કર્મ તે **સંઘાતન નામકર્મ** છે. તે પાંચ શરીર પ્રમાણે પાંચ પ્રકારે છે –

(૧) ઔદારિક સંઘાતન નામકર્મ (૨) વૈક્રિય સંઘાતન નામકર્મ

(૩) આહારક સંઘાતન નામકર્મ (૪) તેજસ સંઘાતન નામકર્મ અને (૫) કાર્મણ સંઘાતન નામકર્મ

## બંધન નામકર્મ

ओराल - विउव्वा - हारयाण, सग-तेअ-कम्मजुत्ताणं ।
नव बंधाणाणि इयरदु - सहियाणं तिन्नि तेसिं च ॥२७॥

**ગાથાર્થ** – ઔદારિક – વૈક્રિય અને આહારક ને પોતપોતાની સાથે જોડતાં તથા તૈજસ – કાર્મણની સાથે જોડતાં નવ, બીજા બે સાથે જોડતાં ત્રણ અને તે બેના ત્રણ બંધનો થાય છે.

કુલ બંધનના ૧૫ ભેદ છે. આપણે તેને સમજવાનો – જાણવાનો પ્રયત્ન કરીશું.

(૧) **ઔદારિક – વૈક્રિય – આહારક ને પોતપોતાની તથા તૈજસ-કાર્મણ સાથે તથા તૈજસ-કાર્મણના પોતાની સાથે ૯ બંધન થાય છે.**

(૧) ઔદારિક – ઔદારિક બંધન (૨) ઔદારિક – તેજસ બંધન

(૩) ઔદારિક – કાર્મણ બંધન. (૪) વૈક્રિય – વૈક્રિય બંધન

(૫) વૈક્રિય – તેજસ બંધન (૬) વૈક્રિય – કાર્મણ બંધન

(૭) આહારક-આહારક બંધન (૮) આહારક – તેજસ બંધન

(૯) આહારક – કાર્મણ બંધન.

**ત્રણ શરીરના તેજસ-કાર્મણ સાથે સંયુક્ત બંધન ત્રણ થાય છે –**

(૧૦) ઔદારિક – તેજસ – કાર્મણ બંધન

(૧૧) વૈક્રિય – તેજસ – કાર્મણ બંધન

(૧૨) આહારક – તેજસ – કાર્મણ બંધન

**તેજસ – કાર્મણના પરસ્પર બંધન ત્રણ થાય છે.**

(૧૩) તેજસ-તેજસ બંધન (૧૪) તેજસ કાર્મણ બંધન અને (૧૫) કાર્મણ – કાર્મણ બંધન એવી રીતે કુલ (૯+૩+૩=૧૫) પંદર બંધન થાય છે.

## સંઘયણ નામકર્મ

संघयणमट्ठि-निचओ तं छद्धा - वज्ज - रिसह - नारायं ।
तह रिसह नारायं, नारायं अद्ध नारायं ॥३८॥
कीलिअ छेवट्ठं इह, रिसहो पट्टो अ कीलिआ वज्जं ।
उभओ मक्कड-बंधो, नारायं, इम मुरालंगे ॥३९॥

**ગાથાર્થ** – સંઘયણ એટલે હાડકાની મજબુત ગોઠવણ. તે છ પ્રકારે છે – વજ્રઋષભનારાચ, ઋષભનારાચ, નારાચ, અર્ધનારાચ, કિલિકા અને છેવટ્ઠું. અહીં ઋષભ એટલે પાટો, વજ્ર એટલે કીલિકા – ખીલી. નારાચ એટલે બન્ને તરફ મર્કટબંધ (સમજવા) આ સંઘયણો ઔદારિક શરીરમાં હોય છે.

શરીરના હાડકાની રચના – હાડકાની મજબુતાઇ તે સંઘયણ છે. આ સંઘયણના છ ભેદ છે –



**(૧) વજ્રઋષભનારાચ સંઘયણ** – બે હાડકાં મર્કટબંધની જેમ પરસ્પર (નારાચ) એક બીજાને વીંટાળેલા હોય એના ઉપર હાડકાનો પાટો હોય (ઋષભ) આ બધાને ભેદનાર હાડકાની ખીલી (વજ્ર) હોય છે. આવી હાડકાની મજબૂત રચના **વજ્રઋષભનારાચ સંઘયણ** છે. આવી હાડકાની મજબૂત રચના ને અપાવનાર કર્મ તે **વજ્રઋષભનારાચ સંઘયણ નામકર્મ** છે.



**(૨) ઋષભનારાચ સંઘયણ** – બે હાડકામાં મર્કટબંધ (નારાચ) હોય ઉપર હાડકાનો પાટો હોય (ઋષભ) (ખીલી ન હોય) આવી હાડકાની રચના તે **ઋષભનારાચ સંઘયણ** છે. એ અપાવનાર કર્મ તે **ઋષભનારાચ સંઘયણ નામકર્મ.**



**(૩) નારાચ સંઘયણ** – બે હાડકામાં પરસ્પર મર્કટબંધ (નારાચ) હોય પરંતુ પાટો કે ખીલી ન હોય એવી હાડકાની રચના તે **નારાચ સંઘયણ** અને એને અપાવનાર કર્મ તે **નારાચ સંઘયણ નામકર્મ.**



**(૪) અર્ધનારાચ સંઘયણ** – બે હાડકાંની વચ્ચે એક બાજુ જ મર્કટબંધ (નારાચ) હોય. બીજી બાજુ ન હોય. એવી હાડકાની રચના તે **અર્ધનારાચ સંઘયણ.** એને અપાવનાર કર્મ તે **અર્ધનારાચ સંઘયણ નામકર્મ.**



**(૫) કીલિકા સંઘયણ** – ન મર્કટ બંધ હોય... ન પાટો હોય... એક માત્ર ખીલી જેવા હાડકાથી જ બે હાડકા જોડાયેલા હોય છે. આવી હાડકાની રચના તે **કીલિકા સંઘયણ** છે અને તેને અપાવનાર કર્મ તે **કીલિકા સંઘયણ નામકર્મ.**



**(૬) છેવટ્ઠું સંઘયણ** – ન મર્કટબંધ હોય... ન પાટો હોય... ન ખીલી હોય. માત્ર બન્ને બાજુ હાડકા એકબીજાને અડી રહ્યા હોય એવી હાડકાની રચના તે **છેવટ્ઠું સંઘયણ** છે અને તેને અપાવનાર કર્મ તે **છેવટ્ઠું સંઘયણ નામ કર્મ.**

સંઘયણ તિર્યંચ અને મનુષ્યને... ઔદારિક શરીરને જ હોય છે. દેવો અને નારકોને સંઘયણ ન હોય. વૈક્રિય અને આહારક શરીરને સંઘયણ ન હોય.

ગર્ભજ તિર્યંચ અને મનુષ્યને છ સંઘયણ હોય છે. વિકલેન્દ્રિયને છેવટ્ઠું સંઘયણ જ હોય છે. પાંચમા આરાના વર્તમાન કાળના માનવીને પણ છેવટ્ઠું સંઘયણ જ હોય છે. એકેન્દ્રિય અસંઘયણી હોય છે. હાડકાં જ ન હોવાના કારણે.

## સંસ્થાન નામકર્મ

**सम-चउरंस निग्गोह - साइ - खुज्जाइ वामणं हुंडं ।**
**संठाणा वण्णा किण्ह नील - लोहिअ - हलिद्द - सिआ ॥४०॥**

**ગાથાર્થ –** સમચતુરસ્ર, ન્યગ્રોધ પરિમંડલ, સાદિ, કુબ્જ, વામન અને હુંડક સંસ્થાનો છે.

કાળો, લીલો, લાલ, પીળો, અને ધોળા રંગો છે.

દેહની આકૃતિ – આકાર તે સંસ્થાન કહેવાય છે. તેના છ પ્રકાર છે –




**(૧) સમચતુરસ્ર સંસ્થાન –** સમ એટલે સરખા, ચતુર એટલે ચાર, અને અસ્ર એટલે ખુણા. જેના ચાર ખુણા સરખા હોય – સમ હોય તે સમચતુરસ્ર સંસ્થાન.

પર્યંકાસને બેઠેલી વ્યક્તિના (૧) જમણા ઢિંચણથી ડાબા ખભા સુધીનું અંતર (૨) ડાબા ઢિંચણથી જમણા ખભા સુધીનું અંતર, (૩) બે ઢિંચણ વચ્ચેનું અંતર અને (૪) પલાઠી અને લલાટ વચ્ચેનું અંતર. આ ચાર અંતર જેના સમ (સરખા) છે તે **સમચતુરસ્ર સંસ્થાન** અને એવું સંસ્થાન અપાવનાર કર્મ તે **સમચતુરસ્ર સંસ્થાન નામકર્મ.**

આ શરીર સર્વાંગે સુંદર, પ્રમાણયુક્ત અવયવવાળું, લક્ષણ યુક્ત હોય છે.




**(૨) ન્યગ્રોધ પરિમંડલ સંસ્થાન –** નાભિથી ઉપરના અવયવ સુંદર અને સંપૂર્ણ હોય જ્યારે નાભિથી નીચેના અવયવ હીનાધિક હોય. તેવી શરીરાકૃતિ **ન્યગ્રોધ પરિમંડલ સંસ્થાન** કહેવાય છે જ્યારે એવી શરીરાકૃતિ અપાવનાર કર્મ તે **ન્યગ્રોધ પરિમંડલ સંસ્થાન નામકર્મ** છે.




**(૩) સાદિ સંસ્થાન –** નાભિથી ઉપરના અવયવ હીનાધિક હોય અને નાભિથી નીચેના અવયવ સંપૂર્ણ હોય તેવી શરીરાકૃતિ **સાદિ સંસ્થાન** કહેવાય છે જ્યારે આવી શરીરાકૃતિ અપાવનાર કર્મ **સાદિ સંસ્થાન નામ કર્મ** છે.




**(૪) કુબ્જ સંસ્થાન –** હાથ – પગ – મસ્તક અને ડોક સુલક્ષણ હોય પરંતુ હૃદય-ઉદર (પેટ) હીન હોય તે શરીરાકૃતિ **કુબ્જ**




**સંસ્થાન** કહેવાય છે અને આવી શરીરાકૃતિ અપાવનાર કર્મ **કુબ્જ સંસ્થાન નામકર્મ** છે.

**(૫) વામન સંસ્થાન –** હૃદય અને ઉદર સુલક્ષણા હોય અને હાથ-પગ-મસ્તક અને ડોક હીનાધિક હોય તે શરીરાકૃતિ **વામન સંસ્થાન** કહેવાય છે અને આવી શરીરાકૃતિ અપાવનાર કર્મ તે **વામન સંસ્થાન નામકર્મ** છે.




**(૬) હુંડક સંસ્થાન –** બધા જ અવયવ હિનાધિક અને કુલક્ષણા હોય તે શરીરાકૃતિ **હુંડક સંસ્થાન** કહેવાય છે અને આવી શરીરાકૃતિ અપાવનાર કર્મ તે **હુંડક સંસ્થાન નામકર્મ** છે.

## વર્ણનામ કર્મ

**શરીરની ચામડી તથા વિવિધ પદાર્થો અથવા અવયવોને જુદા જુદા રંગ આપવાનું કામ વર્ણનામ કર્મ કરે છે.**

વર્ણનામ કર્મના મુખ્ય પાંચ ભેદ છે.



**(૧) કૃષ્ણવર્ણ નામકર્મ –** કૃષ્ણ એટલે શ્યામ, વર્ણ એટલે રંગ. જે કર્મના ઉદયથી પ્રાણીના શરીરનો કૃષ્ણ (શ્યામ) વર્ણ થાય છે તે **કૃષ્ણવર્ણ નામકર્મ** છે. દા.ત. કસોટીનો પત્થર.



**(૨) નીલવર્ણ નામકર્મ –** જે કર્મના ઉદયથી પ્રાણીના શરીરનો નીલ વર્ણ થાય છે તે **નીલવર્ણનામ કર્મ** છે. દા.ત. મરકત મણી.



**(૩) રક્તવર્ણ નામકર્મ –** જે કર્મના ઉદયથી પ્રાણીના શરીરનો રક્ત (લાલ) વર્ણ થાય છે તે **રક્તવર્ણ નામકર્મ** છે. દા.ત. હિંગળોક, માણેક.



**(૪) પિત્તવર્ણ નામકર્મ –** જે કર્મના ઉદયથી પ્રાણીના શરીરનો પિત્ત (પીળો) વર્ણ થાય છે તે **પિત્તવર્ણ નામકર્મ** છે. દા.ત. હળદર, પુખરાજ.



**(૫) શ્વેતવર્ણ નામકર્મ –** જે કર્મના ઉદયથી પ્રાણીના શરીરનો શ્વેત (સફેદ/ધોળો) વર્ણ થાય છે તે **શ્વેતવર્ણ નામકર્મ** છે. દા.ત. શંખ.

## ગંધ - રસ - સ્પર્શ નામકર્મ

सुरहिदुरही रसा पण, तित्त - कडु - कसाय - अंबिला - महुरा ।
फासा - गुरु - लहु - मिउ - खर - सी - उण्ह - सिणिद्ध - रूक्खट्ठा ।।४१।।

**ગાથાર્થ** - સુગંધ અને દુર્ગંધ, કડવો, તીખો, તુરો, ખાટો અને મીઠો પાંચ રસ, ભારે - હલકો - કોમળ - ખરબચડો - ઠંડો - ઉનો - ચીંકણો - લુખો એ આઠ સ્પર્શ છે.

શરીરમાં બે પ્રકારની ગંધ હોય છે. એવી ગંધ અપાવનાર કર્મ તે **ગંધ નામકર્મ** છે.



**(૧) સુરભિ ગંધ નામ કર્મ** - જે કર્મના ઉદયથી શરીરમાં વિવિધ પ્રકારની સુગંધ પ્રાપ્ત થાય છે તે **સુરભિ ગંધ નામ કર્મ** છે. દા.ત. ગુલાબ, ચંદન, કસ્તુરી વિગેરે.



**(૨) દુરભિ ગંધ નામ કર્મ** - જે કર્મના ઉદયથી શરીરમાં વિવિધ પ્રકારની દુર્ગંધ પ્રાપ્ત થાય છે તે **દુરભિ ગંધ નામકર્મ** છે. દા.ત. લસણ

પ્રાણીઓના શરીરમાં પાંચ પ્રકારના રસ હોય છે. એ રસ અપાવનાર કર્મ તે **રસનામ કર્મ** છે.



**(૧) તિક્ત રસનામ કર્મ** - તિક્ત એટલે કડવો.

જે કર્મના ઉદયથી શરીરનો તિક્ત (કડવો) રસ થાય છે તે **તિક્તરસ નામકર્મ** છે. દા.ત. લીમડો, કારેલું.



**(૨) કટુરસ નામકર્મ** - કટુ એટલે તીખો.

જે કર્મના ઉદયથી શરીરનો કટુ (તીખો) રસ થાય છે તે **કટુરસ નામકર્મ** છે. દા.ત. મરચાં, મરી.



**(૩) કષાય રસ નામકર્મ** - કષાય એટલે તુરો.

જે કર્મના ઉદયથી શરીરનો કષાય (તુરો) રસ થાય છે તે **કષાયરસ નામકર્મ** છે. દા.ત. આમળા, હરડે.



**(૪) આમ્લરસ નામકર્મ** - આમ્લ એટલે ખાટું.

જે કર્મના ઉદયથી શરીરનો આમ્લ (ખાટો) રસ થાય છે તે **આમ્લરસ નામકર્મ** છે. દા.ત. આંબલી, લીંબુ.



**(૫) મધુરરસ નામકર્મ** - મધુર એટલે મીઠો.

જે કર્મના ઉદયથી શરીરનો મધુર (મીઠો) રસ થાય છે તે **મધુરરસ નામકર્મ** છે. દા.ત. શેરડી.

જે કર્મના ઉદયથી પ્રાણીઓના શરીરમાં વિવિધ સ્પર્શની પ્રાપ્તિ થાય છે તે **સ્પર્શનામ કર્મ** છે. તેના આઠ પ્રકાર છે –



**(૧) ગુરુ સ્પર્શ નામ કર્મ –** જે કર્મના ઉદયથી શરીર ભારે થાય છે તે **ગુરુ સ્પર્શ નામ કર્મ** છે. દા.ત. લોઢું, વજ્ર.



**(૨) લઘુ સ્પર્શ નામ કર્મ –** જે કર્મના ઉદયથી શરીર હલકું થાય છે તે **લઘુ સ્પર્શ નામકર્મ** છે. દા.ત. રૂ



**(૩) મૃદુ સ્પર્શ નામકર્મ –** જે કર્મના ઉદયથી શરીર કોમળ થાય છે તે **મૃદુ સ્પર્શ નામ કર્મ** છે. દા.ત. પુષ્પ.



**(૪) કર્કશ નામ કર્મ –** જે કર્મના ઉદયથી શરીર કઠોર થાય છે તે **કર્કશ નામકર્મ** છે. દા.ત. પત્થર.



**(૫) શીત સ્પર્શ નામ કર્મ –** જે કર્મના ઉદયથી શરીર ઠંડુ થાય છે તે **શીત સ્પર્શ નામ કર્મ** છે. દા.ત. બરફ.



**(૬) ઉષ્ણ સ્પર્શ નામ કર્મ –** જે કર્મના ઉદયથી શરીર ગરમ થાય છે તે **ઉષ્ણ સ્પર્શ નામ કર્મ** છે. દા.ત. અગ્નિ.



**(૭) સ્નિગ્ધ સ્પર્શ નામ કર્મ –** જે કર્મના ઉદયથી શરીર સ્નિગ્ધ થાય છે તે **સ્નિગ્ધ સ્પર્શ નામ કર્મ** છે. દા.ત. માખણ.



**(૮) રૂક્ષ સ્પર્શ નામ કર્મ –** જે કર્મના ઉદયથી શરીર લૂખુ થાય છે તે **રૂક્ષ સ્પર્શ નામ કર્મ** છે. દા.ત. ભસ્મ, રાખ.

એવી રીતે વર્ણ ચતુષ્ક (વર્ણ, ગંધ, રસ, સ્પર્શ)ના કુલ ભેદ (૫+૨+૫+૮=૨૦) વીસ થાય છે.

## વર્ણ ચતુષ્કમાં શુભાશુભ

**नील कसिणं दुग्गंधं, तित्तं कडुअं गुरुं खरं रूक्खं ।**
**सीअं च असुह नवगं, इक्कारसगं सुभं सेसं ।।४२।।**

**ગાથાર્થ -** લીલો અને કાળો, દુર્ગંધ, કડવો-તીખો, ભારે - ખરબચડો-લુખો-ઠંડો આ નવ અશુભ છે. બાકીના અગિયાર શુભ છે.

અશુભ વર્ણ - નીલ અને કૃષ્ણ
શુભ વર્ણ - રક્ત, પીત અને શ્વેત
અશુભ રસ - તિક્ત અને કટુ
શુભ રસ - કષાય, આમ્લ અને મધુર

અશુભ ગંધ - દુર્ગંધ
શુભ ગંધ - સુગંધ
અશુભ સ્પર્શ - ગુરુ, કર્કશ, રુક્ષ અને શીત
શુભ સ્પર્શ - લઘુ, મૃદુ, સ્નિગ્ધ અને ઉષ્ણ.

| | અશુભ | શુભ |
|---|---|---|
| વર્ણ | નીલ-કૃષ્ણ | રક્ત-પીત-શ્વેત |
| ગંધ | દુર્ગંધ | સુગંધ |
| રસ | તિક્ત-કટુ | કષાય-આમ્લ-મધુર |
| સ્પર્શ | ગુરુ-કર્કશ-રુક્ષ-શીત | લઘુ-મૃદુ-સ્નિગ્ધ-ઉષ્ણ. |

**चउह-गइव्वणुपुव्वी, गइ पुव्वी दुगं तिगं नियाउजुअं ।**
**पुव्वी उदओ वक्के, सुह - असुह - वसुट्ट विहगगई ।।४३।।**

**ગાથાર્થ -** ચાર ગતિની જેમ આનુપૂર્વી નામ કર્મ ચાર પ્રકારે છે.

ગતિ અને આનુપૂર્વી બે મળીને દ્વિક અને પોતાનું આયુષ્ય ભેળવતાં ત્રિક થાય છે.

આનુપૂર્વીનો ઉદય વક્ર - વિગ્રહગતિમાં હોય છે.

બળદ અને ઊંટની સમાન શુભ અને અશુભ વિહાયોગતિ નામકર્મ છે.

**આનુપૂર્વી એટલે એક પછી એક અનુક્રમે રહેલા આકાશ પ્રદેશોની શ્રેણિઓ.**

મરણ પછી બીજે ઠેકાણે જન્મ લેવા જતા આત્માને આકાશ પ્રદેશની શ્રેણિઓ ઉપર ચાલવું પડે છે. તે રીતે જતાં જયાંથી વળાંક વળવાનો હોય તે સ્થળેથી બીજી શ્રેણી ઉપર ચડવામાં આ કર્મ સહાય કરે છે. વધુમાં વધુ જીવ ત્રણ વળાંક લે છે તથા ૪ થી ૫ સમયમાં પોતાના ઉત્પત્તિ સ્થાને પહોંચી જાય છે.

**(૧) નરકાનુપૂર્વી નામકર્મ -** નરક ગતિ તરફ જતાં વળાંક વળવાના સ્થળે મદદ કરીને આત્માને નરકગતિમાં લઈ જનાર કર્મ.

**(૨) તિર્યંચાનુપૂર્વી નામકર્મ -** તિર્યંચ ગતિ તરફ જતાં વળાંક વળવાના સ્થળે મદદ કરીને આત્માને તિર્યંચ ગતિમાં લઈ જનાર કર્મ.

**(૩) મનુષ્યાનુપૂર્વી નામકર્મ -** મનુષ્યગતિ તરફ જતાં વળાંક વળવાના સ્થળે મદદ કરીને આત્માને મનુષ્ય ગતિમાં લઇ જનાર કર્મ.

**(૪) દેવાનુપૂર્વી નામકર્મ -** દેવગતિ તરફ જતાં વળાંક વળવાના સ્થળે મદદ કરીને આત્માને દેવગતિમાં લઇ જનાર કર્મ.

જે ગતિ હોય તે જ આનુપૂર્વી હોય અને એ જ આયુષ્ય હોય. તેથી જ્યાં જ્યાં ગતિદ્વિક હોય ત્યારે ગતિ અને આનુપૂર્વી લેવાનું છે તથા ગતિત્રિક ત્યાં ગતિ - આનુપૂર્વી અને આયુષ્ય લેવાનું છે.

દા.ત. નરક દ્વિક એટલે નરકગતિ અને નરકાનુપૂર્વી.

નરકત્રિક એટલે નરકગતિ, નરકાનુપૂર્વી, અને નરકાયુષ્ય.

એવી રીતે બીજી ગતિઓમાં પણ જાણવું.

## વિહાયોગતિ

ત્રસ જીવોને ચાલવાની શક્તિ તો મળે છે પરંતુ બધાની ચાલમાં ફરક હોય છે. ઊંટ અને બળદની ચાલ જુદી... હંસ અને કાગડાની ચાલ જુદી... કુતરા અને વાંદરાની ચાલ જુદી... આ બધાની ચાલને શુભ અને અશુભ બે વિભાગોમાં વિભાજીત કરવામાં આવી છે તે વિહાયોગતિ છે.

બીજાને પ્રિય લાગે તેવી ચાલવાના સુલક્ષણી રીત અપાવનાર કર્મ તે **શુભ વિહાયોગતિ નામ કર્મ.** દા.ત. ગજ, વૃષભ, હંસ.

બીજાને ન ગમે તેવી ચાલવાની કુલક્ષણી રીત અપાવનાર કર્મ તે **અશુભ વિહાયોગતિ નામ કર્મ.** દા.ત. ઊંટ - તીડ - ગધેડા વિગેરે.

**परघाउदया पाणी, परेसिं बलिणंपि होइ दुद्धरिसो ।**
**ऊससिणलद्धिजुत्तो, हवेइ ऊसास नाम वसा ।।४४।।**

**ગાથાર્થ -** પરાઘાત નામકર્મના ઉદયથી જીવ બળવાનને પણ ભારે પડી જાય છે. શ્વાસોશ્વાસ નામકર્મને કારણે જીવ શ્વાસોશ્વાસ લેવા મુકવાની શક્તિ ધરાવી શકે છે.

જે કર્મના ઉદયથી જીવ એવો પ્રભાવશાળી અને તેજસ્વી હોય કે એના દર્શન કે વાણી માત્રથી સામે બળવાન માણસ પણ ક્ષોભ પામી જાય... કાંઇ જ બોલી ન શકે... વિરોધીઓ દબાઇ જાય પરંતુ સ્વયં કોઇનાથી ક્ષોભ ન પામે તે **પરાઘાત નામકર્મ** છે.

જે કર્મના ઉદયથી નાક અથવા શેષ અંગથી સુખે સુખે શ્વાસોશ્વાસ લઇ શકાય અથવા શ્વાસોશ્વાસની લબ્ધિ પ્રાપ્ત થાય તે **શ્વાસોશ્વાસ નામકર્મ** છે.

रवि-बिंबे उ जीअंगं, ताव-जुअं आयवाउ न उ जलणे ।
जमुसिण - फासस्स तहिं, लोहिअवण्णस्स उदउत्ति ।।४५।।

**ગાથાર્થ -** સૂર્યના બિંબમાંના જીવનું શરીર તાપવાળું લાગે છે તે આતપ નામકર્મના ઉદયથી હોય છે. પરંતુ અગ્નિકાયમાં તેનો ઉદય નથી હોતો કેમ કે ઉષ્ણ સ્પર્શ નામ કર્મ અને લાલવર્ણ નામકર્મનો ઉદય હોય છે.

જે કર્મના ઉદયે જીવનું શરીર સ્વયં અનુષ્ણ (શીતલ) હોય છતાં તે ઉષ્ણ પ્રકાશને આપે તે **આતપ નામકર્મ** છે.

સૂર્યના વિમાનરુપે રહેલા બાદર-પર્યાપ્ત પૃથ્વીકાય જીવોને આતપ નામકર્મનો ઉદય હોય છે. તે સ્વયં શીતલ છે પરંતુ ઉષ્ણ પ્રકાશને આપે છે.

અગ્નિકાયના જીવો સ્વયં ઉષ્ણ છે તેથી ત્યાં આતપ નામ કર્મનો ઉદય નથી. પરંતુ ઉષ્ણનામકર્મ અને રક્ત વર્ણનામ કર્મનો ઉદય છે.

अणुसिण-पयास-रुवं जिअंगमुज्जोअए इहुज्जोआ ।
जइ - देवुत्तर विक्किअ, जोइस-खज्जोअ माइव्व ।।४६।।

**ગાથાર્થ -** સાધુનું વૈક્રિય - દેવનું ઉત્તર વૈક્રિય શરીર, ચંદ્રાદિ જ્યોતિષ્ક દેવો અને આગિયા વિગેરેની જેમ જીવોનું શરીર ઉદ્યોત નામકર્મના ઉદયથી ઠંડા પ્રકાશ સ્વરુપે ચમકે છે.

જે કર્મના ઉદયથી જીવનું અનુષ્ણ શરીર ઠંડો પ્રકાશ કરે છે તે **ઉદ્યોત નામ કર્મ.**

દા.ત. સાધુનું વૈક્રિય - દેવોનું ઉત્તર વૈક્રિય શરીર, ચંદ્ર-ગ્રહ-નક્ષત્ર-તારા વિગેરેમાં રહેલા પૃથ્વીકાય બાદર-પર્યાપ્ત જીવો, આગિયો (ચઉરિન્દ્રિય જીવ) મણિ, રત્ન વિગેરે.

अंगं न गुरु न लहुअं, जायइ जीवस्स अगुरु लहु उदया ।
तित्थेण तिहुअणस्स वि, पुज्जो से उदओ केवलिणो ।।४७।।

**ગાથાર્થ -** અગુરુ લઘુ નામકર્મના ઉદયથી જીવનું શરીર ભારે પણ ન થાય અને હલકું પણ ન થાય.

તીર્થંકર નામકર્મના ઉદયથી ત્રણ ભુવનને પૂજ્ય થાય. તેનો ઉદય શ્રી કેવળજ્ઞાની ભગવંતોને હોય છે.

વિશ્વના જીવોને પોતાનું શરીર ન તો ભારે લાગે છે, ન તો હલકું લાગે છે.

ન હાથીને પોતાનું શરીર ભારે લાગે છે...

ન તો કિડીને પોતાનું શરીર હલકું લાગે છે...

જે કર્મના ઉદયથી જીવનું શરીર ગુરુ (ભારે) નહીં, લઘુ (હલકું) નહીં, ગુરુલઘુ નહીં પણ અગુરુલઘુ થાય તે **અગુરુલઘુ નામકર્મ** છે.

જે કર્મના ઉદયથી આઠ મહાપ્રતિહાર્યાદિ અતિશયોની પ્રાપ્તિ થાય છે, ત્રણ ભુવનને પૂજ્ય બને છે અને પૂજનીય ધર્મતીર્થ પ્રવર્તાવે તે **તીર્થંકર નામકર્મ** છે.

તીર્થંકર નામકર્મનો ઉદય છદ્મસ્થને ન હોય. એનો ઉદય કેવલજ્ઞાન પ્રાપ્તિ પછી જ થાય છે.

**अंगोवंगनिअमणं, निम्माणं कुणइ सुत्तहारसमं ।**
**उवघाया उवहम्मइ, सतणुवयवलंबिगाईहिं ॥४८॥**

**ગાથાર્થ -** નિર્માણ નામકર્મ સુતારની જેમ જ્યાં જ્યાં જોઇએ ત્યાં ત્યાં બરાબર અંગોપાંગોની ગોઠવણ કરે છે.

ઉપઘાત નામકર્મના ઉદયથી પોતાના શરીરના જ પડજીભી વગેરે અવયવો વડે દુ:ખી થાય છે.

સુથારના હાથ નીચેના કારીગર નાના-નાના ટુકડાઓ ઘડી આપે પરંતુ એમને યથાયોગ્ય સ્થાને જોડવાનું કામ જેમ મુખ્ય સુથાર કરે છે તેવી જ રીતે અંગોપાંગ નામકર્મ જુદા-જુદા અંગોપાંગની રચના કરી આપે પરંતુ હાથ-પગ-આંખ-કાન આદિને યથાયોગ્ય સ્થાને જોડવાનું કાર્ય નિર્માણ નામકર્મ કરે છે.

અંગ, ઉપાંગ અને અંગોપાંગની નિયત સ્થાને રચના કરે તે **નિર્માણ નામકર્મ** છે.

જે કર્મના ઉદયથી પોતાના શરીરના અવયવોથી પોતે જ દુ:ખી થાય... હણાય તે **ઉપઘાત નામકર્મ** છે. દા.ત. રસોળી, પડજીભી, હરસ, મસા, છ આંગળી, ચોર દાંત વિગેરે.

ગળેફાંસો, ઝંપાપાત, બળી મરવું, આપઘાત કરવો આમાં પણ પોતાનું શરીર જ દુ:ખનું કારણ થતું હોવાથી ઉપઘાત નામકર્મનો ઉદય જ જાણવો.



**बि - ति - चउ पणिंदिअ तसा, बायरओ बायरा जीआ थूला ।**
**निअ निअ-पज्जत्ति-जुआ, पज्जत्ता लद्धि - करणेहिं ॥४९॥**

**ગાથાર્થ -** ત્રસ નામ કર્મના ઉદયથી બેઈન્દ્રિય-તેઈન્દ્રિય - ચઉરિન્દ્રિય-પંચેન્દ્રિય થાય છે.

બાદર નામકર્મના ઉદયથી જીવો બાદર એટલે સ્થૂલ થાય છે.

પર્યાપ્ત નામકર્મના ઉદયથી જીવો લબ્ધિ અને કરણ વડે કરીને પોતપોતાની પર્યાપ્તિવાળા થઇ શકે છે.

જે કર્મના ઉદયથી ત્રસપણું પ્રાપ્ત થાય તે **ત્રસ નામકર્મ** છે.

ત્રસપણું એટલે કોઇ પણ વિપત્તિ આવતાં અથવા તાપાદિકની પીડા આવતાં એક સ્થાનેથી બીજા સ્થાને સ્વેચ્છાપૂર્વક જઇ શકે તેવા શરીરની પ્રાપ્તિ. દા.ત. બેઈન્દ્રિયથી પંચેન્દ્રિય જીવો.

જે કર્મના ઉદયથી બાદરપણું પ્રાપ્ત થાય તે **બાદર નામકર્મ** છે.

બાદર એટલે ચક્ષુગ્રાહ્ય (આંખોથી જોઇ શકાય એવા) શરીરવાળો.

એક - અનેક - સંખ્યાત - અસંખ્યાત - અનંત પણ શરીર ભેગા મળીને જો આંખોથી જોઇ શકાય તે બાદર કહેવાય.

જે કર્મના ઉદયથી પોતાની સ્વયોગ્ય પર્યાપ્તિ પુરી કરવામાં સમર્થ થાય તે **પર્યાપ્ત નામકર્મ** છે.

પર્યાપ્તા જીવોના બે ભેદ છે - (૧) લબ્ધિ પર્યાપ્ત (૨) કરણ પર્યાપ્ત.

જે જીવની જેટલી પર્યાપ્તિ કહી છે તેટલી પૂરી કરીને મરશે તે **લબ્ધિ પર્યાપ્ત** છે.

જે જીવની હજી પર્યાપ્તિ અધુરી છે અને મરશે તે **લબ્ધિ અપર્યાપ્ત** છે.

જે જીવે સર્વ પર્યાપ્તિઓ પૂર્ણ કરી છે તે **કરણ પર્યાપ્ત** છે.

જે હજી અપર્યાપ્ત છે પણ નિશ્ચિત પર્યાપ્તિ પૂરી કરશે તે **કરણ અપર્યાપ્ત** છે.

**पत्ते अ तणू पत्ते उदएणं दंत - अट्ठिमाइ थिरं ।**
**नाभुवरि सिराइ सुहं, सुभगाओ सव्व-जण-इट्ठो ॥५०॥**

**ગાથાર્થ -** પ્રત્યેક નામકર્મના ઉદયથી જીવ પ્રત્યેક શરીરવાળો થાય છે.

દાંત-હાડકાદિ સ્થિર પ્રાપ્ત થાય છે. નાભિ ઉપરના મસ્તક વગેરે શુભ ગણાય છે. સૌભાગ્ય નામકર્મના ઉદયથી સહુને વહાલો લાગે છે.

એક શરીરમાં અનંત જીવ તે સાધારણ. (વનસ્પતીકાય)

એક શરીરમાં એક જીવ તે પ્રત્યેક.

જે કર્મના ઉદયથી પ્રત્યેક (જીવવાર ભિન્ન ભિન્ન) શરીરની પ્રાપ્તિ થાય છે તે **પ્રત્યેક નામકર્મ** છે.

જે કર્મના ઉદયથી શરીરમાં સ્થિર અવયવોની પ્રાપ્તિ થાય છે તે **સ્થિર નામકર્મ** છે. દા.ત. દાંત, હાડકા વિગેરે.

જે કર્મના ઉદયથી નાભિ ઉપરના મસ્તકાદિ શુભ (જેના સ્પર્શ વડે કોઈને અપ્રીતિ ન થાય) અવયવોની પ્રાપ્તિ થાય છે તે **શુભ નામકર્મ** છે. દા.ત. હાથ, મસ્તક વિગેરે.

જે કર્મના ઉદયથી બીજા ઉપર ઉપકાર ન કરવા છતાં સહુને વહાલો લાગે તે **સૌભાગ્ય નામકર્મ** છે.

**सुसरा महुरसुहझ्झुणी, आइज्जा सव्वलोअगिज्झवओ ।**
**जसओ जसकित्तीओ, थावरदसगं विवज्जत्थं ।।५१।।**

**ગાથાર્થ –** સુસ્વર નામકર્મના ઉદયથી મીઠા અને સુખકર આવાજ વાળો થાય.

આદેય નામકર્મના ઉદયથી દરેક માણસોને માન્ય વચનવાળો થાય. યશ નામકર્મના ઉદયથી યશ અને કીર્તિ થાય.

સ્થાવર દશકથી વિપરીત અર્થમાં સમજવું.

જે કર્મના ઉદયથી મીઠા-મધુર અને સર્વ જીવોને સુખકારી સ્વરની પ્રાપ્તિ થાય છે. તે **સુસ્વર નામકર્મ** છે. દા.ત. કોયલ.

જે કર્મના ઉદયથી સર્વ લોકોને માન્ય વચનની પ્રાપ્તિ થાય છે. અથવા જે કર્મના ઉદયથી સર્વ લોકો તેના વચનને માન્ય કરે છે તે **આદેય નામકર્મ** છે.

જે કર્મના ઉદયથી સર્વત્ર યશ-કીર્તિ ફેલાય તે **યશ નામકર્મ** છે.

ઉપરોક્ત ત્રણ ગાથામાં (૪૯-૫૦-૫૧) આપણે ત્રસ દશકની દસ પ્રકૃતિઓ જાણી. સ્થાવર દશક એનાથી વિપરીત છે. સ્થાવર દશકનો સંક્ષિપ્ત પરિચય નીચે મુજબ છે –

જે કર્મના ઉદયથી સ્થાવરપણું પ્રાપ્ત થાય તે **સ્થાવર નામકર્મ**. દા.ત. એકેન્દ્રિય, પત્થર, પાણી વિગેરે.

જે કર્મના ઉદયથી સૂક્ષ્મપણું પ્રાપ્ત થાય તે **સૂક્ષ્મ નામકર્મ** ઘણા અનંત ભેગા થાય તો પણ ચક્ષુથી જોઈ શકાય નહીં.

જે કર્મના ઉદયથી સ્વયોગ્ય પર્યાપ્તિ પૂરી કરવા સમર્થ ન થાય તે **અપર્યાપ્ત નામકર્મ.**

જે કર્મના ઉદયથી જીવને સાધારણ શરીર પ્રાપ્ત થાય તે **સાધારણ નામકર્મ.** (અનંતાજીવ ભેગા મળે પણ એક જ શરીર મળે) દા.ત. બટાટા, કાંદા, ગાજર, મુળો વિગેરે.

જે કર્મના ઉદયથી અસ્થિર અવયવની પ્રાપ્તિ થાય તે **અસ્થિર નામકર્મ.** દા.ત. કાન, પાંપણ, જીભ, હાથ-પગની શિથિલ સંધિ.

જે કર્મના ઉદયથી નાભિથી નીચેના પગસુધીના (અશુભ) અવયવોની પ્રાપ્તિ થાય છે તે **અશુભ નામ કર્મ.**

જે કર્મના ઉદયથી બધાને જ અળખામણો થાય છે તે **દુર્ભગ નામ કર્મ.**

જે કર્મના ઉદયથી ક્રૂર-ન ગમે એવા કર્કશ સ્વરની પ્રાપ્તિ થાય છે તે **દુઃસ્વર નામકર્મ.**

જે કર્મના ઉદયથી સાચું-સારું અને હિતકર વચન પણ કોઈ માને નહીં તે **અનાદેય નામકર્મ.**

જે કર્મના ઉદયથી સર્વત્ર અપયશ અને અપકીર્તિ પામે તે **અપયશ નામકર્મ.**

**गोअं दुहुच्च - नीअं कुलाल इव सुघड - भुंभला - ऽऽइअं ।**
**विग्घं दाणे लाभे भोगुवभोगेसु वीरिए अ ।।५२।।**

**ગાથાર્થ –** જેમ કુંભાર સારા ઘડા અને ભુંભલા પણ બનાવે તેમ ગોત્ર કર્મ ઉચ્ચ અને નીચ એમ બે પ્રકારે છે. દાન-લાભ-ભોગ-ઉપભોગ અને વીર્યમાં વિઘ્ન કરે છે.

ગોત્ર કર્મ બે પ્રકારે છે –

(૧) ઉચ્ચ ગોત્ર કર્મ અને (૨) નીચ ગોત્ર કર્મ.

આ ગોત્ર કર્મ કુંભાર સમાન છે.

કુંભાર દુધ વિગેરે માટે સુઘટ – સારા – સુંદર ઘડા પણ બનાવે અને મદિરા (દારૂ) વિગેરે માટે કુઘટ – અશુભ – ભુંભલા પણ બનાવે છે તેવી જ રીતે કર્મ સત્તા જીવને ઉચ્ચ કે નીચ ગોત્ર અપાવે છે. ઉચ્ચ-નીચ બનાવે છે.

જે કર્મના ઉદયથી ઉચ્ચ ગોત્રમાં જન્મ મળે તે **ઉચ્ચ ગોત્ર કર્મ.**

જે કર્મના ઉદયથી નીચ ગોત્રમાં જન્મ મળે તે **નીચ ગોત્ર કર્મ.**

ઉચ્ચ ગોત્ર આઠ ભેદે છે –

૧. જાતિ વિશિષ્ટતા ૨. કુળ વિશિષ્ટતા

૩. બળ વિશિષ્ટતા    ૪. રૂપ વિશિષ્ટતા

૫. તપ વિશિષ્ટતા    ૬. શ્રુત વિશિષ્ટતા

૭. લાભ વિશિષ્ટતા    ૮. ઐશ્વર્ય વિશિષ્ટતા.

નીચ ગોત્ર કર્મ એનાથી વિપરીત જાણવું.

આત્મામાં દાનાદિ પાંચ લબ્ધિઓ (શક્તિઓ) છે. તેમને અટકાવવાનું - રોકવાનું - વિઘ્ન કરવાનું કાર્ય અંતરાય કર્મ કરે છે. દાનાદિ લબ્ધિઓ પાંચ છે તેથી અટકાવનાર અંતરાયકર્મ પણ પાંચ પ્રકારે છે.

૧. જે કર્મના ઉદયથી શક્તિ અને સંયોગ હોવા છતાં... દાનના મહિમાને જાણવા છતાં; દાન આપવાનો ઉત્સાહ ન થાય તે **દાનાંતરાય કર્મ** છે. દા.ત. કપીલા દાસી.

૨. જે કર્મના ઉદયથી પાત્રતા-યોગ્યતા હોવા છતાં વસ્તુની પ્રાપ્તિ ન થાય તે **લાભાંતરાય કર્મ** છે. દા.ત. આદિનાથ પ્રભુ, ઢંઢણ મુનિ.

૩. જે કર્મના ઉદયથી સર્વ ભોગ સામગ્રી ઉપલબ્ધ હોવા છતાં જીવ ભોગવી ન શકે તે **ભોગાંતરાય કર્મ** છે. દા.ત. મમ્મણ શેઠ.

૪. જે કર્મના ઉદયથી સર્વ ઉપભોગની સામગ્રી ઉપલબ્ધ હોવા છતાં જીવ એનો ઉપભોગ ન કરી શકે તે **ઉપભોગાંતરાય કર્મ** છે.

જે વસ્તુને એક વખત જ ઉપયોગમાં લઇ શકાય અથવા ભોગવી શકાય તે ભોગ. દા.ત. ખાદ્ય સામગ્રી, પુષ્પ વિગેરે.

જે વસ્તુને વારંવાર અથવા અનેકવાર ભોગવી શકાય તે ઉપભોગ. દા.ત. મકાન, ગાડી, વસ્ત્ર વગેરે.

૫. જે કર્મના ઉદયથી યુવાન હોય... નિરોગી હોય છતાં બળ ફોરવવાનું મન ન થાય તે વીર્યાંતરાય કર્મ છે.

**सिरि हरियसमं एयं, जह पडिकूलेण तेण रायाई ।**
**न कुणइ दाणाईयं, एवं विग्घेण जीवो वि ॥५२॥**

**ગાથાર્થ -** અંતરાય કર્મ રાજાના ભંડારી જેવું છે. જો રાજ ભંડારી પ્રતિકુળ હોય તો રાજા દાનાદિ ન કરી શકે તેમ જીવ પણ અંતરાય કર્મ વડે દાનાદિ ન કરી શકે.

રાજા દાન આપવાથી ઇચ્છાવાળો હોય... રાજાની પાસે ભંડાર ભરપૂર હોય... વિપુલ ધન વૈભવ હોય... દાન લેનારને જરૂર હોય... એમાં સંપૂર્ણ યોગ્યતા - પાત્રતા હોય... બધું જ વ્યવસ્થિત હોવા છતાં ભંડારીને રાજા આપે એ ન ગમતું હોય તો એ આડી-અવળી વાતોથી રાજાની કાન ભંભેરણી કરીને રાજાને

દાન આપતાં અટકાવે તેથી રાજા દાન આપી શકતો નથી. તેમ જ અંતરાય કર્મના ઉદયમાં આ જીવ પણ દાનાદિ કરી શકતો નથી.

એવી રીતે આઠ મુખ્ય અને ૧૫૮ પેટા ભેદ દ્વારા કર્મો આપણને કેવા કેવા વિપાક - ફળ આપે છે એ સમજાવ્યું. આપણા આત્માએ અનંતીવાર આ બધા કર્મોના વિપાક ભોગવ્યા છે. આવું જાણ્યા-સમજ્યા પછી સહજ મનમાં પ્રશ્ન ઉઠે આવા ફળ આપનારા કર્મો બંધાય કેવી રીતે ? બંધાય તો વિપાક ભોગવવા પડે જો બાંધીએ જ નહીં તો વિપાક ક્યાંથી હોય ? અર્થાત્ ન જ હોય. અહીં આગળની ગાથાઓમાં કર્મ બંધાય કેવી રીતે ? એને સમજાવવાનો સુંદર પ્રયાસ કર્યો છે.

**पडिणीयत्तण - निन्हव - उवघाय - पओस - अंतराएणं ।**
**अच्चासायणयाए, आवरणदुगं जीओ जयइ ।।५४।।**

**ગાથાર્થ -** પ્રત્યનીકત્વ, નિહ્નવ, ઉપઘાત, પ્રદ્વેષ અને અંતરાયથી તથા ઘણી આશાતના કરવાથી જીવ બન્નેય (જ્ઞાનાવરણીય તથા દર્શનાવરણીય) પ્રકારના આવરણ કર્મ બાંધે છે.

કર્મબંધના મુખ્ય ચાર હેતુ છે - ૧. મિથ્યાત્વ ૨. અવિરતિ ૩. કષાય અને ૪. યોગ.

આ ચાર હેતુથી ક્ષણે ક્ષણે જીવ કર્મ બાંધે જ છે પરંતુ એમાં જ્યારે જ્યારે વિશેષ હેતુ જોડાય ત્યારે તે તે કર્મ જીવ તીવ્ર રસ પૂર્વક બાંધે છે જેનું અહિં વિસ્તારથી વર્ણન છે.

જ્ઞાન અને દર્શન આત્માના મુખ્ય ગુણ છે. તેથી જ્ઞાનાવરણીય અને દર્શનાવરણીય કર્મ બંધના 'છ' વિશેષ હેતુઓ અહીં જણાવે છે.

જ્ઞાન-દર્શન પ્રત્યે, જ્ઞાની-દર્શની (દેવ-ગુરુ) તથા જ્ઞાન દર્શનના સાધનો એટલે જિનાલય, જિન પ્રતિમા, જિન પ્રવચન, પુસ્તક, કાગળ, લેખની, પેન-પેન્સિલ, માળા, પૂજા સામગ્રી, પૂજાના સાધનો પ્રત્યે-

**૧. પ્રત્યાની -** ઉપરોકત સાધનો અને વ્યક્તિઓ પ્રત્યે અનિષ્ટ આચરણ કરવાથી, એમને મન દુઃખ, અપમાન, અપ્રીતિ થાય એવું આચરણ કરવાથી

**૨. નિન્હવ -** ગુરુને ઓળવવાથી, ગુરુનું નામ છુપાવવાથી બીજાને ગુરુ કહેવાથી.

**૩. ઉપઘાત -** દેવ-ગુરુનો ઘાત કરવાથી, હત્યા કરવાથી, માર મારવાથી.

**૪. પ્રદ્વેષ -** દેવ-ગુરુ એવં જ્ઞાન-દર્શનના સાધનો ઉપર દ્વેષ ધારણ કરવાથી, અસદ્ભાવ, તિરસ્કાર અને નફરતના ભાવ રાખવાથી.

**૫. અંતરાય -** જ્ઞાન-દર્શનની આરાધનામાં અંતરાય-વિઘ્ન કરવાથી.

**૬. આશાતના** - જ્ઞાન-દર્શનની અત્યંત આશાતના, અવહેલના, નિંદા કરવાથી.

આ છ કારણથી જીવ સવિશેષ જ્ઞાનાવરણીય અને દર્શનાવરણીય કર્મ તીવ્ર રસ અને દિર્ઘ સ્થિતિવાળું બાંધે છે.

જ્ઞાન-જ્ઞાની-જ્ઞાનની સામગ્રીની આશાતનાથી જ્ઞાનાવરણીય કર્મ બાંધે છે અને દર્શન-દર્શની અને દર્શનની સામગ્રીની આશાતનાથી દર્શનાવરણીય કર્મ બાંધે છે.

**गुरु - भत्ति - खंति - करुणा वय जोग कसाय विजय दाण जुओ ।**
**दढ धम्माइ - अज्जाई सायमसायं विवज्जायओ ।।५५।।**

**ગાથાર્થ** - ગુરુ ઉપર ભક્તિ, ક્ષમા, દયા, વ્રત, સંયમ માર્ગ, કષાયો ઉપર કાબુ અને દાન દેવાવાળો તથા દઢધર્મી વિગેરે શાતા વેદનીય તથા તેથી વિપરીત આચરણવાળો અસાતા વેદનીય કર્મ બાંધે છે.

શાતા પામવા શાતાવેદનીય બાંધવું આવશ્યક છે. શાતાવેદનીય કર્મ બંધાવનાર મુખ્ય શુભ આચરો નીચે મુજબ છે.

**૧. ગુરુ જન ભક્તિ** - માતા-પિતા, વિદ્યાગુરુ અને ધર્મગુરુ વિગેરેની મન-વચન-કાયાથી ભક્તિ કરવી.

**૨. ક્ષમા** - જીવનમાં ક્રોધનો ઉદય થાય એવા પ્રસંગોમાં પણ મનની શાંતિ-સમાધિ ટકાવી રાખી ક્ષમા-સમતા ધારણ કરવી.

**૩. કરુણા-દયા** - સર્વ દુઃખી જીવો ઉપર દયા-કરુણા ધારણ કરવી.

**૪. વ્રત પાલના** - સાધુ અથવા શ્રાવક જીવનના મહાવ્રતો અથવા અણુવ્રતોનું સુદર પાલન કરવું.

**૫. યોગ** - આત્માને મોક્ષની સાથે... જીવને શિવની સાથે જોડે તે યોગ. સ્વાધ્યાય - ભક્તિ - વિનય - તપ - જપ બધા યોગ છે. મન-વચન-કાયાના યોગને અશુભ પ્રવૃત્તિમાંથી દૂર કરી શુભ પ્રવૃત્તિમાં જોડવા તે પણ યોગ છે.

**૬. કષાય વિજય** - ક્રોધ - માન - માયા અને લોભ એ કષાય છે. જ્યારે જ્યારે એમના પ્રસંગ ઉપસ્થિત થાય ત્યારે ત્યારે ક્રોધને ક્ષમાથી, માનને વિનયથી, માયા ને સરળતાથી અને લોભને સંતોષથી જીતવા તે કષાય વિજય છે.

**૭. દાન રુચિ** - પોતાની પાસે જ સામગ્રી હોય તે બીજાને પરોપકાર માટે આપવી - એનો ત્યાગ કરવો તે દાન છે. એમાં રુચિ તે દાન રુચિ છે.

**૮. દૃઢ ધર્મી** – ધર્મ આરાધના કરતાં વિઘ્ન – અંતરાય આવે કે વિપત્તિઓ આવે એમાં ક્યાંય ધીરજ ગુમાવે નહીં. ધર્મ આરાધના છોડે નહીં. ગમે તેવી કસોટીમાં ધર્મમાં સ્થિર રહે તે દૃઢધર્મી છે.

એવા તેમજ આદિ એટલે દર્શન-પૂજા-સેવા-પવિત્રતાદિ અનેક ગુણો દ્વારા શાતા વેદનીય કર્મ બંધાય છે.

આથી વિપરીત કારણોથી એટલે ગુરુજનોનું અપમાન કરનાર, ક્રોધી, ક્રુર, વ્રતભ્રષ્ટ, અશુભ યોગ સેવનાર, કષાયી, કૃપણ, ધર્મમાં અસ્થિર આચરણવાળો જીવ અશાતાવેદનીય કર્મ બાંધે છે.

**उम्मग्ग - देसणा - मग्ग - नासणा देव दव्व हरणेहिं ।**
**दंसण - मोहं जिण - मुणि चेइअ संघा - ऽऽइ पडिणीओ ।।५६।।**

**ગાથાર્થ** – ઉંધા માર્ગનો ઉપદેશ, સાચા માર્ગનો નાશ અને દેવદ્રવ્યનું હરણ, વિગેરેથી જિનેશ્વર પ્રભુ, મુનિરાજ, ચૈત્ય અને શ્રી સંઘ સકળના પ્રત્યનીકો વિરોધિઓ દર્શન મોહનીય કર્મ બાંધે છે.

દર્શન-મોહનીય કર્મ કેવી રીતે બાંધે તે જણાવે છે –

**૧. ઉન્માર્ગ** – ખોટા – પાપના માર્ગને દેખાડવું.

**૨. માર્ગનાશ** – શુદ્ધ મોક્ષમાર્ગનો નાશ કરવો અથવા લોપવું.

**૩. દેવદ્રવ્ય હરણ** – દેવદ્રવ્યનો નાશ કરવો, ભક્ષણ કરવું.

**૪. પ્રત્યનીક** – તીર્થંકર, સાધુ, ચૈત્ય, પ્રતિમા, ચતુર્વિધ સંઘ પ્રત્યે અનિષ્ટ આચરણ.

આ બધા હેતુઓથી જીવ મુક્ત બને... દૂર રહે તો દર્શન મોહનીય ન બાંધે.

**दुविहंपि चरण मोहं कसाय - हासाऽऽइ विसय-विवसमणो ।**
**बंधइ निरया-ऽऽउ महा-रंभ-परिग्गहो - रओ रुद्दो ।।५७।।**

**ગાથાર્થ** – કષાયો અને હાસ્યાદિ નોકષાયના વિષયોમાં આસક્ત મનવાળો બન્નેય પ્રકારનું ચારિત્ર મોહનીય કર્મ બાંધે છે. મહા આરંભ અને પરિગ્રહોમાં ડૂબેલો અને રૌદ્ર ધ્યાની માણસ નારકીનું આયુષ્ય બાંધે છે.

ક્રોધ-માન-માયા અને લોભ એ ચાર કષાયમાં પરવશતા અને આસક્તિ **કષાય ચારિત્ર મોહનીય કર્મ** બંધાવે છે.

હાસ્યાદિ છ નોકષાયમાં પરવશતા અને આસક્તિ **નોકષાય ચારિત્ર મોહનીય કર્મ** બંધાવે છે.

પાંચ ઈન્દ્રિયોના વિષયમાં પરવશતા અને આસક્તિ **વેદત્રિક ચારિત્ર મોહનીય કર્મ** બંધાવે છે.

## આયુષ્ય કર્મ બંધ

**૧. નરકગતિ આયુષ્ય બંધ -** મહા આરંભ - મહા પરિગ્રહમાં તીવ્ર આસક્તિવાળો જીવ એના કારણે તીવ્ર કષાયવંત બને છે. તીવ્ર કષાય અનંતાનુબંધી બનીને જીવને રૌદ્ર ધ્યાની બનાવે. ક્રુર-નિર્દય બનાવી જીવ-ઘાત કરાવી, દુષ્ટ પરિણામથી **નરકાયુનો બંધ** કરાવે છે.

तिरिआउ गूढ-हिअओ सढो स - सल्लो तहा मणुस्सा -ऽऽऊ।
पयईइ तणु - कसाओ दाण-रुई मज्झिम - गुणो अ ॥५८॥

**ગાથાર્થ -** ગૂઢ હૃદયવાળો, શઠ, શલ્યવાળો, તિર્યંચગતિનું આયુષ્ય અને સ્વભાવથી જ થોડા કષાયવાળો દાન પ્રિય અને મધ્યમ ગુણો ધરાવનાર મનુષ્યનું આયુષ્ય બાંધે છે.

**૨. તિર્યંચગતિ આયુષ્ય બંધ**

✻ **ગૂઢ હૃદયવાળો** એટલે અત્યંત માયાવી - કપટી હોય હૃદયમાં હળાહળ ઝેર હોય અને હોઠ ઉપર મિઠી મધુર વાણી હોય. દા.ત. વિનયરત્ન.

✻ **શઠ** એટલે લુચ્ચો મોઢે મીઠું બોલે - અધ્યવસાય ભયંકર હોય. દા.ત. ધવલશેઠ

✻ **શલ્ય** ત્રણ છે. માયા - મિથ્યાત્વ અને નિદાન શલ્ય દ્વારા બીજાને ઠગવાની ક્રિયા. પ્રાયશ્ચિતાદિ કરતી વખતે પણ શલ્ય સહિત કરે. માયાયુક્ત કરે. દા.ત. લક્ષ્મણા સાધ્વી.

આ ત્રણે હેતુએ તિર્યંચગતિ બાંધે.

**૩. મનુષ્યગતિ આયુષ્ય બંધ**

✻ **અલ્પ કષાયી** - સ્વભાવથી જ જેના ક્રોધ - માન - માયા - લોભ (મંદ) પાતળા પડેલા હોય.

✻ **પરોપકાર**-બીજાનું હિત કરવાની ભાવનાથી દાનની રુચિવાળો હોય અને

✻ **જ્ઞાન-ધ્યાન**-તપ-જપ-વિનય-ક્ષમાદિ મધ્યમ ગુણવાળો હોય.

તે આ ત્રણ હેતુથી મનુષ્યગતિનું આયુષ્ય બાંધે છે.

अविरयमाई सुरा-ऽऽउं बाल तवो ऽ काम-निज्जरो जयइ ।
सरलो अ - गारविल्लो सुह नामं, अन्न-हा-अ-सुहं ॥५९॥

**ગાથાર્થ -** અવિરત સમ્યગ્દૃષ્ટિ આદિ, બાળ તપસ્વી, અકામ નિર્જરા કરનાર દેવનું આયુષ્ય બાંધે. સરળ અને ગારવ વગરનો શુભનામકર્મ બાંધે અને તેથી વિરુદ્ધ હોય તે અશુભ નામકર્મ બાંધે.

**૪.દેવગતિ આયુષ્ય બંધ**

✻ અવિરત સમ્યગ્દૃષ્ટિ, દેશવિરતિ અને સર્વવિરતિ - સરાગ સંયમી જીવો દેવ-ગુરુ-ધર્મ પ્રત્યેના રાગના કારણે દેવાયુ બાંધે.

✻ બાળ તપસ્વી અને અકામ નિર્જરા કરનાર જીવો લક્ષ્ય વગર, જ્ઞાન-સમજણ વગર તપ કરતા હોવાથી દેવાયુ બાંધે. (પ્રાયઃ અસુરાયુ બાંધે.)

## નામ કર્મ બંધ

નામ કર્મ મોટું છે. ૧૦૩ પ્રકૃતિ ધરાવે છે એનું સંક્ષિપ્ત વિભાજન બે ભાગમાં કરવામાં આવ્યું છે - (૧) શુભ નામ કર્મ અને (૨) અશુભ નામ કર્મ.

✻ માયા-કપટ વિનાનો સરળ સ્વભાવી હોય તથા

✻ ઋદ્ધિ ગારવ - રસ ગારવ - શાતા ગારવ વિનાનો હોય.

એવા જીવ શુભ નામકર્મ બાંધે છે.

એનાથી વિપરીત એટલે માયાવી અને ગારવવાળો જીવ અશુભ નામકર્મ બાંધે છે.

## ગોત્ર કર્મ બંધ

गुणपेही मयरहिओ, अज्झयण - ज्झावणारुई निच्चं ।
पकुणइ जिणाइभत्तो, उच्चं नीअं इयर हा उ ॥६०॥

**ગાથાર્થ -** હંમેશા ગુણગ્રાહી, નિરહંકારી, ભણવા-ભણાવવાનો રસિક અને જિનેશ્વર પ્રભુ વિગેરેનો ભક્ત ઉચ્ચ ગોત્ર અને તેથી વિરુદ્ધ હોય તે નીચ ગોત્ર બાંધે છે.

ઉચ્ચ ગોત્ર કર્મ કેવી રીતે બંધાય ?

✻ **ગુણગ્રાહી -** જ્યાં નજર પડે ત્યાંથી ગુણોને જ ગ્રહણ કરે. સ્વાભાવિક દૃષ્ટિ જ એવી હોય કે દોષ

દેખાય જ નહિં. નાના પણ બીજાના ગુણને મોટો કરી પ્રશંસા કરી સ્વીકારે.

❊ **નિરહંકારી** – અહંકાર રહિત હોય. નમ્રતા – વિનય ગુણવાળો હોય છે.

❊ સતત કાંઈક નવું શિખવાની અને શિખવાડવાની રુચિવાળો હોય.

❊ **જિનાદિનો ભક્ત** – અરિહંતાદિ પંચપરમેષ્ઠિનો ભક્ત હોય. એમની પૂજા-અર્ચના-ભક્તિ અને વૈયાવચ્ચનો લાભ લેનારો હોય.

આવો જીવ ઉચ્ચ ગોત્ર કર્મ બાંધે છે. એનાથી વિપરીત એટલે પરનિંદા, અહંકાર, પ્રમાદિ, પંચપરમેષ્ઠિની આશાતના અવજ્ઞા કરનાર જીવ નીચ ગોત્ર કર્મ બાંધે છે.

## અંતરાય કર્મ બંધ

**जिण पूआ - विग्घकरो, हिंसाइपरायणो जयइ विग्घं ।**
**इअ कम्म विवागोऽयं, लिहिओ देविंद - सूरीहिं ॥६१॥**

**ગાથાર્થ** – જિનપૂજામાં વિઘ્ન કરનાર, હિંસાદિ કાર્યોમાં પરાયણ એવો જીવ અંતરાય કર્મ બાંધે છે. આ 'કર્મ વિપાક' (નામનો ગ્રંથ) દેવેન્દ્રસૂરીએ લખ્યો છે.

કુદેશના દ્વારા અનંત ઉપકારી એવા જિનેશ્વર પરમાત્માની પૂજા-ભક્તિમાં અંતરાય કરવાથી તથા હિંસા, અસત્ય, ચોરી, મૈથુન અને પરિગ્રહાદિમાં આસક્ત જીવ અંતરાયકર્મને ઉપાર્જન કરે છે.

**'કર્મ-વિપાક'** નામનો આ પ્રથમ કર્મગ્રંથ શ્રીમદ્ દેવેન્દ્રસૂરીશ્વરજી મહારાજે લખ્યો છે.

સરળ-સહજ ભાષામાં લખતાં ક્યાંય જિનાજ્ઞા વિરુદ્ધ લખાયું હોય તો ત્રિવિધે - ત્રિવિધે **મિચ્છામિ દુક્કડં.**